કુમાર

સ્થાપક · સ્વ. રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક

વર્ષ ૫૫મું · અંક ૭મો · જુલાઇ · ૧૯૭૮
સળંગ અંક ૬૫૫

તંત્રી · બચુભાઈ રાવત



હેવાં · લીનોકટ : હંસા પટેલ (જુઓ આ અંકની 'કલાવાર્તા')



પ્રભાત

(વૂડકટ : હંસા પટેલ)

ચિત્રસર્જનમાં વૂડકટનું માધ્યમ સરળ નથી. એમાં કરવા ધારેલા ચિત્રને લાકડા પર અવળું કોરવાનું, પૂરી ચોકસાઈથી કાપ મૂકવાના, તેજ-છાયાના પલટા વિનાની એકસરખી રંગછાપમાં ચિત્રસંયોજનનું ઊંડાણ ઉતારવાનું વગેરે અનેક મુદ્દાઓને પહેલેથી વિચારી લઈને પછી જ હાથ અજમાવવાનો. એટલે છાયાચિત્ર ચીતરવા જેટલી સરળતા એમાં નથી. અને અહીં તો પીળા, લીલા ને કાળા રંગની જુદીજુદી ત્રણ છાપને એકબીજી સાથે મેળમાં બેસાડીને કામ કરેલું છે. ચિત્રવિષય સામાન્ય છે, પણ એની કલામય રજૂઆતમાં ચિત્રરચનાની કલાદૃષ્ટિની જેમ જ કલાકારે માધ્યમ પરની હથોટીનું કૌશલ પણ પ્રકટ કર્યું છે. કલાનાં આ વિદ્યાર્થિનીનો પરિચય આ અંકની 'કલાવાર્તા'માં આપ્યો છે.

કુમાર

જુલાઇ ૧૯૭૮ · અંક ૬૫૫

તંત્રી: બચુભાઈ રાવત — ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૮ યા પાઉન્ડ ૩ યા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

વાચકો લખે છે...

લેપાક્ષીનું સ્થળ અને અદ્ભુત સ્તંભ

'કુમાર' અંક ૬૪૮ (ડિસેમ્બર '૭૭)માં છપાએલા 'લેપાક્ષીનાં ભીંતચિત્રો' લેખમાં જણાવેલ અનંતપુર-હિંદુપુર-લેપાક્ષી જૂના મ્હૈસૂર રાજ્યમાં જ હતાં. ભાષાવાર રાજ્યોની પુનઃરચના થતાં, ભાષાની દૃષ્ટિએ તે હાલ આંધ્ર રાજ્યમાં છે. આપે આપેલ સ્થાન-દર્શક-નકશો જોતાં તે સરહદ વિસ્તારમાં આવેલાં છે. તે સ્પષ્ટ સમજાય છે.

'કુમાર' અંક ૬૫૦ (ફેબ્રુઆરી '૭૮)માં શ્રી કૃષ્ણકાન્ત ભ. મહેતાના પત્રમાં લેપાક્ષીના મંદિરમાં ક્યાંક 'લટકતા સ્તંભને નજરે નિહાળી, નીચેથી કાગળ પસાર કર્યાની' વાત નોંધાઈ છે. તેમને કાંઈ સ્થળભેદ તો થયો નથી ને? આ બાબતમાં તેઓ ચોક્કસ સ્થાન દર્શાવશે તો વાચકોને ઉપકારક નીવડશે.

મેં લેપાક્ષીનો પ્રવાસ નથી કર્યો, પરંતુ હું તાજેતરમાં જ દક્ષિણ ભારતનાં કેટલાંક કલાસ્થાનો જોઈ આવ્યો છું. મારા આ પ્રવાસ દરમિયાન કર્ણાટક રાજ્યના હાસન જિલ્લામાં આવેલ ઇતિહાસપ્રસિદ્ધ બેલુર-હળેબીડ પણ ગયો હતો. ભાઈશ્રી મહેતા લખે છે તેની વિગતને મળતો એક સ્તંભ મેં વિખ્યાત બેલુરના ચન્નકેશવ મંદિરના પ્રાંગણમાં જોયો છે. આ સ્તંભ મંદિરના ચોકમાં, એક બાજુ વિશાળ ચબૂતરો રચી, વચમાં ઊભો કરેલો છે. તે એક



જ પથ્થરમાંથી કોતરેલો છે. તેની ઊંચાઈ, તેના ભોમિયાના કહેવા મુજબ, ૫૫ થી ૬૦ ફીટની છે. આ સ્તંભ તેના મૂળમાંથી ઊખડી ગએલો, કે તૂટીને કોઈ કુદરતી આકસ્મિક કારણે તળિયાથી અલગ થઈ ગએલો દેખાય છે. આ તરડમાંથી પ્રકાશ રેખા દેખાય છે અને ભોમિયો– આગ્રહ કરીને કહેવાથી થોડીક મહેનતે, પાતળો કાગળ પસાર કરીને દેખાડે છે. આ મંદિરનાં શિલ્પો બેનમૂન ને ભારતીય શિલ્પ-સ્થાપત્યના અણમોલ ખજાના જેવાં છે.

આપને આનો સ્પષ્ટ ખયાલ આવે તે માટે તે સ્તંભનો મેં લીધેલો ફોટોગ્રાફ આ સાથે મોકલ્યો છે. તેમાં ચબૂતરો, સ્તંભ વગેરે દેખાય છે. આગળ ઊભેલા માનવ આકારોથી તેની ઊંચાઈ તથા વિશાળતાનો અણસાર આવશે. તેની પાછળ દેખાતું શિલ્પખચિત ગોપુરમ આ ચન્નકેશવ મંદિરનું પ્રવેશદ્વાર જ છે.

(અમદાવાદ) —ચંબકલાલ પટેલ

સ્કંદમૂર્તિ

ફેબ્રુઆરી અંકમાં સ્કંદમૂર્તિ રજૂ કરવા બદલ શ્રી એમ. ડી. વર્માને સ્વાગતમ્! ગુજરાતમાં પ્રાપ્ત શિલ્પો ઉપર લખાણું શરૂ થયું છે તે ખરે જ ઉષ્માપ્રેરક છે. આ પત્ર દ્વારા શ્રી વર્માના લખાણમાંના બે'ક મુદ્દા સ્પષ્ટ કરી, 'સ્કંદ' વિશે રજૂ થએલા નૂતન દૃષ્ટિકોણની રસપ્રદ માહિતી આપવા માગું છું:

શ્રી વર્માએ સ્કંદના મસ્તક ઉપર મુકુટને બદલે પાઘડી હોવાનું જણાવ્યું તે બરાબર નથી. એ બંધ જટા છે ને દેખાતા પાંચ આંટા જટાના છે. શામળાજીમાંથી પ્રાપ્ત બીજી ઘણી પ્રતિમાઓમાં આ જોઈ શકાય છે. જટાબંધ ઉપર, (ક્યારેક મુકુટ ઉપર પણ) મણિબંધ (એક જાતનો પટ્ટો) બાંધવામાં આવતો. અહીં એવા પટ્ટામાં વચ્ચે મયૂર હશે. જો કે ફોટામાં સ્પષ્ટ નથી.

શ્રી વર્માનાં મૂર્તિના સમય પરત્વે 'કેટલાક વિદ્વાનોના મતે આ શિલ્પ ૬ઠ્ઠી-૭મી સદીનું હોવા સંભવ છે, પરંતુ શિલ્પમાં છતું થતું આંતર દર્શન...કથોટી તેને ગુપ્ત સમયમાં મૂકવા પ્રેરે છે' વગેરે વિધાન અસ્પષ્ટ જણાય છે. આ મૂર્તિને ૬ઠ્ઠી-૭મીથી કોણે ને ક્યાં કહી તે સંદર્ભ આપવો ઘટે. ડૉ. ઉમાકાન્ત શાહે 'કુમાર' ૧૯૫૫માં શામળાજીની સ્કંદ મૂર્તિઓ પ્રસિદ્ધ કરેલી છે. એક સ્કંદમૂર્તિને પાંચમા સૈકાની જણાવી છે. એ મૂર્તિની તુલનામાં પ્રસ્તુત મૂર્તિને ૬ઠ્ઠી ૭મી સદીની જ ગણવાની રહે.

જોકે હમણાં મંદિર, મૂર્તિઓની જે નવી ઉપલબ્ધિઓ થઈ છે તેનાથી આખા દેશનાં મંદિર–મૂર્તિઓનો કાળ એકબે સદી આગળ લઈ જવાનો રહે છે. ગુજરાતમાં પ્રાપ્ત સૌથી પ્રાચીન સ્કંદમૂર્તિ કદાચ 'કુમાર' જુલાઈ ૧૯૭૧-માં મારા તરફથી પ્રસિદ્ધ થએલી ઢાંકની સ્કંદમૂર્તિ છે. જો કે નવી ઉપલબ્ધિની તુલનામાં એનો ફરી વિચાર કરવાનો રહે.

અસ્તુ. સ્કંદ વિષે જે રસિક વાત છે તે તો 'સ્કંદ' કેવી રીતે આવ્યો તે છે! સ્કંદના ઉલ્લેખો ઈ. સ.ની આજુબાજુથી પ્રાપ્ત થાય છે. ઈ. સ. ૧૦૬ના સમ્રાટ કનિષ્કના પૌત્ર હુવિષ્કના સિક્કાઓ ઉપર સ્કંદની આકૃતિ આપણને પ્રથમ જોવા મળે છે. ગુપ્ત વંશના રાજાઓ સ્કંદપૂજક હોય તેમ લાગે છે. કુમારગુપ્ત ૧લાની સુવર્ણમુદ્રાઓ ઉપર સ્કંદ છે. 'કુમારગુપ્ત', 'સ્કંદગુપ્ત' એવાં નામ પણ સ્કંદ ઉપરથી આવેલાં છે. પરંતુ અતિ રસિક મુદ્દો તો એ છે કે આ 'સ્કંદ' 'સિકન્દર' ઉપરથી આવેલો હોવાનું અનુમાન થાય છે! આપણો આ 'દેવનો સેનાપતિ', 'યોદ્ધો', 'લડવૈયો', 'સૈન્યને દોરનાર', 'વિજયપ્રસ્થાન કરનાર', 'ઍલેક્ઝાન્ડર ધ ગ્રેઈટના સિકંદર' એવાં નામ તથા ચારિત્ર્ય સાથે સંબંધ ધરાવતો નથી લાગતો? ન જાને!! હિંદુ પૌરાણિક કથાઓ અદ્ભુતતાનો ભંડાર છે. કેવી કેવી ઐતિહાસિક જાતિઓને દેવી બનાવી તેનાં શૌર્ય-શક્તિની આરાધના પ્રજાએ શરૂ કરી દીધેલી જણાય છે!

(પોરબંદર) —નરોત્તમ પલાણ

મુનસર તળાવ અને અન્ય મુદ્દા—૧

'કુમાર' ૬૪૪માં શ્રી મધુસૂદન ઢાંકીએ ઉપસ્થિત કરેલા મુદ્દાઓના સંદર્ભમાં થોડુંક:

(૧) અંક ૬૨૪માં બર્જેસનો આધાર લઈ તળાવ ને મંદિરોના કર્તૃત્વ અંગે જે મત દર્શાવ્યો હતો તે બદલી હવે શ્રી ઢાંકી 'આ મંદિરો સિદ્ધરાજકાલીન નહિ પણ વાઘેલાકાલીન ગણવા સામે વાંધો નથી' એમ દર્શાવી પૂર્વકથિત મારા મત સાથે સંમત થાય છે. એથી મુનસર સાથે મીનળદેવીની પ્રચલિત થએલી દંતકથા (જેને શ્રી ઢાંકી પહેલાં શ્રદ્ધેય માનતા હતા)નો હવે છેદ ઊડી જાય છે.

(૨) મેં 'એક જ જોડકાનું ચિત્ર રજૂ કરી તેને જ વીરમેશ્વર-સુમલેશ્વર ઘટાવેલું' એમ નોંધતાં શ્રી ઢાંકીએ અંક ૬૨૨માં પ્રસિદ્ધ થએલા મારા લઘુલેખને પુનઃ જોઈ જવો. એ લઘુલેખમાં 'શ્રી શાસ્ત્રીજીએ જે મંદિરોનો પત્તો લાગતો નથી' નોંધ્યું છે એમાંના એક મંદિરનું આ ચિત્ર છે' એમ સ્પષ્ટ રૂપે મેં દર્શાવ્યું છે.

(૩) સૂમલદેવી વીરમદેવની ભગિની હોવાનો કોઈ અભિલેખીય વા સાહિત્યિક ઉલ્લેખ પ્રાપ્ય હોય તો શ્રી ઢાંકી રજૂ કરે. જેમ કે ભીમદેવની રાણી લીલાદેવીનો શ્રદ્ધેય પુરાવો આપણી પાસે છે. (જુઓ: ગુ.. ઐ. લે. નં. ૧૬૦) સૂમલદેવી બે હોવાની સંભાવના પણ આ તબક્કે વિચારવી રહી.

સહવું એ ય— / દેવજી રા. મોઢા

•પૃથ્વી•

અરે! સરળ ચાલતા રથનું એક પૈડું ધરી
થકી છૂટું પડી ગયું! પથની મધ્ય ખાંગા જશો
ઊભો રથ રહી ગયો બની નકામ; કાં તો ખૂંપી
જવું અવ જમીનમાં અગર અશ્વમાં જ્યાં લગી
રહે બળ ત્યહીં લગી ઢસરડાઈ રૂહેવું પૂંઠે!

હયો હણુહણુંત આમ જલદી જશે ખોટકી
અશું ન'તું જ ચિંતવ્યું, ન'તું જ કલ્પિયું, આટલો
હશે દુ:ખદ અંતભાગ સુખી જિંદગીનો તમ–
વિચાર્યું પણ ના હતું: સમય ઠીક પ્હેલાં તમે
યુવા સુત વળાવી સ્વસ્થ હજી જ્યાં થતા આવતા,
હજી કળ વળંત જ્યાં પ્રથમ ઘાવની ત્યાં બીજો
પ્રહાર વિધિ-હસ્તનો શિર થયો: ભલે, ઝૂઝજો
હતાશ જીવિતે બન્યા વગર શ્વાસ છેલ્લા લગી
–ન માત્ર શ્વસવું, પરન્તુ સહવું ય એ જિંદગી!

* તંત્રીને ઉદ્દેશીને લખાએલું આશ્વાસન-સૉનેટ

ગુજરાત કલાસંઘ ચિત્રશાળા

આ સાથે એક ફોટોગ્રાફ મોકલું છું, જે સ્વ. રવિભાઈએ જાતે પાડેલો. ચિત્રશાળામાં ત્યારે અમે થોડા જ વિદ્યાર્થીઓ હતા, જેમાંના મુખ્ય આમાં આવી જાય છે. ગુજરાત કલાસંઘની અંતિમ સ્મૃતિ રૂપે આ ફોટો તે શ્રી કનુભાઈ દેસાઈ અને રસિકભાઈ પરીખથી શરૂ થએલ ચિત્રશાળાનું અંતિમ ગ્રૂપ; સમય ઈ. ૧૯૪૭–'૪૮.



પહેલી હાર ડાબી તરફથી—ચંદ્રશંકર રાવળ, દેવજીભાઈ વાજા, પ્રજાપતિ (નામ યાદ નથી); પાછળ ઊભેલા—એક મદ્રાસી, (નામ યાદ રહ્યું નથી) બાલકૃષ્ણ પટેલ ને નરેન્દ્ર (સી. નરેન).

(પોરબંદર) —દેવજીભાઈ વાજા

(૪) સં. ૧૨૯૫ના ભીમદેવ બીજાના તામ્રપત્રમાં આ ઉભય મંદિરોનો ઉલ્લેખ છે; અર્થાત્ વિ. સં. ૧૨૯૫ પૂર્વે આ મંદિરો ને તળાવ તૈયાર થઈ ગએલાં હતાં. વળી ત્યારે વીરમગામ નામ પ્રચલિત નહોતું, પણ ધૂસડી નામ જ ખ્યાલમાં હતું અને ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના મત મુજબ 'ધૂસડી પાસેનું વીરમગામ એના (વીરમદેવના) નામ પરથી વસ્યું જણાય છે' (ગુ. પ્રા. ઈ. પૃ. ૨૨૫). એથી ધૂસડીને સ્થાને વીરમગામ નામ ક્યારે અસ્તિત્વમાં આવ્યું તે પણ વિચારવા જેવું છે.

(૫) વસ્તુતઃ મુનસર પરના અભિલેખની વિજ્ઞપ્તિથી સ્વ. દુર્ગાશંકર શાસ્ત્રીના સૂમલદેવી ને વીરમદેવના બંધુભગિની વિષેના તર્કને સ્થાને ઇતિહાસની એક કડીનો સાચો ઉકેલ મળી રહે છે.

(વીરમગામ) —પ્રફુલ્લ જે. રાવલ

૨

છેલ્લા થોડા કાળથી 'કુમાર'માં ચાલતી ઇતિહાસ વિષયક ચર્ચાઓથી ખૂબ જાણવાનું મળે છે. સર્વશ્રી મધુસૂદન ઢાંકી, નરોત્તમ પલાણ, મોહનપુરી ગોસ્વામી તથા પ્રફુલ્લ રાવલની ચર્ચાઓથી આનંદ થાય છે. તથ્ય શોધવાની વૃત્તિ એમાં દેખાય છે. છેલ્લે ડિસેમ્બર અંકમાં શ્રી ઢાંકીએ મુનસર વિષે અગાઉ શ્રી નાથાલાલ મંડલી તથા શ્રી પ્રફુલ્લ રાવલે જે સારો પ્રકાશ પાડ્યો હતો તેની પ્રસંશા કરી થોડાક નવા મુદ્દાઓની ચર્ચા કરી છે. શ્રી રાવલની મૂળ નોંધ પૂરતો સંતોષ આપતી હોવા છતાં શ્રી ઢાંકીએ તર્કયુક્ત મુદ્દા સમાવ્યા છે તે વાંચી આશ્ચર્ય થાય છે. આ તબક્કે હું 'વીરમદેવ' વિષે આપણા ઇતિહાસકારો કેમ મૌન સેવે છે એ મુદ્દા પ્રતિ ધ્યાન દોરું છું.

ઇતિહાસકારો એ વિષે થોડોક પ્રકાશ ફેંકશે તો મારા જેવા જિજ્ઞાસુઓથી માંડી ઇતિહાસના જ્ઞાતાઓને પણ જાણવાનું મળશે. ગુજરાત વિષયક પ્રાપ્ત ઇતિહાસગ્રંથોમાં પણ વીરમદેવ વિષે અતિ અલ્પ માહિતી મળે છે. દંતકથાઓ વગર આપણા ઇતિહાસલેખકો લખે પણ શું? વીરમદેવ દંતકથાનું પાત્ર નથી એનો અફસોસ કરવો રહ્યો!

(અમદાવાદ) —ભૂપેન્દ્ર એન. ધોળકિયા

વિનોદની નજરે–૧

એપ્રિલ અંકમાં 'વિનોદની નજરે' માટે મારો પત્ર છાપવા બદલ આપનો આભાર. આપની ટીકા આશ્ચર્યસહ વાંચી. પત્ર લખવા પાછળ કોઈને ઉતારી પાડવાનો બદઇરાદો નહોતો. માત્ર મારો પ્રતિભાવ હતો. આપે તેને 'અશિષ્ટ પત્ર'નું બહુમાન આપ્યું!! અશિષ્ટનો અર્થ સાર્થ ગુજરાતી જોડણી કોશ પ્રમાણે ૧) શિષ્ટ નહિ એવું ૨) અસંસ્કારી અને ૩) ગ્રામ્ય થાય છે. આપે કયા સંદર્ભમાં આ 'અશિષ્ટ પત્ર'નું બહુમાન કર્યું તે સંદિગ્ધ છે. બીજો પ્રશ્ન છે મારા અહમ્ વિષેનો. બીજો પત્ર મેં લખ્યો તેમાં હું વિવેક ચૂક્યો તેવું કદાચ તમે ધાર્યું. તો હવે આપણે અરસપરસને કહેવાનું—જોકે મેં આપને નથી કહ્યું લેખકને કહ્યું છે—બંધ કરી આ પ્રશ્ન વાચકો પર છોડીએ તો? વાચકોના મંતવ્ય લઈ જોવા મારી નમ્ર વિનંતી છે. 'કુમાર'ના જાગ્રત વાચકો જ સાબિત કરશે કે મારા જણાવેલા મુદ્દા સાચા છે કે આપનું આરોપનામું. મારી ફેલોશિપ સાથે આપે આ વાત સાંકળી તે શું યોગ્ય છે?

(અમદાવાદ) —ચૈતન્ય દવે

૨

એપ્રિલ અંકમાં શ્રી ચૈતન્ય દવેના 'વિનોદની નજરે' અંગેના બે પત્રો વાંચતાં એવું લાગ્યું કે શ્રી દવેને 'કુમાર' અચાનક, અનાયાસે અને પ્રથમવાર જ હાથમાં આવી ચડ્યું હોવું જોઈએ, કારણ કે શ્રી વિનોદ ભટ્ટને એક વખત આ માટે જ 'કુમાર ચંદ્રક' એનાયત થઈ ગયો છે અને અત્રે એ યાદ રાખવું જરૂરી છે કે 'કુમાર ચંદ્રક'ના નિર્ણાયકો શ્રી ચૈતન્ય દવે કરતાં અનેક રીતે વધુ વિદ્વાન છે.

એમનો બીજો અશિષ્ટ પત્ર વિચિત્ર મનોવૃત્તિથી લખાએલો છે. 'મારો પત્ર છાપવાનું સૌજન્ય તમે દાખવી ન શક્યા' અને 'મને પ્રત્યુત્તર પણ ન આપી શક્યા' એવાં એમનાં વાક્યોથી એમને પોતાનો પત્ર છપાય એની કેટલી તીવ્ર ઇચ્છા હતી તે દર્શાવે છે.

વળી છતાં લખે છે : 'મારો પત્ર છાપો કે નહિ તે મારા માટે લેશમાત્ર મહત્ત્વ ધરાવતું નથી.'

આવાં પરસ્પરવિરોધી વલણ ધરાવતા મહાશય વિષે શું કહેવું?

(પાનેલી મોટી) —જનક ત્રિવેદી

૩

આ વખતે 'વાચકો લખે છે' વિભાગમાં ભાઈ શ્રી ચૈતન્ય દવેનો પત્ર વાંચી અત્યંત દુઃખ થયું. આઘાત એટલા માટે લાગ્યો કે એમના જેવા સંસ્કારી વ્યવસાયમાં જોડાએલાને હાસ્યરસ એટલે શું તેનો ખયાલ નથી આવતો. 'વિનોદની નજરે' વ્યક્તિના વ્યક્તિત્વને રમૂજવૃત્તિથી છતું કરે છે. અતિશયોક્તિ અને કટાક્ષ હાસ્યરસનાં પ્રાણભૂત તત્ત્વો છે. સંસ્કારિતા અને નાગરિકોના ઘડતરની અપેક્ષા રાખતા ચૈતન્યભાઈ ભૂલી જાય છે કે હાસ્યરસનો તેજાબ કાટ–મેલ દૂર કરી ઊજળી બાજુ પ્રત્યે અંગુલિનિર્દેશ કરતો હોય છે. કટાક્ષ, મશ્કરી અને અવળવાણી તો તેમાં આવે જ. ભાઈ વિનોદની દૃષ્ટિમાં ઝડપાતા વ્યક્તિત્વનું પ્રતિબિંબ વાંકદેખી નજરનું નથી પણ હળવી રીતે વ્યક્તિની ખાસિયતો દર્શાવતું હોય છે. કોઈ સંપૂર્ણ નથી એટલે ગુણદર્શન સાથે દોષ આવે તેમાં નવાઈ નથી.

આપણા હાસ્યરસના સાહિત્યમાં વિપુલતાની જે ખોટ છે તે આવી હારમાળાથી પુરાય છે.

(અમદાવાદ) —સુસ્મિતા મ્હેડ

૪

'કુમાર'માં આવતી શ્રી વિનોદ ભટ્ટની લેખમાળામાં આ વખતે શ્રી નીરુભાઈ દેસાઈની જીવનરેખા આંકવામાં આવી છે તે વાંચી દુઃખ થાય છે. વિનોદભાઈને નીરુભાઇને આટલી હદે હલકા પાડવાનું શું સૂઝ્યું? એમાં એમણે વાક્યે વાક્યે નીરુભાઈની ફીરકી ઉતારી હોય એમ જણાય છે, આના કરતાં એમની જીવનરેખા આંકી ના હોત તો તે વધારે ઉચિત ગણાત. જીવનની બે બાજુમાંથી કેટલુંક યોગ્ય દર્શાવ્યું હોત તો તો ઠીક ગણાત. એને બદલે એક જ બાજુ એમણે એવી ચીતરી છે કે સૂગ આવે છે. છેલ્લે છેલ્લે ઈન્દુચાચાની સરખામણીમાં છેક છેલ્લી કોટિમાં મૂકીને એમની મશ્કરી જ કરી છે.

'કુમાર' જે આવતી કાલના યુવાનોનું ઘડતર કરવાનું અભિમાન લઈ શકે છે તે આવું બધું નિભાવી લે છે તેનું વળી ઓર દુઃખ થાય છે.

આ લેખમાળામાં જે ચિતરામણ થાય છે તેમાં આ વખતે તો આડો આંક આવ્યો છે. તટસ્થ રીતે વિચારનારને તો આ નહિ જ રુચે. પણ જરૂર ઘણાના મનમાં ઘૃણા થઈ હશે.

રઘુવીર ચૌધરી, લાભશંકર ઠાકર કે બીજા કોઈની જીવનરેખા આટલી હદે સૂગ ચડે તેમ ચીતરી હોત તો એમણે આવું નિભાવી લીધું હોત? જીવાતા જીવનનાં બે પાસાંમાં બધું સ્વચ્છ કે સુઘડ ના પણ હોય. અને તો જ તો આ મનુષ્યજીવન છે. દરેકના જીવનનાં બે મન જીવતાં પડેલાં હોય છે અને છતાંય વ્યાવહારિક જીવનમાં આ બધું નિભાવાય છે. વિનોદભાઈએ તો આમાં ખગ વાળ્યો છે.

(સાંતાક્રૂઝ, મુંબાઈ) —સુખલાલ બી. શાહ

૫

એપ્રિલના 'કુમાર'માં 'વિનોદની નજરે' નામની શ્રેણીમાં નીરુભાઈ દેસાઈ વિષે કંઈક લખીને વેડફેલાં અઢી પાનાં પણ મને અંક સાથે મળ્યાં છે તેની પહોંચ લખું છું.

માંડમાંડ સાઈકલનાં પેડલ લાગતાં હોય એવી શૈલીમાં લખાએલા અને ખૂણેખાંચરે વસતી વ્યક્તિઓના પરિચયો માટે મેં 'કુમાર'નું લવાજમ ભર્યું નથી. આગળ કોઈ એક કપાસી વિષે પણ કંઈક લખ્યું હતું.

નથી શૈલીમાં કંઈ–ને વળી નીરુભાઈ દેસાઈને અને મારે કંઈ લાગેવળગે નહિ. એમના દાંત મોટા છે તે તેમના ફોટા પરથી જાણ્યું. પણ એમનું જીવન જાણવા માટે 'કુમાર' લેવું નથી

વિનોદને બહુ જ્ઞાન હોય તો વિશ્વની નામાંકિત વ્યક્તિઓ ચર્ચિલ, નિક્સન રાધાકૃષ્ણ વગેરે વિષે–અને આવડત હોય તો તાઝગીભરી શૈલીમાં પરિચય કરાવે. બાકી માણેકચોકમાં ચાલતા માણસને અમારા પર ઠોકી ન બેસાડશો.

બધાં જેને મુંબઈ કહે છે તેને માટે આજે પણ 'મુંબાઈ' લખવાનો અને જોડણીશુદ્ધ ગુજરાતી ભાષાનો આગ્રહ રાખતા 'કુમાર'માં વિનોદ હોલસેલ અંગ્રેજી ભાષા ઘુસ કરી નાખે છે તેનો ખયાલ આપને ન હોય તો તે તરફ ધ્યાન ખેંચુ છું (એફર્ટ કરે છે. પણ જોક્સ બેઝીકલી બે રિંગ હોય છે.)

વિનોદ આંખ બંધ કરે છે અને આ શ્રેણી બંધ થાય છે તેવા શુભ સમાચાર જલદીથી આપશો. ફાજલ પડેલાં એ અઢી ત્રણ પાનાંમાં શું આપવું તે પ્રશ્ન તો આપને નહિ જ પડે તેમ માનું છું વાચકોના પત્રો, વિવિધ લેખકોની કૃતિઓ આપશો તો વાચકોનું હિત થશે, ગુજરાતી ભાષાનું હિત થશે, (એક નવો કવિ જડી આવશે, બચુભાઈ) 'કુમાર'નું હિત થશે, વિનોદનું હિત થશે અને 'નીરુભાઈઓ'નું તો હિત થશે જ.

(મુંબાઈ) –ભૂપત નાનસી

[*આપને કદાચ ખબર નથી લાગતી કે શ્રી નીરુભાઈ ગુજરાતની એક નામાંકિત વ્યક્તિ છે.]

૬

રઘુવીર ચૌધરીની વ્યંગ્યોક્તિ અંગે કોઈ વાર 'એ ઈન્ડીસન્ટ કે રસ્ટિક–ગ્રામ્ય લાગે છે' એવી ટીકા કર્યા બાદ, પોતે જેને રસ્ટિક માન્યું એવું રઘુવીરનું લખાણ વિનોદ ભટ્ટ 'કુમાર'ના અંક ૬૫૧માં ફરી રજૂ કરે છે ત્યારે આ બેમાં એકલા રઘુવીરને જ રસ્ટિક ગણવા?

વળી, ગુજરાતના સાહિત્યકારો, અમારા સંસ્કાર-સ્વામીઓ, એકમેકને સંબોધવામાં ગૌરવ સમજતા હશે પણ 'કુમાર' જેવા સામયિકમાં કોઈ ત્રીજા લેખકનો તુંકારે ઉલ્લેખ થાય—'રઘુવીરે તેને મુશ્કેલીમાં જોયો કે તરત તેને નોકરી અપાવી'—તે વાચકોને તો કઠે જ. સાહિત્યસ્વામીઓ જેવી સંસ્કારિતા સુરુચિ હજુ સામાન્ય વાચકોમાં પ્રગટી નથી ને, તેથી એમ થતું હશે, કદાચ.

આવાં લખાણો અંગે તંત્રીની કોઈ ફરજ ખરી કે નહિ?

(નવસારી) —આર. બી. દેસાઈ

૭

કુમારમાં 'વાચકો લખે છે' વિભાગમાં ચંપકભાઇનો પત્ર વાંચીને કંઈક લખવા વિચાર્યું હતું, તેમાં આ વખતના ચૈતન્ય દવેના પત્રોએ બળ પૂર્યું છે. શિષ્ટ સાહિત્ય વિષેની આપણી ગેરસમજ ઘણી વ્યાપક છે.

રહસ્યકથાઓમાંની ઘણી બધી એટલી નિમ્ન સ્તરની શૈલીમાં લખાએલી હોય છે કે એમને શિષ્ટ સાહિત્ય કહેતાં અચકાવું પડે. પણ 'કુમાર'માં પ્રગટ થતી રહસ્યકથાઓ કેટલી બધી જુદી છે તે સમજવા પ્રયત્ન કરીને એ રીતે પોતાની રુચિને સંમાર્જિત કરવા તૈયાર હોય તો જ ચંપકભાઇને સાચો દૃષ્ટિકોણ પ્રાપ્ત થશે.

વિનોદનાં હળવી શૈલીનાં વ્યક્તિચિત્રો દ્વારા પણ 'કુમાર' ગુજરાની સાહિત્યને એક નવી દિશા ખોલી આપે છે. વ્યક્તિચિત્રમાં માત્ર ગુણગાન થાય, ને લેખક પોતાના જ પુસ્તકના ફ્લૅપ પર છપાવે એવું બધું લખવાની આપણી પરંપરા છે. એ કંઈ સ્વસ્થ નથી વ્યક્તિની કોઈ માનવીય ઊણપને પણ હળવાશથી રજૂ કરી શકાય છે. કુથલી અને આવી હળવી રજૂઆત વચ્ચે ભેદરેખા દોરતાં શીખવું જોઈએ. ભાઈ ચૈતન્ય દવેને રમૂજનો અભાવ લાગ્યો એમાં સાહિત્યપ્રકારની ગેરસમજ પણ ભાગ ભજવે છે. આ વ્યક્તિચિત્રોને રમૂજી હાસ્યલેખો તરીકે વાંચી જ ન શકાય. છાપાની કૉલમ માટે લખાય અને 'કુમાર' માટે લખાય એમાં એ જ તો ફેર છે ત્યારે! ગુજરાતને આવાં વ્યક્તિચિત્રો આપવા માટે વિનોદ ને 'કુમાર' બંનેને અમારાં અભિનંદન!

—હરીશ 'મીનાશ્રુ',

(આણંદ) —રાજન્દ્રસિંહ જાડેજા

(અનુસંધાન પૃષ્ઠ ૨૫૬)

વતનની એક વનનદી સાંભરી આવતાં / જયન્ત પાઠક

· શિખરિણી-સૉનેટ ·

સ્મરું છું, સ્વપ્નોમાં નીરખું ય તને હે વનનદી!
પહાડોમાં ઊંડે સ્રવતું જલ ટીપું ટીપું કરી
થતું ભેગું; આડા ઉપલ વટતું ઉગ્ર ગતિએ;
ફીણોને લીસોટે ધવલ લિપિમાં ગીત લખતું;
વિરામે થોડું કૈં પથર વચમાં પલ્વલ રચી;
શીળું થૈને વ્હેતું તટતરુની છાયા ખચિતથી.

પછી તો મેદાને ઊતરતી તું ઊંડી ઊંડી જતી
ઊભા કાંઠાઓને ખણીખણી કંઈ કોતર રચી,
રચી રેતીના કૈં પટ, દ્વીપ કચહીં વૃક્ષ, હરિત
ઘડાતી ઘાટોમાં, વીંટળાઈ જતી ગામ ફરતી
તું ન્હેરો-નીકોમાં પથરાઈ જતી ખેતર સુધી
અને ચોમાસામાં ઊછળી નભને મેલું કરતી.

સ્મરું છું, સ્વપ્નોમાં નીરખું છું તને, હે વનનદી!
ન તારે કે મારે ઉગમ ભણી વ્હેવું અવ કદી.

આનંદસભર / જશવંત લ. દેસાઈ

· શિખરિણી - સૉનેટ ·

ખરી જામી હેલી, ગહન નભ ઊંડાણમહીંથી
ધસી આવ્યા મેઘો, ભરીભરી પીઠે ભારી મશક,
મચી સ્પર્ધા, વારાફરતી નહિ, ભેગા જ વરસ્યા,
ધરા કાજે જાણે ધન સકલ શું તીવ્ર તરસ્યા!

બધે વારિ કેરી નીરખી રહું હું રેલ, જલ ને
સ્થળોની ભૂંસાઈ સરહદ, કહીં કો શિખરથી
વહી આવ્યા ધોધો ઊછળી ઊછળી, બેટ નદીએ
પ્રગાઢા આશ્લેષે ઘડી કરી લીધો ગેબ નિજમાં;

હવે ધીરે ધીરે હરતું બધું, કો જાદુગર શું
લીલા લે સંકેલી, પણ હજી ય રોમાંચ, ઝરણાં
લઈ વ્હેતાં, જાણે હજી ય વરસે ઝર્મર ઝીણી,
તરુપર્ણો ભીનાં, ભમતી હજી ભીની ભીની હવા;

અને વર્ષા પીને હૃદય મુજ આનંદસભર
ડહેકે જાણે કો ભરચક ભરેલું સરવર!

પીઠીઆળી પરમાર્થનું ગીત

મનહર જાની

સૂરજ સૂરજ રમતાં વાગ્યો અંધારાનો કાંટો રે જી!
ફાગણવંતા પડછાયાનો બાંધ્યો અમને પાટો રે જી!

સોળ વરસની પાનીમાં કંકુની કૂંપળ ફૂટી રે જી!
અમે ઊંઘમાં સૂંઘી બેઠાં ફૂલપરીની બૂટી રે જી!

સાવ કુંવારી હથેળિયું મેંદીની ફડશે ઊગી રે જી!
કોયલ થઈને આંગળિયું આંબાની ડાળે પૂગી રે જી!

અમે અમારે થાનોલે થડકાના પોપટ મેલ્યા રે જી!
આલાં-લીલાં પૂર અમારી અડખે-પડખે રેલ્યાં રે જી!

મીંઢળબંધાં શમણાં પ્હેરી અવસર ઢબૂક્યા ફળિયે રે જી!
પીઠીવરણો જીવ થરકતો ઘરચોળાને તળિયે રે જી!

અલ્લા લા બેલી / ગની દહીંવાળા

· ગઝલ ·

કદી ધીંગાણે ધખ્યું હશે આ પાદર અલ્લા લા બેલી;
ઊભા પાળિયા ઓઢી ધૂળની ચાદર અલ્લા લા બેલી.

કાન ધર્યા, કે પાન ખરે એમ ખરશે અહીં તો કથની,
વાત માંડશે હમણાં ઝાડી-ઝાંખર અલ્લા લા બેલી.

ઊડતી ધૂળે ઝાંય સાચવી રાખી ભૂખરી-રાતી,
સિંદૂરી-તોખાર અહીંના પથ્થર અલ્લા લા બેલી.

અક્ષત-કુંકુમ રહ્યાં હશે કંઈ બાઝી કપાયલ માથે,
આદર કરતા ઊભા હશે કંઈ અવસર અલ્લા લા બેલી.

અહીં પરકમ્મા, દોરા-ધાગા પગલાં, થડ પીપળનું,
ફેરા ફરતો કાળ અવલ, ને આખર અલ્લા લા બેલી.

આ ધરતી ને ગગન કહો તો ચાલે, સુનકારોનું,
પંખ પસારી ઊડતા ખેખર-ગોખર અલ્લા લા બેલી.

'ગની' અહીં સાવધતા સો સો ગાઉ રહી છે છેટી,
ખૂબ લહ્યા! અહીં થાક ઉતારો પળભર અલ્લા લા બેલી.

◐ વતનની એક વનનદી સાંભરી આવતાં: પ્રકૃતિપ્રેમના આ સૉનેટમાં અંતે પહોંચતાં ચિંતનનો વળ અપાયો છે કે જેમ ઝરણમાંથી વનનદી થઈ આગળ વધવાનું છે તેવું જ છે કાવ્યનાયકની જીવનસરિતાનું. હવે એ બન્નેને ઊગમસ્થાન ભણી વળવાની કોઈ તક રહી નથી! પ્રથમ બન્ને કડીમાં વનનદીની ગતિસ્થિતિનાં સુંદર શબ્દચિત્રો આલેખાયાં છે: ઉપલ (શિલા) વટાવતું, ધવલ ફીણની લિપિ રચતું, પથ્થરની વચમાં નીલાં નીરથી પલ્વલ સરીખું લાગતું ઝરણું! ચોમાસામાં તો ઊછળતો એ નદપ્રવાહ જાણે નભને ય મેલું કરી મૂકે છે એ કલ્પનાનાવીન્ય આસ્વાદ્ય છે ◐ આનંદસભર: વર્ષાની પ્રકૃતિની કાવ્યનાયકની હૃદયભૂ પર થએલી અસરને સુચારુ અભિવ્યક્તિ આપતું આ સૉનેટ એની પ્રાસાદિક બાનીથી સ્વયંસ્પષ્ટ જ છે. મેઘોને મશક ભરીને આવેલા કહી સજીવારોપણ દ્વારા ગોરંભાએલા ગગનનું દૃબહૂ ચિત્ર આલેખાયું છે. અને એ મેઘ જાણે સકલ સાથે જ તૂટી પડયા! પરિણામ? જળ અને સ્થળની ભેદરેખા ભૂંસાઈ ગઈ! સર્વત્ર જલબંબાકાર! ને પછી 'કો જાદુગર' પોતાની લીલા સંકેલી લે તેમ આ વારિલીલા સંકેલાઈ ગઈ. અને વર્ષા પછીનું ભેજભર્યું-હેજભર્યું વાતાવરણ ત્રીજા ચતુષ્કમાં વર્ણવાયું છે તે માણો. બહાર તો વર્ષા સમેટાઈ ગઈ, પણ એની પ્રગાઢ અસરે જાણે હૃદયસરવર છલકી ઊઠયું તેને સૉનેટના અંતે ઉચિત પલટા સાથે 'ડહેકે' કહીને કવિએ એનો મૂક ઘેરો નાદ આબાદ રીતે સ્ફુટ કરી દીધો છે. ◐ પીઠીઆળી પરમાર્થનું ગીત; પીઠી એ લગ્નોત્સુકતાનાં ભાવિ અરમાનોનું અને આનંદનું પ્રતીક છે. એવી કોડભરી કન્યાની મીઠી મૂંઝવણનું આ છે લયપ્રવાહી ગીત. અભિવ્યક્તિ અને કલ્પનાના નાવીન્યને લીધે એ સચોટ અને સરસ બની રહે છે. 'સૂરજ સૂરજ રમતાં' 'અંધારાનો કાંટો' વાગવાથી માંડી અંત સુધીની કલ્પનાઓ અને તેનું નાવીન્ય કલાસાધક બની શકયું લાગશે. ◐ અલ્લા લા બેલી: ગામનું પાદર જોઈને આવતા વિચારોનું આ ગાન તો સ્વયંસ્પષ્ટ છે. —ધી. પ.

વિસ્મરણશક્તિ

બહાદુરશાહ પંડિત

ચોમાસાના દિવસો હતા. બે સાધુઓ એક મોટા તીર્થધામ પ્રતિ જતા હતા. એક સાધુ વૃદ્ધ હતો, બીજો યુવાન. માર્ગમાં નદી આવી. નદીના કિનારે એક યુવાન સ્ત્રી ઊભેલી. સ્ત્રીએ કહ્યું: 'મહારાજ મારે પણ સામે કિનારે જવું છે. મને જરા મદદ કરશો?' યુવાન સાધુએ કહ્યું: 'હા, ચાલો.'

ત્રણે નદીમાં ચાલવા લાગ્યાં. થોડે જતાં પ્રવાહનો વેગ વધ્યો એટલે પેલી યુવતી ગભરાવા લાગી. યુવાન સાધુએ એનો હાથ પકડી લીધો આગળ ચાલતાં પાણી વધવા લાગ્યું યુવાન સાધુએ યુવતીને પોતાના ખભા પર બેસાડી દીધી અને ત્રણે જણ નદી પાર કરી ગયાં.

બંને તીર્થધામે પહોંચ્યા એટલે વૃદ્ધે યુવાનને કહ્યું: 'તારે હવે પ્રાયશ્ચિત કરવું પડશે'

'શાનું પ્રાયશ્ચિત્ત?' યુવાન સાધુએ પૂછ્યું:

'કેમ, રસ્તામાં પેલી યુવતીને નદી પાર કરાવવા માટે તેં તેડી નહોતી લીધી?'

'ઓહોહો', યુવાન સાધુએ કહ્યું: 'હજી એ યુવતી તમારા ખભેથી ઊતરી નથી? મેં તો એને નદી કિનારે ઉતારી દીધી હતી. તમે એને છેક અહીં મંદિર સુધી ઊપાડી લાવ્યા?!'

ભૂતકાળનો કેટલો બધો વ્યર્થ બોજો આપણે ખભે ઉપાડીને ફર્યા કરીએ છીએ! બધી જ વાતો યાદ રાખવી એ સારી સ્મરણશક્તિની નિશાની નથી. એક વિચારકે કહ્યું છે કે 'ગઈ કાલે બનેલી ચિંતાજનક ઘટના જે ભૂલી જાય છે તેની યાદશક્તિ ઉત્તમ કહેવાય.'

એક ઝેન કથા છે: એક શિષ્ય એક વિખ્યાત ગુરુના આશ્રમમાં જ્ઞાન મેળવવા ગયો. શિષ્ય ગુરુની પર્ણકુટિમાં પ્રવેશીને એમને પગે લાગ્યો એટલે ગુરુએ પૂછ્યું: 'બેટા, તું તારાં પગરખાં ક્યાં મૂકીને આવ્યો?'

'ગુરુજી, મેં એ પર્ણકુટિની જમણી બાજુના ખૂણે દીવાલથી દોઢ ફૂટ દૂર મૂક્યાં છે.'

'બેટા, તું જેવો આવ્યો છે'—ગુરુએ કહ્યું: 'એવો જ પાછો જા. ભૂતકાળની વાતો જે આટલી બધી ઝીણવટથી મનમાં ભરી રાખે એ કદી આત્મસાક્ષાત્કાર કરી શકે નહિ.'

યાદ રાખવું એ શક્તિ છે, તો ભૂલી જવું એ પણ કંઈ હમેશાં નબળાઈ નથી. ઘણી વાર ભૂલી જવું એ નબળાઈ કે કુટેવના બદલે સદ્ગુણ બની જાય છે. કોઈએ કરેલા અપમાનની યાદ સહજરીતે સરી જાય, કોઈએ કરેલા દગા કે છેતરપિંડીની વાત અલ્પ સમયમાં ભુલાઈ જાય તો એ વિસ્મરણ એક તાકાત બની જાય છે, એક સદ્ગુણ બની જાય છે. આત્મસાધનાનું એક સોપાન બની જાય છે.

સવારે ઑફિસે જતાં પેલા કંજૂસ પાડોશી માટે બસની ટિકિટ લેવી પડી હતી એ શું યાદ રાખીને હૃદય બાળવા જેટલી મહત્ત્વની બાબત છે? બપોરે ઑફિસના સહકાર્યકર સાથે શા સારુ બોલાઈ ગયું એ વાત યાદ રાખી જ્ઞાનતંતુને તંગ રાખવા જરૂરી છે?

સારુ ફર્નિચર વસાવનારને જેમ ઘરનો જૂનો સરસામાન કાઢી નાખવો પડે છે એમ શુભ સ્મરણો સંઘરી રાખવા માટે નકામી કેટલીયે વાતો ભૂલી જવી જરૂરી છે. લોભી માણસ જૂનું ફર્નિચર સંઘરી રાખી જેમ ઘરને વખાર બનાવી દે છે એમ મન પણ નકામી વાતો સંઘરી રાખવાથી દુર્ગંધથી ગંધાઈ ઊઠે છે.

જેમ નકામી કે નમાલી વાતો ભૂલી જવી એ સ્મરણશક્તિ પરનો બોજો ઘટાડવા માટેનું સત્કાર્ય છે, એમ કોઈને કરેલી મદદ, કોઈને આપેલું દાન કે કોઈના પર કરેલો ઉપકાર ભૂલી જવો એ ઉદારતાનું લક્ષણ છે, મહત્તા પ્રાપ્ત કરવાનું પગથિયું છે.

ચિલન લખે છે: 'If you confer a benefit, never remember it, if you receive one, never forget it.' કોઈના પર ઉપકાર કરો તો એ કદી યાદ ન રાખશો. કોઈ તમારા પર ઉપકાર કરે તો એ કદી ભૂલશો મા.'

માણસની યાદશક્તિ એ ઈશ્વરે એને આપેલી અદ્ભુત ચીજ છે. એ યાદ રાખવા જેવી અનેક બાબતો તરત જ ભૂલી જાય છે અને નકામી અનેક બાબતો યાદ રાખી મનને બેચેન બનાવે છે. યાદશક્તિ માટે ફ્રેન્સ ફ્રૅંકલિન લખે છે: 'આપણી યાદશક્તિ કેટલી બધી સારી છે એનો ખયાલ તો ત્યારે જ આવે છે કે જ્યારે આપણે કશુંક ભૂલી જવાની કોશિશ કરતા હોઈએ.'

ભૂલી જવાની આ કોશિશ એ આપણી સારી યાદશક્તિની પારાશીશી છે. જે ભૂલવા જેવું છે તે સહજપણે ભૂલી જવાય અને યાદ રાખવા જેવું કુદરતીરીતેયાદરહેએ આદર્શ સ્મરણશક્તિ.

જેને સતત યાદ રાખવા જેવો છે એ પરમાત્માને આપણે ભૂલી જઈએ છીએ અને રોજનાં દુન્યવી કામો કાળજીપૂર્વક યાદ રાખીએ છીએ! એથી જ આપણે હમેશાં ભયભીત દશામાં, તંગદિલીમાં અને ચિંતામાં જીવીએ છીએ.

પરમ કર્તવ્ય યાદ રહે અને નકામાં કામો ભૂલી જવાય એવી સ્મરણશક્તિ માટે આપણે સાધના કરવી જોઈએ. □

નવો શોધાએલો અમેરિકા ખંડ પશ્ચિમવાસીઓને માટે ખુલ્લો થયા પછી યુરોપની અનેક પ્રજાઓ ત્યાં જઈ વસવા માંડી. એ કુંવારી ભૂમિમાં જાતજાતનાં વાવેતરો ઊભાં કરી તેમણે એને ફળદ્રુપ બનાવી. પણ એ માટે જોઈતો પરિશ્રમ જાતે કરવાને બદલે એમણે ગુલામો મારફત તે કરાવવા માંડેલો દુનિયામાં ગુલામોનો વેપાર ત્યારે ધમધોકાર ચાલતો, એટલે અમેરિકાના એ નવા વસાહતીઓને ગુલામોની ખોટ કોઈ દિવસ ન નડતી. ઇંગ્લૅન્ડ સામે લડી આ નવા ખંડના વસાહતીઓએ પોતાની આઝાદી તો હાંસલ કરી, પણ પોતાના જેવી જ આઝાદીનો હક આ હબશી ગુલામોને પણ હોવાનું સ્વીકારવા તે તૈયાર ન હતા. ગુલામોને તેઓ પશુ તુલ્ય જ ગણતા. પશુઓના જેવું અને પશુઓની જેમ જ તેમની સાથે વર્તતા.

પણ મૂળ જે અંગ્રેજોએ અમેરિકા જઈ 'ન્યૂ ઇંગ્લૅન્ડ' વસાવેલું તેઓ ધર્મિષ્ઠ વૃત્તિના હતા, એમના અનુગામીઓ જેવા કેવળ વૈશ્ય વૃત્તિના નહોતા. તેમને માનવે માનવ પર લાદવા માંડેલી આ ગુલામી ખૂંચતી ને તેનો વિરોધ પણ કરતા. ધીમેધીમે 'યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકા' તરીકે વિકસતા ગએલા આ રાષ્ટ્રમાં ગુલામી વિરોધી માનસ કેળવાવા લાગ્યું. પણ તે ઉત્તરનાં રાજ્યો પૂરતું જ મર્યાદિત રહ્યું, કારણ દક્ષિણનાં રાજ્યો તો ગુલામી પ્રથાનું ઊલટું વધુ સમર્થન કરવા માંડેલાં. પરિણામે રાષ્ટ્રમાં સંયુક્ત રાજ્યોના ચોખ્ખા બે ભાગ પડી ગએલા: ફ્રી સ્ટેટ્સ એટલે કે ગુલામી પ્રથાનાં વિરોધી રાજ્યો, ને સ્લેઈવ સ્ટેઈટ્સ એટલે કે એ પ્રથાનાં તરફદાર રાજ્યો. એમાં કેન્દ્રીય સત્તા એ પ્રથાના તરફદારોના હાથમાં જતાં એવો કાયદો પસાર કરવામાં આવ્યો કે, કોઈ પણ ગુલામ તેના માલિકના કબજામાંથી નાસી છૂટે તો તેને એ માટે પ્રેરનાર કે આશ્રય આપનારને કડક સજા સાથે તે ગુલામ તેના માલિકને પાછો સોંપવો. એમર્સન અને થૉરો જેવા માનવતાના હિમાયતીઓ આ કાયદાથી કકળી ઊઠેલા, અને એમર્સને તો એટલે સુધી લખેલું કે, કોઈ પણ વ્યક્તિ સજ્જન મટી જઈ પોતાના સ્વમાનને ભોગે જ આ કાયદો માન્ય રાખી શકે. પરંતુ ત્યારના શાસકો પર તેની કશી જ અસર થવા ન પામી ઊલટું સેનેટર ડગલાસે એવો ખરડો પસાર કરાવ્યો કે ગુલામીનો પ્રશ્ન સ્થાનિક મતદાન પર છોડી દેવો. આ ખરડો પસાર થતાં ગુલામીની નાબૂદીને માટે અવકાશ જ ન રહ્યો, કારણ કેન્દ્રીય સત્તાને પછી આ બાબતમાં કશો હસ્તક્ષેપ કરવાનો અવકાશ જ રહેવા ન પામ્યો.

કૅન્સાસનો પ્રદેશ એ વખતે વિકસતો જતો

પોતાનાં બાવડાંના બળે ગુલામી સામે બહારવટે ચડનાર એકાકી વીર જે અમેરિકન લોકસાહિત્યમાં અમર થઈ ગયો છે.

જૉન બ્રાઉન

લેખક
અશોક હર્ષ



હોઈ દક્ષિણના ઘણા લોકો ત્યાંની જમીનમાં હિસ્સો પડાવવા ત્યાં જવા લાગ્યા. તેઓ ત્યાંના સ્થાનિક રાજકારણમાં માથું મારી ચૂંટણી સાથે પણ ચેડાં કરવા માંડેલા. આમ ઉત્તર અને દક્ષિણના પરસ્પર વિરોધી માનસનું ત્યાં મિલન થતાં ઘર્ષણ અનિવાર્ય હતું. આ ઘર્ષણ લગભગ આંતરવિગ્રહને આરે પહોંચ્યું અને એ નવવિકસિત ભૂમિ 'રક્તરંજિત કૅન્સાસ' તરીકે ઓળખાવા લાગી. આગ, રમખાણ ને કત્લેઆમ ત્યાંના રોજિંદા બનાવો થઈ પડ્યા.

અને એ જ અરસામાં અમેરિકામાં એક માનવતાવાદી એવો જાગ્યો, જે ગુલામીનું માનવજાત પરનું કલંક હમેશ માટે મિટાવી દેવા માટે પોતાનું સર્વસ્વ હોડમાં મૂકવા તૈયાર હતો. એનું નામ જૉન બ્રાઉન. ઈંગ્લૅન્ડથી મે ફ્લાવર જહાજમાં પહેલવહેલા અમેરિકાને કાંઠે ઊતરનારાઓમાંના એકનો તે વંશજ હતો. ગુલામો પ્રત્યેના પાશવી વર્તનથી એનું દિલ ખૂબ આઘાત અનુભવતું. બાઈબલનું એનું વાચન પણ એને માનવી દ્વારા માનવી સામેની આ બેરહમી સામે બંડ કરવા પ્રેરતું. એવામાં હેરિયટ બીચર સ્ટોનું શકવર્તી પુસ્તક 'અંકલ ટૉમ્સ કૅબિન' પ્રસિદ્ધ થયું જેમાં આલેખાએલા ગુલામો સામેના સિતમોએ ઉત્તરનાં રાજ્યોમાં તો તે અમાનુષી પ્રથાનો અંત આણવાની લાગણી ખૂબ જ વ્યાપક અને તીવ્ર બનાવી દીધી. ત્યારે પચાસની વય વીતાવી ચૂકેલા જૉન બ્રાઉને પોતાના પાંચ પુત્રોને કૅન્સાસ મોકલી આપ્યા જેઓ ત્યાં ખેતર ખરીદીને રહે, અને વખત આવ્યે પોતે પણ ત્યાં જઈ પહોંચે.

જૉન નાનપણથી જ તરવરિયો હતો. એને નવરા બેસવાનું ગમતું જ નહિ. પણ ક્ષુલ્લક બાબતોમાં એને મુદ્દલ રસ ન હતો. જિંદગીમાં કંઈક મહત્ત્વનું કાર્ય કરી જઈ પોતાનું અસ્તિત્વ સાર્થક કરવાની તેની અભિલાષા હતી. ત્યારની અસ્થિર પરિસ્થિતિમાં એ ભણ્યો હતો તો થોડુંક, પરંતુ વિચાર્યું ખૂબ જ હતું. એ જન્મેલો તો ઈ. ૧૮૦૯ના મેની ૯મીએ કનેક્ટીકટ મુકામે. એની ૫ વર્ષની વયે એનાં માતાપિતા ઓહાયો આવી વસ્યાં, ને પચાસની વયે એણે કૅન્સાસ વસાવ્યું, જે કૅન્સાસમાં ત્યારે ગુલામીની તરફેણ અને વિરોધનો જીવસટોસટનો જંગ ચાલતો હતો.

'આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્' એ આપણી શાસ્ત્રોક્તિનું પ્રતિબિંબ પાડતી બાઈબલની આ ઉક્તિ એણે પૂર્ણતઃ આત્મસાત્ કરી હતી કે, 'બીજાઓએ તમારા પ્રત્યે જે રીતે વર્તવાની અપેક્ષા તમે રાખો છો એ જ રીતે બીજાઓ પ્રત્યે તમે વર્તો.' એનો બાપ લશ્કરનો કૉન્ટ્રૅક્ટર હતો, અને એ એક સમયના યુનાઇટેડ સ્ટેઈટ્સના માર્શલ અને મોટા જમીનદાર સાથે રહેતો હતો ત્યારે તેની જ ઉમરનો એક હબશી છોકરો આ નિવૃત્ત માર્શલને ત્યાં કામ કરતો હતો. જૉને ત્યારે ખાસ નોંધેલું કે પોતાને એ માર્શલ એક ટેબલ પર સાથે જમવા બેસાડતો, મિત્રો પાસે પોતાનાં વખાણ કરતો, પોતાની નાનીમોટી દરેક બાબત પ્રત્યે ધ્યાન આપતો, જ્યારે પેલા ગુલામ તરીકે કામ કરતા હબશી છોકરાને શિયાળાની કકડતી ઠંડીમાં પણ એ ચીથરેહાલ જ રાખતો, પૂરું ખાવા પણ ન આપતો, અને જરાતરા વાંકમાં આવતાં પાવડે ને પાવડે ફટકારતો. જૉનનું હૈયું એ નિરાધાર છોકરા પ્રત્યે દ્રવી ઊઠતું અને એને પ્રશ્ન થતો કે, 'શું ઈશ્વર આ લોકોનો પણ પિતા નથી?'

જેમ જેમ ઉમર વધતી ગઈ તેમતેમ જૉનની ગુલામીની પ્રથા સામેની નફરત પણ વધતી ગઈ. એ સામે કઈંક કરી છૂટવા માટે તો પાદરી થવાનો પોતાનો વિચાર પણ એણે માંડી વાળ્યો. એ જ રીતે લશ્કરમાં જોડાવા પણ એ તૈયાર ન હતો. લશ્કરમાં એક નાની શી પાયરીની ઑફર એને કરવામાં આવેલી જે એણે નકારી કાઢેલી, એટલું જ નહિ, લશ્કરી તાલીમ લેવાની પણ ના પાડી દઈ તે બદલ શિક્ષા રૂપે થએલો દંડ તેણે ભરી દીધેલો. પ્રામાણિકતા અને પરિશ્રમ–આ બે જ વસ્તુ જીવનમાં તેણે અપનાવેલી, અને પોતાનાં સંતાનોમાં પણ એ જ ગુણો કેળવેલા. શિસ્તનો એ આગ્રહી હતો, અને પોતાનાં સંતાનોની સહેજ સરખી ગેરશિસ્ત કે કામચોરી બદલ તેમને ફટકાર્યા વગર ન રહેતો. પિતાના આગ્રહને માન આપી પોતાની પડોશની એક છોકરી ડાયેન્થ સાથે તેણે લગ્ન કરેલાં. જૉનનો સહજકોપી સ્વભાવ તે શાંતિથી સહી લેતી. પાંચ પુત્રોની ભેટ આપી એ અવસાન પામ્યા પછી તેત્રીસ વર્ષની વયે તેણે મિડવિલેની અઢાર વર્ષની મેરી એ. ડે સાથે ફરી લગ્ન કર્યાં જેનાથી એને સાત પુત્રો અને છ પુત્રીઓ થયાં.

આ બહોળા પરિવારના યોગક્ષેમ માટે એને કપરો સંઘર્ષ વેઠવો પડતો. નિષ્ફળતા અને ગરીબી સામે ઝઝવા એણે એક પછી એક કેટલાય ધંધા અજમાવ્યા. પરંતુ ગમે તે ધંધામાં હોય, ગુલામોનો તે હમેશાં આશ્રયદાતા રહેતો આવેલો. દક્ષિણમાંથી ઉત્તરમાં નાસી આવતા ગુલામો માટે એણે વર્જિનિયાના પહાડોમાં આશ્રયસ્થાનોની આખી લંગાર ઊભી કરેલી જે 'અન્ડરગ્રાઉન્ડ રેલવે' તરીકે ઓળખાતી. આ આશ્રયસ્થાનો માટે ન્યૂ ઇંગ્લૅન્ડ જઈ એણે ફાળો ઉઘરાવેલો.

નવા રાષ્ટ્રના ભૂપ્રદેશની મોજણીથી માંડી ઊનના વેપાર સુધીના અનેક ધંધા અજમાવી ચૂક્યા પછી છેવટે તેણે કૅન્સાસના ખેતર પર ઠરીઠામ થવાનું નક્કી કર્યું. આ પહેલાં પણ ખેતી તે કરી ચૂકેલો, અને તે હબશીઓને ભાગમાં રાખીને, નહિ કે ગુલામ તરીકે રાખીને. ઊનના વેપારમાં કંઈક સ્થિર થતાં તે ઇંગ્લૅન્ડમાં તે માટેનું બજાર મેળવવા ઊપડ્યો. ત્યાં ઊનના વેપારીઓને મળી તે પોતાના નમૂના તેમને બતાવી ભાવતાલ નક્કી કરતો. એક વાર આવી વાટાઘાટો દરમિયાન એક જણે પોતાના ખિસ્સામાંથી કાળી ઊનનો નમૂનો કાઢી જૉનના હાથમાં મૂકતાં તેના ભાવતાલ નક્કી કરવા કહ્યું. જૉન માલનો ખરો પરખંદો હતો. આંગળાંના સ્પર્શે જ એણે પેલા વેપારીને કહી દીધું: 'મહાશય, તમારે ત્યાં કૂતરાના વાળને ઉપયોગમાં લેતી કોઈ પેઢી હોય તો તેને આ આપજો!' ખરેખર એ ઊન નહિ પણ કૂતરાના વાળ જ હતા. મશ્કરી કરનારે ભોંઠા

પડી જઈ પોતાની બનાવટ સ્વીકારી લીધી.

જૉનને ત્યાર સુધીમાં ખાતરી થઈ જવા પામી કે કેન્દ્રીય સત્તા પર જ્યાં સુધી દક્ષિણનાં રાજ્યોનો પ્રભાવ ચાલુ રહેશે ત્યાં સુધી ગુલામીની અમાનુષી પ્રથાની નાબૂદી માટે કોઈ સૌમ્યોપચાર કામે નહિ લાગે. એટલે ઇંગ્લૅન્ડથી ફ્રાન્સ અને જર્મનીના રોકાણ દરમિયાન તે લશ્કરી વ્યૂહ-રચનાને લગતાં પુસ્તકો વાંચતો રહ્યો અને એને આધારે મનમાં ને મનમાં પોતાની વ્યૂહરચના ગોઠવવા માંડી. તેને થયું કે ગુલામો ભેગા મળી દક્ષિણનાં જંગલોમાં રહીને પોતાનું મુક્તિયુદ્ધ ચલાવશે તો વિજયી જ નીવડશે. કોઈ પણ ઉપાયે ગુલામીની નાબૂદી એ જ એના જીવનનું એકમેવાદ્વિતીય ધ્યેય બની રહ્યું. બાઈબલનું તેનું વાચન પણ તેના આ ધ્યેયનું સમર્થન કરતું હતું. એના આ આદર્શપ્રાણિત અજંપાએ એના કુટુંબમાં પણ એ આદર્શ એટલો દૃઢમૂલ બનાવેલો કે એ પવિત્ર હેતુ પાર પાડવા પાછળ એમણે ગરીબીનો સ્વેચ્છાએ સ્વીકાર કરી લીધેલો. ચાહે તેનો ભય કે ચાહે તેટલી પરેશાની તેમને તેમાંથી ચ્યુત ન કરી શક્યાં. એટલે તો તેના કહેવા સાથે તેના પાંચે પુત્રો ગુલામીના વિરોધીઓના હાથ મજબૂત કરવા કૅન્સાસ ઊપડી ગએલા. પરંતુ ગુલામીના ટેકેદારો તેમને સુખે રહેવા દે તેમ ન હતું. તેમણે જૉનના પુત્રો સામે આક્રમણ શરૂ કરતાં તેમણે તેને પોતાના જાનની સલામતી ભયમાં હોવાનું જણાવી હાથ લાગે તે હથિયારો સાથે જલદી આવી પહોંચવા કહેવડાવ્યું. આ સંદેશ મળતાં જ જૉન ઈ. ૧૮૫૫ની પાનખરમાં કૅન્સાસ પહોંચી ગયો.

કૅન્સાસમાં લીવનવર્થ ગામના જૉન ફોરમૅને અમેરિકન કૉંગ્રેસની ચૂંટણીમાં ગુલામી પ્રથાની તરફેણમાં મત ન આપતાં તેને પારાવાર હેરાન કરવામાં આવ્યો અને ટોળાના હાથમાંથી છૂટી તે નાસવા જતાં પાછળથી ગોળી છોડવામાં આવી. એ ગોળી એની તો માત્ર હૅટ ઉડાડતી ગઈ, પણ એક માતાને પડખે રમતું નાનું બાળક એથી વીંધાઈ જવા પામ્યું. બીજા એક ગુલામીવિરોધી નાગરિકને રસ્તા પર પટકી ત્યાં જ પૂરો કરવામાં આવ્યો.

લૉરેન્સ નામના શહેરનો વડો ગુલામી તરફી ગુંડાઓએ મારી નાખેલા પોતાના મિત્રનું શબ લેવા જતાં મિસૂરીના શેરીફે તેની ધરપકડ કરી. ખબર પડતાં ગુલામી વિરોધી નાગરિકોનું ટોળું જઈને તેને છોડાવી લાવતાં શેરીફે લૉરેન્સમાં સીધી બળવાની જ જાહેરાત કરી દઈ ૧૫૦૦ મિસૂરિયનોને હથિયારો સાથે મોકલી આપ્યા. આ સામે લૉરેન્સવાસીઓએ પણ રક્ષણ માટે પોતાનું દળ ઊભું કર્યું, જેમાં જૉન તેના ચાર પુત્રો સહિત તલવારો અને રીવૉલ્વરો સાથે સામેલ થયો. છેવટે ગવર્નર શેનોન આવી પહોંચ્યો. તેને મળવા ગએલા પ્રતિનિધિઓમાંનો એક જૉન પણ હતો. ગવર્નરને એણે સંભળાવી દીધું કે ન્યાય માટે લડી છૂટવાના હુકમ સિવાય બીજો કોઈ હુકમ માનવા એ તૈયાર નહોતો. પણ છેવટે સમજાવટથી મામલો થાળે પડ્યો. ગવર્નરે ગઈ ગુજરી ભૂલી જવાનું વચન આપ્યું, સામે લૉરેન્સવાસીઓએ પણ ભવિષ્યમાં કાયદો પોતાના હાથમાં ન લેવાનું વચન આપ્યું.

પરંતુ ગુલામીના તરફદારો તરફથી ધાડ અને ખૂનની પરંપરા ચાલુ જ રહી. શેરીફ સાથે ૮૦૦ માણસો લૉરેન્સ પર તૂટી પડ્યા અને લૂંટફાટને અંતે આખું ગામ લગભગ જમીનદોસ્ત કરી દીધું. જૉન બ્રાઉનને દક્ષિણનાં રાજ્યોની આ ગુંડાગીરી સામે યુનાઇટેડ સ્ટેટ્સની કાયર સરકાર દ્વારા ક્યાં પણ નિર્ણયાત્મક પગલાં લેવાય એવી મુદ્દલ આશા ન રહી. તેણે એ સરકાર સામે પોતાના જેવા જ ૪૬ જણનો સાથ મેળવી સમાંતર સરકાર રચી. યુનાઇટેડ સ્ટેઈટ્સનું નવું બંધારણ તેણે ઘડી કાઢ્યું ને એ બંધારણની રૂએ તેને જ પ્રમુખ ચૂંટી કાઢવામાં આવતાં પોતાના મૂઠીભર સાથીઓમાંથી પોતાનું પ્રધાનમંડળ રચી કાઢ્યું. એ મોજણીદાર તરીકેના વેશે દક્ષિણનાં રાજ્યોમાં ફરવા લાગ્યો, અને દક્ષિણના લોકો પણ એને પોતાની તરફદાર કેન્દ્રીય સરકારનો મોજણીદાર સમજી તેની સાથે છૂટથી વાતો કરતા. જૉન બ્રાઉનનું નામ તેમણે સાંભળેલું, ને વાતવાતમાં તેનો ઉલ્લેખ તેઓ કરતા, પણ મોજણીદારના વેશે કોઈ તેને ઓળખી શક્યું નહોતું. આ જૉન બ્રાઉન પોતાના માર્ગમાં કાંટારૂપ હોઈ ગમે ત્યારે અને ગમે ત્યાં એને પૂરો કરવાની ધમકી એ દક્ષિણમાં જ્યાં જ્યાં જતો ત્યાં સાંભળવા મળતી.

એ હજુ આ વેશે જ ઘૂમતો હતો ત્યાં ગુંડાઓ તેના ખેતર પર પહોંચી ગયા, ને તેમના પરિવારનું ભયંકર અપમાન કરી ઠીકઠીક નુકસાન પહોંચાડી બીજે દિવસે પાછા આવી પહોંચવાની ધમકી આપતા ગયા. એમાં મુખ્ય હતા ડૉઈલ્સ, વિલકિનસન અને શેરમાન. જૉન બ્રાઉનના પુત્રોએ પાછા ફરતાં આ અપમાનની વાત સાંભળી અને એ ત્રણ ગુંડાઓને તેમનાં ઘરોમાંથી ખેંચી કાઢી તેમને પ્રાર્થના કરવાનો સમય આપીને પછી વીંધી નાખ્યા. જૉનને આ સમાચાર મળતાં તે પાછો ફર્યો, અને હવે ચારે બાજુએ વિરોધીઓ વચ્ચે શાંતિથી રહી શકાશે નહિ એમ લાગતાં તે પોતાના પુત્રો ને સાથીઓ સાથે જંગલમાં ચાલી નીકળ્યો. રાજ્યે એ બધાને બહારવટિયા (આઉટ લૉઝ) જાહેર કરી દીધા.

એમનું બહારવટાનું એ જીવન કેવું હતું એનું કૅન્સાસનાં જંગલોમાં ભૂલા પડેલા એક પ્રવાસીએ વર્ણન કરેલું. પાણી ભરીને પાછો વળતો જૉનનો એક પુત્ર આ ભૂલા પડેલા પ્રવાસીને તેમના મથક પર લઈ ગએલો. તેણે એ મથકનું વર્ણન આ પ્રમાણે કરેલું છે:

'અમે એમના મથક સુધી પહોંચ્યા એ દરમિયાન બે વાર અમને પડકારવામાં આવ્યા. સંત્રીઓ ઓચિંતા વૃક્ષો પાછળથી ફૂટી નીકળતા અને પાછા અદૃશ્ય થઈ જતા. મથક પર ડઝન જેટલા ઘોડા પલાણેલા તૈયાર જ ઊભા હતા જેથી વેળા આવ્યે તરત નાસી છૂટી શકાય, અથવા દક્ષિણના આક્રમકોનો પીછો પકડી શકાય. વૃક્ષોને અઢેલી ડઝન જેટલી બંદૂકો ને તલવારો પડેલી હતી, અને વૃક્ષોની ઘટા નીચેની એક ખુલ્લી જગામાં એક મંગાળા પર હાંલ્લું ચડાવેલું હતું. એક સ્ત્રી ખુલ્લા માથે અને તાપદગ્ધ બ્લૅકબેરી (જાંબુ જેવાં ફળ) વીણી રહી હતી, જ્યારે ત્રણ-ચાર પુરુષો ઘાસ પર પાથરેલા કાળાભૂરા કામળાઓ પર આડેપડખે પડ્યા હતા. નજીકમાં જ બે દેખાવડા યુવાનો એમનાં હથિયારો પર હાથ ટેકવી પહેરો ભરી રહ્યા હતા... બુઢ્ઢો જૉન બાંયો ચડાવી મંગાળા પાસે ઊભો રહેલો. મને તેણે કહ્યું કે તે શીતળા, કૉલેરા ને પીળા તાવનો ત્રિવિધ હુમલો સહન કરશે, પણ કોઈ સિદ્ધાંતભ્રષ્ટ માનવીને પોતાની ટોળીમાં સામેલ નહિ કરે. હું એક કલાક તેમની સાથે રહ્યો. આવું માનવવૃંદ મેં મારી જિંદગીમાં કદાપિ જોયું નથી. એ લોકો પ્રામાણિક જ નહિ, ખુદ પ્રામાણિકતાનાં જ મૂર્તિમંત પ્રતીકો હતા. તેમાંના છ તો જૉન બ્રાઉનના પુત્રો જ હતા.'

ગુલામી તરફી દક્ષિણવાસીઓ હવે તો સરકારી બંદૂકો–રિવૉલ્વરો અને તોપો સુધ્ધાં સાથે આક્રમણ કરવા માંડેલા. જૉનના એક પુત્ર ફ્રેડરિકને કે જેને તેના પિતાની બહારવટિયા ટોળી સાથે કંઈ લાગતુંવળગતું નહોતું તેને ઓસાવાટોમી ગામ પર હુમલો લઈ જતાં રસ્તામાં જ વીંધી નાખ્યો. જૉનની ટુકડી તેમના સામના માટે તૈયાર થઈ, પણ એ લોકોની વધુ તૈયારી અને વધુ સંખ્યાબળ જોઈ ખુલ્લા મેદાનમાં સામે ન આવતાં ઝાડીઝાંખરાંની ઓથે રહી અગ્નિવર્ષા શરૂ કરી દીધી અને ત્રીસબત્રીસને ઢાળી પાડી પાછા જંગલમાં અદૃશ્ય થઈ ગયા. રોષે ભરાએલા મિસૂરિયનોએ આખું ઓસાવાટોમી ગામ આગમાં હોમી દીધું. જૉન બ્રાઉન ત્યારથી 'ઓસાવાટોમિક બ્રાઉન' તરીકે ઓળખાવા લાગ્યો.

નવો ગવર્નર ગિયરી પોતાની સાથે લશ્કર પણ લેતો આવતાં બ્રાઉનને હવે કૅન્સાસ છોડવું પડ્યું. તેણે આયોવામાં ટાબાર મુકામે એક લશ્કરી તાલીમશાળા શરૂ કરી, અને તેમાં તાલીમાર્થીઓની ભરતી કરવા અવારનવાર કૅન્સાસની મુલાકાત લેવા માંડી. જો કે તેની કસોટીનું

ધોરણ બહુ કડક હોઈ બહુ ઓછી સંખ્યામાં તે તાલીમાર્થીઓ મેળવી શક્યો. તેનો હેતુ દક્ષિણમાંથી ગુલામોને છોડાવી ઉત્તરમાં લાવવાનો નહિ, પરંતુ ખુદ દક્ષિણની ભૂમિ પર જ યુદ્ધ આપવાનો હતો. તે મુક્ત ગુલામોને યુનાઇટેડ સ્ટેઈટ્સની બહાર પહોંચાડી દેવા કૅનેડા પણ જઈ આવ્યો, જ્યાં તેને કેગી નામનો નેતા જેવો જ આદર્શવાદી જુવાન મળી ગયો. ગુલામીની નાબૂદી માટે ચાહે તેવું જોખમ વેઠવા તૈયાર એ યુવાન પણ જૉન સાથે ચાલી નીકળ્યો.

કેગીને સાથે લઈ જૉને કૅન્સાસના છેક દક્ષિણ છેડે આવેલ લિટલ શ્યુગર ક્રીક પર છાપો માર્યો અને ત્યાંથી જિમ તથા બીજા દસ ગુલામોને ભગાડી લાવ્યો. આ છાપાએ જે અંધાધૂંધી ઊભી કરી તેનો લાભ લઈ બીજા યે સંખ્યાબંધ ગુલામો તેની પાસે આશ્રયની આશાએ નાસી આવ્યા. જૉને એ બધાનું સ્વાગત કર્યું અને પચીસસો માઈલનો પ્રવાસ કરી તેમને કૅનેડા પહોંચાડી આવ્યો. એ વખતે એના માથા સાટે ઇનામ જાહેર થઈ ચૂકેલું. પણ ઉત્તરનાં રાજ્યોમાં એમની લડત પ્રત્યે પૂરી સહાનુભૂતિ પ્રવર્તતી હોઈ તે આસાનીથી કૅનેડા પહોંચી પોતાના આશ્રયે આવેલા ગુલામોને 'યુનિયન જૅક'ના આશ્રય નીચે મૂકી આવ્યો.

હવે એનું શરીર જર્જરિત થવા આવ્યું હતું, એ બીમાર પણ રહેવા લાગ્યો હતો, પણ એની ખુમારી ને ગુલામોની મુક્તિની તમન્ના જેવાં ને તેવાં જ્વલંત રહ્યાં હતાં. વૉશિંગ્ટનથી ૬૦ માઈલ પર વર્જિનિયામાં આવેલ હાર્પર્સ ફેરી મુકામે પોટોમૅક નદીથી પાંચ માઈલ પર એણે એક ખેતર ભાડે રાખ્યું. અહીં તેણે પોતાની ઓળખાણ ન્યૂ યૉર્કથી આવતા સ્મિથ કુટુંબ તરીકે આપી અને ભાડું પણ અગાઉથી ચૂકવી દીધું. એ ખેતર પરનાં ત્રણે મકાનો ખાલી પડ્યાં હોઈ તેને એ અનુકૂળ જણાએલું. પોતાના હેતુને અનુલક્ષી તેણે એ ખાલી મકાનોમાં શસ્ત્રસરંજામ અને પુરવઠો સંઘરવાનું શરૂ કર્યું. તેનો આશય હાર્પર્સ ફેરી પરના સરકારી શસ્ત્રાગાર પર આક્રમણ કરવાનો હતો. પોતાના પુરાણા અને પ્રિય મિત્ર ફ્રેડરિક ડગલાસને પોતાની આ યોજનાની વાત કરતાં તેણે એનો વિરોધ કરતાં જણાવ્યું કે તેનું આ કૃત્ય ખુદ સરકાર સામેના આક્રમણરૂપ ગણાઇ તેના માટે ઘાતક નીવડશે. પણ જૉન હવે વધુ રાહ જોવા તૈયાર ન હતો. તેને હતું કે પોતાનું કૃત્ય ગુલામોમાં એવો વિશ્વાસ પ્રેરશે કે પોતાનો મુક્તિદાતા આવી લાગ્યો છે, અને સૌ તેને આવી મળી તેના નેજા નીચે એકત્ર થશે.

અને એ યોજનાનુસાર ઈ. ૧૮૫૯ના ઑક્ટોબરની ૧૬મી ને રવિવારે જૉનની સરદારી નીચે તેના સહિત બાવીસ જણા રાતના અંધકારમાં હાર્પર્સ ફેરી પર આક્રમણ કરવા ચાલી નીકળ્યા, જેમાં પાંચ હબસી હતા. પેલો સ્વિસ યુવાન કેગી અને જૉનના બે પુત્ર તેની સાથે રહ્યા જ્યારે એક પુત્ર અને તેની સાથે બે જણા ખેતર સંભાળવા પાછળ રહ્યા. ગામમાં પહોંચતાં પહેલાં તેમણે બે જણને તારનાં સઘળાં દોરડાં કાપી નાખવા કહ્યું. રાતના લગભગ અગિયારેક વાગ્યે પૉટોમૅકના પુલ પરના સંત્રીને કેદ કરી ગામમાં આવી પહોંચ્યા. બધા દીવા ગુલ કરી દઈને શસ્ત્રસરંજામની ચોકી કરતા ત્રણ સંત્રીઓને કેદ કરી શસ્ત્રાગાર અને બંદૂકનું કારખાનું તેમણે કબજે કર્યાં. મધરાત પછી વૉશિંગ્ટન જતી ટ્રેનને પુલ પર અટકાવીને કલાકો પછી પાછી જવા દીધી અને પછી પાટા ઉખેડી નાખ્યા, પણ એ તો ઘોડો નાસી છૂટ્યા પછી તબેલે તાળું દેવા જેવું હતું. પાટા તેમણે પહેલેથી જ ઉખેડી નાખી ટ્રેનને જવા દેવી જોઈતી નહોતી. ટ્રેનના ઉતારુઓએ આખે રસ્તે આ બાબતનો પ્રચાર કર્યે રાખ્યો.

જૉને તે પછી તેના એક સાથીને નદીના સામે કાંઠે આવેલા વર્જિનિયામાં ગુલામોના માલિકોને કેદ કરી ગુલામોને મુક્ત કરવા મોકલી આપ્યો. સ્ટીવનસનની સરદારી નીચેની એ ટુકડી દિવસ ઊગતાં પહેલાં તો કેટલાય ગુલામોને છોડાવી લાવી તેમના માલિકોને કેદ પકડતી આવી.

જૉન બ્રાઉને જેવી ભૂલ આ આક્રમણની કરી હતી એવી જ ભૂલ પીછેહઠ માટેનો કોઈ વ્યૂહ ન ઘડી કાઢવાની કરી હતી. સોમવાર બપોર સુધી પરિસ્થિતિ સંપૂર્ણપણે તેના કાબૂ નીચે હતી, અને એ દરમિયાન એ સહેલાઈથી પાછો પહાડોમાં ને જંગલોમાં સરી જઈ શક્યો હોત. એણે આશા રાખેલી કે આ આક્રમણની જાણ થતાં જ ગુલામોનાં ટોળેટોળાં નાસી છૂટી પોતાના નેજા નીચે આવી જશે. એને બદલે ચાર્લ્સટાઉનથી ઊપડેલું લશ્કર તેની સામે આવી પહોંચ્યું. કારણ, દેશભરમાં આ સમાચાર વાયુવેગે ફરી વળેલા. દક્ષિણ પર તો એવો સનેપાત ફરી વળ્યો કે ગુલામોને બંડ માટેનું એ ખુલ્લું એલાન હોઈ હવે પોતાની કોઈ સલામતી નહિ રહે.

કર્નલ રૉબર્ટ ઈ. લી લશ્કરી ટુકડી સાથે આવી પહોંચ્યો ત્યારે જૉન સામના માટે તૈયાર થઈ ગયો. આ અસમાન સામનામાં એ હારવાનો જ હતો એ નિશ્ચિત હતું. ઝપાઝપીમાં જૉન અને બીજા પાંચને કેદ પકડી લેવામાં આવ્યા, બાકીના ઝપાઝપીમાં ખપી ગયા, જેમાં પેલો આદર્શવાદી સ્વિસ જુવાન કેગી પણ હતો. જૉન કેદ પકડાતાં બોલ્યો: 'હું નિષ્ફળ ગયો છું. તમે મને સહેલાઈથી ખત્મ કરી શકશો–જોકે હું લગભગ ખત્મ થઈ ચૂકેલો જ છું. પણ આ પ્રશ્ન હજી પતાવવાનો રહે છે–એટલે કે હબશી ગુલામોનો પ્રશ્ન, જેનો કશો અંત હજુ નજરે પડતો નથી.'

બધાને ચાર્લ્સટાઉન લઈ જવામાં આવ્યા અને રાજ્ય સામે બંડ ઉઠાવવાના આરોપ નીચે બધાને ફાંસીની સજા કરવામાં આવી.

જૉન બ્રાઉન આ સજા સાંભળીને પણ તદ્દન સ્વસ્થ અને શાંત રહેલો. વિપુલ શક્તિસાધન ધરાવતી રાજ્યસત્તા સામે પોતે કંઈ વિસાતમાં ન હતો તે એ જાણતો હતો, પણ સાથે તે એ પણ જાણતો હતો કે, બલિદાનોની પરંપરા વિના માનવજાતને માથેનું ગુલામીનું કલંક ભૂંસાવા નહિ પામે. અને એના પછીના સમયે એની આ માન્યતા કેટલી સાચી હતી તે પુરવાર કરી આપ્યું. ફાંસીએ ચડવા જતા જૉન બ્રાઉનનું એક ચિત્ર ન્યૂ યૉર્કના મેટ્રોપોલિટન મ્યૂઝિયમમાં આજે યે લટકે છે, જેમાં તેને પહેરેદારોની તકાએલી બંદૂક નીચે એક હબસી માતાના હાથમાંના બાળકને ચૂમતો દર્શાવેલ છે.

તા. ૨જી ડિસેમ્બરની સવારે સાડા દસ વાગ્યે તેને ફાંસીએ લટકાવવા લઈ જવામાં આવ્યો. તેને કહેવામાં આવ્યું કે ફાંસીના માચડા પરથી તેને કંઈ બોલવા દેવામાં નહિ આવે, એટલે એક ચબરખી પર પોતાના અંતિમ શબ્દો લખી તેણે જેલરના હાથમાં મૂકી દીધા. આ ચિઠ્ઠીમાં તેણે લખ્યું હતું: 'હું, જૉન બ્રાઉન, હવે ચોક્કસ ખાતરીપૂર્વક માનતો થયો છું કે, આ અપરાધી ભૂમિના અપરાધો રક્તપાત વિના નહિ જ ધોઈ શકાય.' અને ફાંસીને માચડે પગ મૂકતો એ બોલ્યો: 'હું ગમે તે પળે તૈયાર છું. મને નકામી રાહ ન જોવડાવશો.'

જૉનનું આ બલિદાન વ્યર્થ ન ગયું. એની ફાંસીના વખતે જ–વરસે ગુલામી વિરોધીઓનો પ્રતિનિધિ અબ્રાહમ લિંકન રાષ્ટ્રના પ્રમુખપદે ચૂંટાયો. જો કે દક્ષિણનાં રાજ્યોએ આંતરવિગ્રહ આદરી રક્તપાત વિના એને યે દાદ ન દીધી, ને છેવટે ગુલામોના મુક્તિદાતા લિંકનને પણ એ જ પ્રશ્ન પર શહીદી વહોરવી પડી. પરંતુ ત્યાં સુધીમાં જૉન બ્રાઉન તો અમેરિકાનાં લોકગીતો ને લોકકથાઓમાં સ્થાન પામી ચૂક્યો હતો. એના પરના લોકગીતની આ પંક્તિઓ આજે પણ અમેરિકામાં સાંભળવા મળે છે:

'John Brown's body lies a-mouldering in the grave,
But his soul goes marching on.'

અને સમગ્ર માનવજાત જ્યાં સુધી સમાન સ્વાતંત્ર્ય અને સમાન ન્યાયનો ઉપભોગ કરતી નહિ થાય ત્યાં સુધી તેનો આત્મા આપણી વચ્ચે કૂચ કરતો જ રહેશે. □

સજા

લેખક · અશ્વિન દેસાઈ

હજી હમણાં જ થોડા દિવસ પહેલાં ગામનો આંટો મારી આવ્યો. સાંજના છએકના શુમારે બસમાંથી ઊતરેલો ત્યારે જિંદગી બે દાયકા પાછળ ખસી ગએલી! એ જ લીમડાનું ઝાડ. એ જ ચૉરો. એ જ પરબડી. એ જ પાણીવાળી ડોસી. એ જ ખખડધજ હોટલો અને એ જ જૂના-પુરાણા ચહેરાઓનું ટોળું! જાણે કે, હું બહાર ગયો તેટલાં વરસ આ બધાં તો આમ જ ભેગાં થઈને બેઠાં હતાં, અને જાણે કે મારા સિવાય આ લોકોમાંથી કોઈ છૂટું પડયું જ નથી!

મનમાં એક તીર ભોંકાયું! બે દાયકા ક્યાંક શહેરની ખોટી દોડધામમાં ગુમાવી દીધાં હોય એવી લાગણી થઈ! ક્યાં આ લીમડાની શીતળતા અને ક્યાં શહેરની ગાડીની ભીડની ગૂંગળામણ! શા માટે એ બધી દોડધામ કરી? ક્યાં સુખ માટે? કઈ સમૃદ્ધિ માટે? શું મળ્યું? મન ખરેખર ચકરાવે ચડયું.

ગામને પાદરે—એ જ લીમડાની નીચે—એ જ જૂની અદાથી પલાંઠી વાળીને ચલમ ફૂંકતા અને એયાશથી ગપ્પાં મારતા લોકોએ એવું તે શું ગુમાવ્યું છે, જે મેં બધી દોડધામને અંતે મેળવ્યું હોય? એમના ચહેરા ઉપર જે સંતોષ અને પ્રસન્નતા દેખાય છે, તે મારા ચહેરા ઉપર કેમ નથી દેખાતી? ક્યાં ગયું મારું પ્રસન્ન સ્મિત? કેમ આ ચહેરા ઉપર ગંભીરતા અને વિષાદના પટ ફરી વળ્યા છે?

બૅગ લઈને વિચાર કરતો કરતો આગળ ચાલ્યો. એકાએક બહુચરાજીનું મંદિર યાદ આવ્યું. વરસો પહેલાં, બહુચરાજીના એ મંદિરે એક બાવો આવેલો. આખું ગામ ત્યાં ઊમટેલું. હું અને વાસંતી પણ ગએલાં. બાવો મંદિરના મેદાનની વચ્ચોવચ્ચ, ગોળ કુંડાળામાં મોટું ટોળું કરીને ચલમ પીતો બેઠો હતો. થોડી વારે, ઘણાં માણસો ભેગાં થઈ ગયાં એટલે, બાવાએ ખેલ શરૂ કરેલો. મોટેમોટેથી બૂમો પાડીને પહેલાં તો લાંબું ભાષણ આપેલું. પછી બાવાએ ચમત્કારિક ગાયનો ખેલ બતાવેલો. ગાય બાવાને ઈશારે આખા ગોળાકારમાં ફરતી, અને ફરતી ફરતી એકાએક ટોળામાંના કોઈકની સામે જઈને ઊભી રહી જતી. જેની સામે આ રીતે ગાય જઈને ઊભી રહેતી, તેના મનનો અગમ્ય પ્રશ્ન બાવો જાતે જ જાહેર કરી દેતો! જેવો કે—'બચ્ચા! તુમ્હારા તબિયત બરસોંસે અચ્છા નહિ રહતા હય!' અથવા તો—'તેરે દિલમેં એક બહોત ચિંતા રહતી હૈ કિ …' આ પ્રશ્નોનો ઉકેલ પણ બાવો જાતે કરી દેતો! માણસ ખુશ થઈને બાવાને કંઈક આપીને ખુશ કરતો.

આમ ખાસ્સું લાંબું ચાલતું. વારાફરતી ઘણાના પ્રશ્નો પતી જતા. પછી મને ય ઇચ્છા થઈ આવતી, અને હું પણ પાછળથી ક્યાંકથી સરકીને, સહેજ આગળ જઈને ઊભો રહેતો. ગાય જાણે મને જોઈ ગઈ હોય તેમ, પછીના ફેરામાં મારી જ સામે આવીને ઊભી રહેતી! બાવો મારી નજીક આવતો અને મોટેથી બૂમ પાડતો: 'બચ્ચા! તુમ મહોબ્બતમેં ફસ ગયા હો! હો ન?' હું ઝંખવાણો પડી જતો ને કંઈ જ બોલી ન શકતો. વાસંતી તો, એ સાંભળીને લાગલી જ ભાગી જતી! બાવો ફરીથી ઘાંટો પાડતો: 'તુમ કિસી કી મહોબ્બતમેં ફસ ગયા હો! બરાબર હૈ?' હું બાવાને જોયા જ કરતો એટલે બાવો કહેતો; 'તુમ્હારા કામ હો જાયેગા! લેકિન ગાય માતાકો…' અને પાવલી બાવાના હાથમાં મૂકીને હું ય ત્યાંથી ભાગી જતો. માળીની દુકાન પાછળ વાસંતી મારી વાટ જોઇને ઊભી રહેતી. હું એની નજીક જતો એટલે શરમાઈ જતી. હું ય કંઈ પણ બોલ્યા વગર ઊભો જ રહેતો. પછી વાસંતી જ નીચું જોઈને મૌન તોડતી: 'શું કહેતો હતો બાવો?'

'કહેતો હતો કે…' હું અટકીને તેના ચહેરા સામે જોઈ રહેતો.

'બોલ ને!'—વાસંતીની ધીરજ ખૂટી જતી. 'કહેતો હતો કે, છોકરી કદાચ તને દગો દઈ જશે, સંભાળજે!' હું હસીને કહેતો.

'છટ્!' તે આંખો નચાવીને હસતી; 'બાવો એવું કહે જ નહિ ને!'

'તો શું કહે? બોલ જોઉં!' હું કહેતો.

'મોટે મોટેથી બૂમો પાડીને બાવાએ કહ્યું હશે: બચ્ચા! છોકરી તુ-તુમ કો દગા નહિ દેગી, લેકિન તુમ છોકરી કો કભી દગા મત દેના!' અને તે ખડખડાટ હસી પડતી. એ હાસ્યના પડઘા હજી ય મારા ચિત્તંત્રમાં અથડાયા કરે છે! દુકાનની પાછળના ભાગમાંથી એક કૂતરું ભસતું ભસતું અમને ચમકાવીને ભાગી જતું. એ માળીની દુકાન તો હજી ય એમની એમ જ છે, કદાચ એ કૂતરું મરી ગયું હશે!

એ દુકાન આગળથી પસાર થતાં થતાં મેં એક નજર અમે મળતાં એ જગ્યા ઉપર કરી. કેટલી સૂની પડી ગઈ હતી એ જગ્યા! આજુબાજુ થોર ઊગી નીકળ્યા હતા! હું આગળ ચાલ્યો. બહુચરાજીનું મંદિર દેખાયું. શાંત, એકાંત મંદિર! માણસનું જણ્યું ય દેખાતું નહોતું! ક્યાં ચાલ્યા ગયા હશે પેલા સાક્ષી તરીકે ઊભા રહેતા લોકો? ક્યાં ચાલ્યો ગયો હશે પેલો બાવો? એમ તો, શહેરમાં ય ઘણી વાર રસ્તા ઉપર મોટું ટોળું જામી જતું હોય છે, અને ગમે તેવા કામમાં હોઉં તો ય હું જોયા વિના આગળ વધતો નથી. જાતજાતના ખેલ જોવા મળ્યા છે, પણ પેલો ગાયવાળો બાવો ફરી પાછો કોઈ દિવસ દેખાયો નથી! શું થયું હશે એને? મરી ગયો હશે? કે હવે કોઈ ગામમાં સ્થાયી થઈ ગયો હશે?

આગળ ચાલતાં દૂરથી ધના ભગત દેખાયા. મનમાં થયું, હજી ધના ભગત જીવે છે? નક્કી સો તો પૂરાં કરી જ નાખ્યાં હશે! હું એમની સામે જઇને ઊભો રહ્યો. એ પણ ઊભા રહી ગયા. અને આંખે હાથનો છાંયડો કરીને જોઈ રહ્યા: 'કોણ ભાઈ!'

મેં સહેજ હસીને કહ્યું: 'ઓળખી કાઢો જોઉં, કાકા!'

'હવે આંખ નથી ચાલતી, ભાઈ! આ તો પગ નીચે ગામ આવી ગયું છે, એટલે ગામમાં રખડી શકું છું. બાકી હવે કંઈ જ દેખાતું નથી.' હું ધનાકાકાને જોઈ જ રહ્યો. આંખે નથી દેખાતું છતાં ગામ—પોતાનું ગામ—એમને કેવો સાથ આપે છે! હજી ય ગામના રસ્તાઓ તો એમને માટે પોતાના જ છે—બધું પરાયું થઈ ગયું છતાં!

અને આઠમનો મેળો યાદ આવ્યો: ધનાભગતના ગાડામાં, માઈ શકે એટલાં અમે ભરાઇને સૂરત જતાં. ધનાભગત ગાડું અટકાવીને કહેતા કે 'છોકરાઓ ઉલાળ પડે છે' એટલે અમારામાંથી કોઈક ઊઠીને આગળના ભાગમાં જઈને બેસતું; અને કાકા જો કહેતા કે 'ધરાળ પડે છે' તો કોઈક પાછળ આવીને બેસી જતું. પણ અમે બંને તો સાથે જ બેસતાં—અમે એટલે હું અને વાસંતી. કોઈ કોઇને જલન પણ થતી, પણ ધનાકાકાની આગળ બોલી કોણ શકે?

અને ગાડું ધીમેધીમે સૂરત જવાના મુખ્ય રસ્તા ઉપર આવી જતું. છોકરાંઓ ધનાભગતને ગાડું ભગાવવાનું કહેતાં ત્યારે ધનાભગત ના પાડતા: 'ના રે! ડોબાં થાકી જાય!' પણ બધા ખૂબ જ આગ્રહ કરતા ત્યારે ધનાકાકા મજબૂરીથી બળદિયાઓને થોડુંક દોડાવતા. એમના બુઢ્ઢા બળદિયાઓના રણકતા ઘૂઘરાના અવાજ સૂની સીમ ઉપર વેરાઈ જતા. હજી આજે ય કાન ઉપર એના ભણકારા વાગ્યા કરે છે! પછી ધનાભગત છોકરાંઓમાંથી કોઈકને એકાદ ગીત ગાવાનું કહેતા ત્યારે હું કહેતો ય ખરો: 'કાકા! તમારા બળદિયાના ઘૂઘરા કેવા સરસ વાગે છે! સાંભળવા દો ને!' પણ ધનાભગત તો જિદ પકડીને ખાસ વાસંતી પાસે જ ગીત ગવડાવતા! વાસંતી એનું ખાસ ગીત ગાતી:

'ઑાલ લણવાના દિ' હજી આયા નથી!'

અને દોડતા બળદિયા પણ, જાણે કે વાસંતીનું ગીત સાંભળવા ધીમા પડી જતા! પવન પણ થંભી જતો! અને ઘેઘૂર વડલાના છાંયડામાંથી જ્યારે ગાડું પસાર થતું ત્યારે વડલાના કાળા ઘટાદાર અંધકારમાં એ તીણું ગીત ખોવાઈ જતું! ક્યાં ચાલ્યા ગયા હશે એ બધા દિવસો?

અને ધનાકાકા ઔપચારિક વાતચીત પતાવીને રસ્તે પડી ગયા. કોણે મને ધનાકાકાના મનમાંથી કાઢીને દૂર શહેરમાં ફેંકી દીધો હશે? મનમાં એક અજબ પ્રકારની ગૂંગળામણ થઈ આવી! ગામમાં જ ઊભો હતો છતાં જાણે કે ગામથી દૂર કોઈ એકાંત ટાપુ ઉપર કોઇકે મને કાળા પાણીની સજા કરી હોય એવા ભાવ મનમાં જાગ્યા!

આગળ ચાલ્યો. ફળિયું દેખાયું. ફળિયામાં રમતા છોકરાઓ દેખાયા. બાળપણ આંખ સામે આવી ગયું...ઉનાળાની વૅકેશનના દિવસોમાં ઘરમાંથી ઘણી ય બૂમાબૂમ થતી, છતાં આખો દિવસ જાતજાતની રમતો ચાલ્યા જ કરતી. અને વાસંતીના ઘરમાંથી ય બૂમાબૂમ થવા માંડતી ત્યારે ન છૂટકે બધાં વાસંતીના ઘરમાં 'ઘરઘર' રમતાં. હું બાપુજી બનતો. વાસંતી બા બનતી. બીજાં બે-ત્રણ અમારાં બાળકો બનતાં! ને ખેલ શરૂ થતો.

મારે ભાગે ખેતરે જવાનું, ગાડું ભરીને અનાજ લઈ આવવાનું આવતું, વાસંતી રોટલા ટીપીને મારી વાટ જોતી બેસતી. મારા આવ્યા પછી નાનકડી ઢાંકણીઓમાં જમવા બેસતાં. મને એકાએક વિચાર આવ્યો. વાસંતીને આ બધું નહિ યાદ આવતું હોય? હું તો મુંબાઈ જ છું એટલે કોઈક વાર પણ આંટો મારી જાઉં છું, પણ વાસંતી તો અમેરિકા છે, એટલે એને તો પળેપળ વતનની યાદ આવતી હશે! શું કરતી હશે વાસંતી એવી ક્ષણોમાં?...વિચાર કરતો કરતો આગળ ચાલ્યો. ફળિયામાં જ કાકી મળી ગયાં.—વાસંતીનાં કાકી. 'કેમ છો, કાકી?' કહીને ઊભો રહ્યો.—વાસંતીના કંઈક સમાચાર મળશે એ આશાએ.

'મઝામાં.' કહીને કાકી ઊભાં રહ્યાં. ન છૂટકે મારે પૂછવું પડયું: 'વાસંતીના કંઈ ખબર, કાકી? કાગળ-પત્તર આવે છે?'

'આવી છે ને હમણાં તો? મુંબાઈમાં જ છે! કોઈ વાર મળી નહિ?' કાકીએ ઉત્સાહથી કહ્યું.

'એમ? પણ મને ક્યાંથી મળે, કાકી? મુંબાઈ કંઈ આપણા ગામ જેવડું થોડું છે? પણ ગામ આવેલી કે નહિ? તમને મળવા?' મેં ઉત્સાહથી પૂછ્યું. કાકી કહે: 'હા. પણ ઊભી ઊભી! કહે કે મને તો હવે અહીં એક મિનિટ પણ ગમતું નથી! એટલે મુંબાઈ ભાગી ગઈ!' કાકી ખડખડાટ હસી પડયાં. હું જોઈ જ રહ્યો.

મનમાં એક વિચાર આવ્યો: શું વતનથી છૂટા થવાની સજા મને એકલાને જ કરવામાં આવી હશે? □

મેં સાહસ કર્યું ....કાલિદાસ વાઘેલા

આમારા ગામની ભાગોળે એક મોટું તળાવ હતું. એ વર્ષે વરસાદ વધારે પડયો એટલે તળાવ છલકાઈ ગએલું. તળાવની ચારે બાજુ પથ્થરની પાળ હતી, પાણી છેક એ પાળ સુધી ભરાઈ ગએલું. ત્યારે હું પ્રાથમિક શાળામાં ભણતો હતો. બે-ત્રણ વર્ષે તળાવમાં આટલું બધું સ્વચ્છ પાણી જોઇને અમે થોડા મિત્રોએ બપોરે ત્યાં નાહવા જવાનું નક્કી કર્યું. હું તો તળાવમાં નાહવા માટે થનગની રહ્યો હતો, એટલે વહેલો વહેલો ત્યાં પહોંચી ગયો. બીજા મિત્રો હજી આવ્યા નહોતા એટલે તળાવની પાળે એમની રાહ જોતો બેઠો. એટલામાં એક સ્ત્રી પોતાની ચારેક વર્ષની બેબીને લઈ કપડાં ધોવા આવી. બેબીને નજીકમાં ઘાસ પર બેસાડીને તે પથ્થરની પાળ ઉપર કપડાં ધોવા લાગી. તેણે બે-ચાર કપડાં ધોયાં અને ઘાસવાળી જગ્યાએ સૂકવ્યાં. થોડી વારે એક નાનો વંટોળિયો આવ્યો અને પેલાં સૂકવેલાં કપડાં ઊડવા લાગતાં એ એની પાછળ દોડી. આ વખતે થોડે દૂર બે ગાયો ઝગડતી હતી. તેમાંથી એક ગુસ્સાભરી ગાય અમારી બાજુ ધસી આવી ને પોતાનું મોટાં શીંગડાંવાળું માથું નમાવી પેલી બેબી તરફ દોડી. અને અચાનક મારામાં શક્તિનો સંચાર થયો. હું દોડીને બેબીની આડો ઊભો રહી ગયો. મને પોતાનો માર્ગ રોકીને ઊભેલો જોઈ ગાયને વધારે ગુસ્સો ચડયો કે શું, પણ તેણે દોડી આવીને મને એક ઢીંક મારીને પેલી બીજી ગાય તરફ નાઠી. ગાયના એ હુમલાથી હું ઊછળીને પાળ પર જઈ પડયો. પાળ પર પથ્થર જડેલા તે માથામાં સખત વાગતાં લોહીની ફૂટ થઈ. પેલી સ્ત્રીએ આ જોઇને ગભરાટથી બૂમાબૂમ કરી મૂકી. ઈશ્વરકૃપાથી થોડે દૂર બીજા પણ કેટલાક લોકો ત્યાં હતા એ બધા દોડી આવ્યા અને મને નજીકના દવાખાને લઈ ગયા. માથામાં બહુ વાગવાથી મને લોહી આપવામાં આવ્યું. ત્યારબાદ ધીરે ધીરે આરામ તો થઈ ગયો, પણ માથામાં વાગ્યાની નિશાની આજે પણ મારા એ અણચિંતવ્યા સાહસની યાદ આપી રહી છે. □

અઠ્ઠાવીસમી શિષ્ટવાચન પરીક્ષા

ગુજરાત શિષ્ટવાચન પરીક્ષા ટ્રસ્ટ, વડોદરા તરફથી અઠ્ઠાવીસમી શિષ્ટવાચન પરીક્ષા ઑક્ટોબર ૧૯૭૮ની તા. ૮ ને રવિવારના રોજ જે તે કેન્દ્રમાં લેવાશે. આ પરીક્ષા માટે ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ. વડોદરાએ પરીક્ષા માટે જ ખાસ પ્રસિદ્ધ કરેલા 'શ્રી ભાગવત્ કથા' (લેખક મુકુલભાઈ કલાર્થી) નામનું પુસ્તક રાખવામાં આવ્યું છે. તેનાં પૃષ્ઠ ૧૩૬ છે. કિંમત પોસ્ટેજ સાથે રૂ. ૧-૫૦ છે. રૂબરૂમાં લેનારને રૂ. ૧-૪૦માં મળશે. આ પુસ્તકમાં ભક્તિનો મહિમા વર્ણવતાં નાનાંમોટાં સૌ કોઈ વાંચી સમજી શકે એવી સાદી અને સરળ શૈલીમાં અસંખ્ય દ્રષ્ટાંત-મંગલકથાઓ આપવામાં આવી છે. જે ગામેથી ૧૦ ઉમેદવારો ઊભા થશે ત્યાં આ પરીક્ષાનું કેન્દ્ર અપાશે. પરીક્ષાર્થી દીઠ પરીક્ષા ફી ૦-૮૦ પૈસા છે. ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર તથા ઉપલા નંબરોને ઈનામ આપવાની યોજના છે. સને ૧૯૭૭-૭૮ના વર્ષમાં (ગઈ સાલ) ૫૫૩૮૭ પરીક્ષાર્થી નોંધાયા હતા જે એક ગૌરવપ્રદ બીના છે. કેન્દ્ર ખોલવા તથા વિશેષ હકીકત જાણવા તા. ૩૦-૮-૭૮ સુધીમાં શ્રી મંત્રીજી, ગુજરાત શિષ્ટવાચન પરીક્ષા ટ્રસ્ટ, ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ, સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા એ સરનામે પત્રવ્યવહાર કરવો.

ઑલિમ્પિક અને ભારત

વિશ્વ ઑલિમ્પિક રમતોત્સવમાં ભારત પણ ભાગ લે છે, પણ એમાં આપણો દેખાવ, આપણા આટલા મોટા દેશને ગૌરવ આપે એવો નથી હોતો એ એક હકીકત છે. શું આપણે ત્યાં ઉત્તમ ખેલાડીઓ તૈયાર ન થઈ શકે? શું આપણે અમુક ગણીગાંઠી રમતોનો વળગાડ છોડીને બીજી રમતોમાં પણ ભાગ ન લઈ શકીએ? શું આપણને રમતગમતના ક્ષેત્રમાં રસ જ નથી? આપણા આ પછાતપણાનાં શાં કારણો હોઈ શકે? અને શું કરીએ તો આપણે પણ ઑલિમ્પિક રમતોમાં નામના પામી શકીએ? આ અને આવા અન્ય પ્રશ્નો અંગે વિવેચનાત્મક અને રચનાત્મક સૂચનો મેળવવા માટે અંધેરી (મુંબાઈ)ની લાયન્સ ક્લબના શ્રી અરવિંદ એમ. શાહ, ચેરમૅન સ્પેશિયલ પ્રોજેક્ટ કમિટી દ્વારા ૧૯૭૬ના ડિસેમ્બરના 'કુમાર'માં એક લેખસ્પર્ધાની જાહેરાત કરી હતી. આવેલા લેખોની ગુણવત્તા અનુસાર ક્લબ તરફથી પ્રોત્સાહનાર્થે રૂપિયા ૭૫, ૫૦ અને ૨૫નાં એમ ત્રણ ઈનામો પણ જાહેર થયાં હતાં. રમતક્ષેત્રે અન્ય દેશોની સરખામણીમાં દેખાતી આપણી કંગાલિયત દૂર કરવા માટે કંઈક નવું માર્ગદર્શન પામવાની એમાં અપેક્ષા હતી. પણ એ અપેક્ષાનો એક ઉત્તર તો આવેલા લેખોની સંખ્યામાંથી જ મળી જતો લાગે છે. આખા વર્ષ દરમિયાન માત્ર પાંચ જ જણે આમાં રસ દાખવ્યો છે. પ્રજાજીવનમાં રમતગમતના ક્ષેત્રને આપણે કેટલું મહત્ત્વ આપીએ છીએ એનું આ પ્રતિબિંબ છે! પાંચેય લેખોમાં લેખકોએ પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કરતા જે મુદ્દા અને સૂચનો આપ્યાં છે તે બહુધા અવારનવાર સર્વત્ર ચર્ચાતાં જ રહ્યાં છે. આથી જાહેર કરેલાં ઈનામો મોકૂફ રાખીને, લેખકોએ લીધેલી મહેનત એળે ન જાય એ દૃષ્ટિએ ભાગ લેનાર દરેક લેખકને ૨૦ રૂપિયા પુરસ્કાર આપવાનું નિર્ણાયકોએ તથા લાયન્સ ક્લબ (અંધેરી)એ નક્કી કર્યું છે. આવેલા પાંચે ય લેખોમાં જે કેટલાક મુદ્દાઓ નોંધનીય લાગ્યા છે એની તારવણી આ સાથે પ્રકટ કરી છે.

—સંપાદક

જેમાં ચપળ શારીરિક ક્રિયાશીલતાની જરૂર રહે એવી મેદાની રમતોમાં સ્પર્ધાનું તત્ત્વ ઉમેરાતાં એનું એક આગવું ક્ષેત્ર છેક આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી વિકસ્યું છે. આના પરિણામે રમતવીરોનો અલગ વર્ગ રચાયો છે. પ્રજાજીવનના વિકાસમાં એનું પણ આગવું મહત્ત્વ છે. એના પોષણ અને વિકાસમાં દેશનું ગૌરવ છે. પણ આપણે રમતગમત અને વ્યાયામ પ્રત્યે જોઈએ તેટલું લક્ષ આપતા નથી. આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં આપણા રમતવીરો બહુ સારો દેખાવ કરી શકતા નથી એથી આપણે ગ્લાનિ અનુભવીએ છીએ એ ખરું, પણ એમાં આપણે—પ્રજા અને સરકાર બંને જવાબદાર છીએ. બાળકોના ઉછેર અંગે આપણા ખયાલો જ કંઈક એવા છે કે આપણે એમને ખુલ્લા મેદાનમાં મુક્તપણે રમવા દેતા નથી. એમને જરા વાગે કે એમની ચામડી છોલાય તો એને મોટું સ્વરૂપ આપી દઈ આપણે બાળકોને ખેલકૂદ કરતાં અટકાવવા માંડીએ છીએ. એમની કેળવણીમાં ભણતરને માટે વારંવાર ટોકવા ઉપરાંત, કેરમબોર્ડ કે સાપસીડી ને બહુ તો ક્રિકેટના બૅટબૉલ કે હૉકી જેવાં થોડાં સાધનો યા કહેવાતા બાલસાહિત્યની માંદલી વાર્તાઓની ચોપડી તથા ભડકામણા રંગ ને વિચિત્ર ઘાટ-આકારનાં રમકડાં અપાવવામાં આપણી બાળકો પ્રત્યેની ફરજ પૂરી થઈ એમ હજી યે મોટા ભાગના આપણે માનીએ છીએ. બાળકોના બૌદ્ધિક વિકાસના જેટલું જ મહત્ત્વ એમના શારીરિક વિકાસ પાછળ પણ આપવાનું આપણા હૈયે હજી વસ્યું નથી. આપણાં બાળકો 'સ્માર્ટ' દેખાય છે, પણ 'ખડતલ' નથી.

આપણી શાળામાં રમતગમતની પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ કરવા ખાતર જ થતી હોય છે. વ્યાયામશિક્ષકો એ વિષયના 'શિક્ષકો' જ છે, "વ્યાયામવીર" નથી. શાળામાં એમનું સ્થાન પણ 'ડ્રૉઈંગ ટીચર' જેવું—અન્ય વિષયના શિક્ષકો કરતાં ઊતરતું ગણાતું હોઈ એમના કાર્ય પ્રત્યે પણ ઉદાસીનતા જોવા મળે છે. પરિણામે સારા 'કોચ' બનવા જેટલી ક્ષમતાવાળા ઓછા માણસો જોવા મળે છે. વ્યાયામ કે રમતગમતોનાં પૂરતાં સાધનો અને જગ્યા પણ આપણી શાળામાં હોતી નથી. સ્વાતંત્ર્ય પછી નિશાળો વધી એટલી વ્યાયામશાળાઓ વધી નથી. અને શાળા-કૉલેજોમાં નાટ્ય ગરબા, કે એવી પ્રવૃત્તિઓને જેટલું પ્રોત્સાહન ને મહત્ત્વ અપાયાં એટલાં રમતગમતના ખેલાડીઓને બહુ જ ઓછી જગ્યાએ મળે છે. પરિણામે રમતગમત અને વ્યાયામના ક્ષેત્રમાં અનેક આશાસ્પદ નવયુવાનો થોડા જ સમયમાં પોતાનો જુસ્સો ગુમાવી દે છે, અથવા કેવળ વધારાનાં સર્ટિફિકેટો મેળવવા પૂરતો જ તેમાં રસ લે છે. આથી શાળા કૉલેજની સ્પર્ધાઓમાં નામ કાઢનાર વિદ્યાર્થી ઉદાસીનતાથી એ થોડીશી સિદ્ધિથી જ સંતોષ પામીને યા વધુ પ્રોત્સાહનના ને સગવડના અભાવે વધુ ઊંચાં શિખરો સર કરવાની મહત્ત્વાકાંક્ષા વિસારી દે છે અથવા થોડી નિષ્ફળતાથી નિરાશ થઈ ધીરજ ગુમાવીને સાધના વિમુખ બની રહે છે. કદાચ એ પોતાનો જુસ્સો ટકાવી યે રાખે તો એમને એ દિશામાં વધુ ઊંચી સિદ્ધિઓ સાધવા માટે યોગ્ય અને પૂરતું માર્ગદર્શન તથા સગવડ આપવાની આપણી સમજ કે તૈયારી નથી. હા, એક ક્રિકેટ છે, જેની પાછળ આપણે ગાંડા છીએ. એમાં રમનારો તો ઠીક, પરંતુ નહિ રમનારો ઘણો મોટો વર્ગ પણ એ રમતની ઝીણામાં ઝીણી વિગતોમાં, પોતાનો કામધંધો છોડીને યે ઊંડો રસ લે છે. ક્રિકેટનો આપણો એકાદ ખેલાડી જરા સારો દેખાવ કરી બતાવે તો દૂરદૂરનાં ગામોમાં આપણે હરખાઈને એની ઉજવણી કરીએ છીએ. પણ અનેકાનેક મૅચમાં હાર્યા પછી યે આપણે જેમ ક્રિકેટનો છંદ છોડી શકતા નથી તેમ દરેક રમતગમત માટે થવું જરૂરી છે. વળી, ક્રિકેટ અને હૉકી જેવી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાની કક્ષાએ પહોંચેલી રમતોમાં પણ આંતરિક કાવાદાવા ને પ્રાદેશિક વિખવાદોએ જે ગ્લાનિજનક સ્થિતિ સર્જી છે એવી સ્થિતિ ઑલિમ્પિક સ્પર્ધા માટેના ખેલાડીઓની પસંદગીમાં પણ દેખાઈ આવે છે, જે ઇચ્છનીય નથી. આને કારણે આપણા ઘણા સારા ખેલાડીઓ અવગણના પામે છે અને અયોગ્ય ખેલાડીઓ એમની પાછળ કરાતાં ખર્ચ અને મહેનત પર પાણી ફેરવી દે છે. રમતગમતમાં જેનું સૌથી વધુ મહત્ત્વ અંકાય છે એ ખેલદિલી હરગીઝ ભુલાવી ન જોઈએ. આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે રમતવીરો પસંદ કરવામાં આપણો અભિગમ આપણને ઉજ્જ્વળ કીર્તિ અપાવવામાં નિષ્ફળ જતો જણાઈ રહ્યો છે.

વળી, અમુક ગણીગાંઠી રમતો બાદ કરતાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં રમાતી ઘણી રમતો આપણે ત્યાં પૂરતો પ્રચાર–પ્રસાર પણ પામી નથી.

એમાંની ઘણી રમતોમાં જરૂરી એવી ખડતલતા ને શક્તિ આપણા ગ્રામવાસીઓ ને આદિવાસીઓમાં હોવા છતાં આપણે પૂરતો લાભ લઈ શકતા નથી. એમના વિકાસની યોજનાઓમાં રમતગમતની તાલીમને પણ યોગ્ય સ્થાન આપવું જરૂરી છે. રશિયાના ૮૦ ટકા રમતવીરો ગ્રામવિસ્તારના છે, અને ઑલિમ્પિક સ્પર્ધાઓમાં રશિયાની સિદ્ધિઓ આપણે જાણીએ છીએ. અલબત્ત, યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધાઓમાં રમતોનો સમાવેશ અને એ માટેના પ્રશિક્ષણની સગવડ છે, પરંતુ એટલું જ મહત્ત્વ ને એટલી સગવડ નીચલી શાળાઓમાં પ્રાપ્ય નથી. ભવિષ્યના સારા રમતવીરો નિપજાવવાનો ખરો આરંભ જ્યાંથી થવો જોઈએ ત્યાં જ એને માટેની પૂરતી સગવડ ને યોગ્ય આયોજનની ખોટ દેખાય છે. બીજી બાજુ ક્રિકેટ જેવી રમતના ખેલાડીઓને અમુક નોકરીધંધામાં પ્રથમ પસંદગી અપાય છે તેમ બીજી રમતોમાં નિપુણ યુવાનોને પણ મહત્ત્વ મળવું જોઈએ. વળી રમતગમતના ક્ષેત્રમાં યુવાનોના જેટલું મહત્ત્વ યુવતીઓને પણ અપાવું જરૂરી છે.

એક બીજી દિશામાં યે લક્ષ આપવા જેવું છે. પશ્ચિમના કેટલાક દેશોમાં અનાથ ને નિરાધાર બાળકોને સરકારી ખર્ચે રમતગમતોની તાલીમ અપાય છે. એમાંથી સારા રમતવીરો નિપજ્યા છે. આપણે ત્યાં આવાં બાળકોની સ્થિતિ લગભગ ભિખારી જેવી છે અને એમાંનો મોટો ભાગ ખોટે માર્ગે ચડી જાય છે. એમના સર્વાંગી વિકાસમાં આ પણ એક પાસું ઉમેરવા જેવું છે. સમાજ પર ભાર રૂપ બનવાને બદલે તેઓ પણ સમાજને ગૌરવરૂપ સ્વમાનથી જીવી શકે એ આપણે જોવું જોઈએ.

આપણા રમતવીરોમાં શારીરિક યોગ્યતાની ઊણપ પણ દેખાય છે. રમતગમતોમાં સ્પર્ધા અને વિક્રમો સ્થાપવાનું તત્ત્વ પણ ઉમેરાયું હોઈ એ માટેની પૂરતી તાલીમ અને યોગ્ય સારસંભાળ સાથે જે તે રમતને માટે જરૂરી શારીરિક ક્ષમતા પણ કેળવાવી જોઈએ. શારીરિક યોગ્યતાનો અર્થ નીરોગી તન-મનથી આગળ વધીને રમતગમતના ક્ષેત્રમાં જે તે રમતમાં શરીર પાસેથી કામ લેવાના સામર્થ્ય સુધી વિસ્તરેલો છે. કોઈ પણ કુસ્તીબાજ બૅડમિન્ટન માટે, વેઈટલિફ્ટર લાંબા અંતરની દોડ માટે, કે પટાબાજ ભાલાફેંક માટે શારીરિકરીતે યોગ્ય ન ગણાય. એટલે જે ખેલાડી જે રમતમાં જરૂરી અધિકતમ શારીરિક યોગ્યતા ધરાવતો હોય તેમાં જ એ પ્રગતિ ને વિકાસ સાધે એ જરૂરી છે. દુનિયાના પ્રથમ પંક્તિના રમતવીરોની સરખામણીમાં આપણા ખેલાડીઓ ૨૫ ૩૦ ટકા ઓછી હવા શ્વાસમાં લઈ શકે છે. હૃદયના ધબકારાની એકસરખી સંખ્યા છતાં બીજા ઉતમોત્તમ ખેલાડીઓનાં હૃદયમાંથી દર મિનિટે ૩૯ લિટર લોહી શરીરમાં ધકેલાય છે ત્યારે આપણા રમતવીરોનાં હૃદ .ંથી ૨૪ લિટર. શરીરમાં લોહી વધુ ધકેલાવાથી અધિકતમ પ્રાણવાયુ લેવાની ક્ષમતા વધે છે. ભારતીય રમતવીરો ૫૦ થી ૫૫ ટકા પ્રાણવાયુ વાપરે છે, જ્યારે દુનિયાના શ્રેષ્ઠ રમતવીરોમાં તેનું પ્રમાણ ૭૫ થી ૮૫ ટકા છે. ભારતીય ખેલાડી કરતાં બીજા રમતવીરો પ્રાણવાયુની દોઢ ગણી ખોટ જીરવી શકે છે. મેદાની રમતોમાં ખેલાડીને પ્રાણવાયુની ઘણી જરૂર પડે છે અને એના અભાવે એ રમત દરમિયાન વહેલો થાકી જાય છે.

આ જ રીતે ખોરાકનું પણ. વધુકા ખોરાકથી શરીરમાં એકઠી થતી ચરબી રમતમાં કાર્યસાધકતા ને ઝડપ ઘટાડે છે, તો અપૂરતા ખોરાકથી શરીરમાં સંઘરાએલી શક્તિ વપરાવા લાગીને કાર્યક્ષમતા ઘટાડે છે. રમતવીરોના આહાર અંગે આવી અનેક વિચારણાઓ થએલી છે. આમાં તેઓને કોઈ 'ખાસ' ખોરાક લેવાની નહિ, પણ 'યોગ્ય', 'સમતોલ' આહાર લેવાની જરૂર છે. ઓછા પ્રમાણમાં છતાં પૂરતી કૅલરી આપે તેવો ખોરાક રમતવીરોને માટે યોગ્ય ગણાયો છે. પોતાની તૈયારી દરમિયાન આપણા રમતવીરોએ આ દૃષ્ટિએ પણ વિચારવાની જરૂર છે.

એક મત એવો પણ છે કે ભારતીય રમતવીરોના શરીરનો બાંધો અને નીચું કદ પણ એમને ઑલિમ્પિક સ્પર્ધાઓમાં નડે છે. પણ આ શંકા તથ્ય વિનાની છે. જાપાન અને કોરિયાના નીચા કદના ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં મેળવેલી નામના જગજાહેર છે. અલબત્ત, અમુક રમતોમાં શરીરના બાંધા ને કદનું પણ મહત્ત્વ છે, પરંતુ એ લક્ષમાં રાખી એને યોગ્ય એવી રમત પસંદ કરીને પછી અનુભવી ઉસ્તાદો (કોચ) દ્વારા ઘનિષ્ઠ તાલીમ આપી સારા રમતવીરો નિપજાવી શકાય. પદ્ધતિસરની અને પૂરતી તાલીમથી રમતગમતની કામગીરી (પર્ફૉર્મન્સ) સુધારી શકાય છે. શરીરનો અવયવ જે કામ માટે સરજાયો હોય તે માટે એને વધુ સારી રીતે અનુકૂળ બનાવી શકાય છે. દા. ત. માંસપેશીઓને વારંવાર કસરત મળે તો માંસતંતુઓ કદમાં વધે છે. એથી એમાં લોહીનો પુરવઠો વધીને એની શક્તિ વધતાં એ વારંવાર અને વધુ સંકોચન કરી શકે છે. બલિષ્ઠ સંકોચન એટલે શક્તિ કે બળમાં વધારો. ઝડપી ને વારંવારના સંકોચનની ક્ષમતા એટલે ઝડપમાં વધારો. આ ક્ષમતા કેળવવાથી રમતવીર લાંબો સમય રમતમાં ટકી શકે છે. આ જ રીતે હૃદયની કાર્યક્ષમતા વધારવાથી શરીરમાં પ્રાણવાયુનો ઉપયોગ કરવાની શક્તિ વધારીને માંસપેશીઓની કાર્યક્ષમતામાં ઉમેરણ કરી શકાય છે. તાલીમ દ્વારા પૂરતો પ્રાણવાયુ ગ્રહણ કરવાની ક્ષમતા સાધવાથી વધુ કાર્યભાર ઉપાડી શકાય છે, સાંધાઓ સહેલાઈથી વાળી શકાય છે. તરવામાં, વિઘ્નદોડમાં કે કુસ્તીમાં ઝડપથી અને સહેલાઈથી સાંધા વાળી શકવાનું મહત્ત્વ છે.

લઘુકથા

ફાટેલું ગંજી

સરોજ ત્રિવેદી


ફક્ત એક જ શબ્દ માટે અમારાં જીવનમાં આગ ચંપાઈ ગઈ હતી. માત્ર એક શબ્દ મહાભારતનું નિમિત્ત બન્યો હતો ને અમે બન્ને અંદરોઅંદર ઝગડી પડયાં હતાં. વાત વણસી ગઈ હતી, પણ બહાર સમાજમાં ઊભી કરેલી 'ભદ્રતા' તૂટી ન પડે એ ખાતર ઝગડાની ઉગ્રતાને અમે બંધ બારણે ચાર દીવાલો વચ્ચે ભારતાં રહ્યાં હતાં. પરંતુ આજ એ અગ્નિ ઉપરનું આવરણ ખસી ગયું હતું ને તેમાંથી ખુલ્લી જ્વાળાઓ ભભૂકવા માંડી હતી.

સવારે ઘેરથી નીકળ્યો ત્યારે એ મેં કરેલાં અપમાનો, અવહેલનાઓ અને તિરસ્કારને અંતરમાં ઉતારીને બેઠી હતી. ઝગડો એની ચરમ સીમાએ પહોંચ્યો ત્યારે મારો હાથ તમતમી ઊઠયો હતો; ત્યારે સ્વબચાવમાં એણે ફક્ત મારું ગંજી પકડી રાખ્યું હતું. ખેંચાખેંચમાં તે ગળાથી છેક નીચે સુધી ચિરાઈ ગયું હતું, ને મેં જતાંજતાં એ કાઢીને ફેંકી દીધું હતું. મેં જતાં જતાં જોયું કે એના ગાલ પર મારાં આંગળાંઓની છાપ સ્પષ્ટ વરતાતી હતી.

સાંજે ઘેર આવું છું તો એણે જાતે મહાપ્રયાણ કરી લીધું હતું. કેવડી મોટી સજા કરીને એ ચાલી ગઈ હતી! જખમ પડયાને બે ચાર દિવસ થઈ ગયા હતા, ને મેં પહેરેલું ગંજી મારા અંતરની જેમ સાવ મેલું થઈ ગયું હતું એટલે બીજું ખોળવા માંડયો. કબાટમાં ઉપલા ખાનામાં મારાં કપડાં વ્યવસ્થિત કરીને રાખ્યાં હતાં, ને સૌથી ઉપર એક ધોએલું ગંજી પડયું હતું. મેં તેને લઈ ગડ ઉખેળી હાથમાં રાખી એનાં ગળાં તરફ અવળુંસવળું જોવા નજર માંડી, તો હૃદય એક આંચકો ખાઈ સ્તબ્ધ બની ગયું—ઉઘાડા અંગારા પર પગ પડી ગયો જાણે!

એ જ ચિરાઈ ગએલું ગંજી અણસારે ય ન આવે તેમ કેટલા જતને સાંધી વાળ્યું હતું એણે! મારા વાંઝિયા પશ્ચાત્તાપભર્યા અશ્રુબિન્દુઓ સંધાએલા ગંજી પર પડયાં, ને પડયાં એવાં જ બાષ્પ બની મારી આંખોમાં આવી સમાયાં ને ફરી ઊભરાયાં! □





આગામી ઑલિમ્પિકની ટિકિટો

હવે પછીની ઑલિમ્પિક સ્પર્ધાઓ ઈ. ૧૯૮૦માં મૉસ્કોમાં યોજાઈ છે. એ નિમિત્તે રશિયાએ અત્યારથી તૈયાર કરેલી પાંચ ખાસ ટિકિટો અહીં આપી છે. કલાકાર એન. લિટ્વિનૉવે બનાવેલી એની ડિઝાઇનોમાં પાણીમાં રમાતી રમતોનું જ આલેખન છે. તદ્દન સરળતાથી સમજાઈ જાય તેવાં તેનાં સરળ-સચોટ આલેખનો છે. દરેક ટિકિટ ઉપર મૉસ્કો-ઑલિમ્પિક માટે નિશ્ચિત કરેલી સંજ્ઞા પણ સરળ, સચોટ અને ચાતુરીયુક્ત છે. ઑલિમ્પિકની, એકબીજામાં સંકળાએલાં પાંચ વર્તુળોની સંજ્ઞાની સાથે ટોચ ઉપર તારાવાળી મૉસ્કોની સૂચક સંજ્ઞાનું સુંદર સંયોજન છે. ઉપર આપેલી પ્રથમ ઊભી ટિકિટમાં ડાઇવિંગનું ચિત્ર છે. જમણી બાજુના જૂથમાં મથાળે ડાબી બાજુ 'વૉટર પોલો', તેની બાજુમાં 'સ્વિમિંગ', (બીજી હારમાં) હલેસાં (કૅનો પેડલિંગ)નું ચિત્ર છે. છેલ્લે 'સ્કલિંગ' એટલે કે હોડીની દોડની સ્પર્ધાના ચિત્ર સાથેની ટિકિટવાળું એક 'મિનિયેચર શીટ' આપ્યું છે. ('ટાસ')

આમ, રમતગમતમાં શ્રેષ્ઠતા પામવા શારીરિક વ્યાપારનો જરૂરી એવો વિકાસ પામવા યોગ્ય તાલીમ અતિ મહત્ત્વની અને અનિવાર્ય છે. શાળાનાં વર્ષો દરમિયાન યોગ્ય અને સમતોલ આહારથી શરીર બંધાવા સાથે યોગ્ય તાલીમ મળવાથી મેદાની રમતો માટે શારીરિક યોગ્યતા સિદ્ધ કરી શકાય છે.

શિસ્તનું પણ એટલું જ મહત્ત્વ છે. હકીકતે તો છેક પ્રાથમિક શાળાના સ્તરથી એના પર ભાર મુકાવો જોઈએ. હા, લગભગ બધી શાળાઓમાં શિસ્તનો આગ્રહ રખાતો દેખાય છે. વિદ્યાર્થીને શાળામાં દાખલ કરવા માટેનાં ફૉર્મ સાથે નિયમો પણ છાપ્યા હોય છે, શાળાની દીવાલો ઉપર પણ એવાં લખાણો ચીતર્યાં હોય છે. કવાયત કરતા વિદ્યાર્થીઓનો સમૂહ જોતાં કે રિસેસ યા શાળા છૂટે ત્યારે એ જ શાળાના વિદ્યાર્થીઓ જોતાં એમને મળેલી શિસ્તની તાલીમનો અંદાજ મળી રહે છે. મોટી વયે આ-માંથી જ આવેલા રમતવીરો જ્યારે સ્પર્ધાઓમાં ઊતરે છે ત્યારે ઘણી વાર એમનું વર્તન શિસ્ત ચૂકી જાય છે. પર પ્રાંત કે પરદેશ જવાની જેમને તક મળે છે એવા રમતવીરો ઘણી વાર ભૂલી જાય છે કે પોતાને શા માટે મોકલવામાં આવ્યા છે. નવું ગામ કે નવો દેશ જોવા-માણવા તેઓ થન-ગને એ સ્વાભાવિક છે, પરંતુ પોતાનું, પોતાને મોકલનાર સંસ્થા કે દેશનું ગૌરવ પણ તેઓ ભૂલી જાય એ વાજબી નથી. બહારની અનેક લા-લચોમાં આજકાલ દારૂનું આકર્ષણ અજબ વધી ગયું છે. અને આ નશો એમના વર્તન અને એમની રમત બંને પર માઠી અસર કરે જ છે.

તાલીમ દરમિયાન અને રમતો કે એની સ્પર્ધા દરમિયાન રમત-વીરોને યોગ્ય રીતે આરામ પણ મળી રહેવો એટલો જ જરૂરી છે. વિવિધ પ્રકારના ભરચક કાર્યક્રમોમાં સતત વ્યસ્ત રહેવાથી પણ અમુક અંશે થકાવટ આવે છે, જેની અસર પણ સ્પર્ધા વખતે પડતી જ હશે.

ટૂંકમાં શ્રેષ્ઠ રમતવીરો તૈયાર કરવા માટે એમની યોગ્ય સારસંભાળ, સઘન તાલીમ અને યોગ્ય પ્રતિષ્ઠા-પ્રોત્સાહન આપવાની જરૂર છે. અભ્યાસકાળથી જ યુવકયુવતી બંનેના બૌદ્ધિક વિકાસ સાથે શારીરિક યોગ્યતા પ્રત્યે પણ એટલું જ ધ્યાન આપી એ માટેની બધી જ જરૂરી ને પૂરતી સગવડો ઉપલબ્ધ બનાવવી જોઇએ. દેશવિદેશના નામી રમત-વીરો ને ઉસ્તાદો પાસેથી માર્ગદર્શન મેળવવું જોઇએ. સૈન્યમાં સૈનિકની તાલીમ અને સારસંભાળને જેમ મહત્ત્વ અપાય છે તેમ રમતવીરોને માટે પણ થવું જોઈએ. સંરક્ષણક્ષેત્રમાં જે મહત્ત્વ સૈનિકોને અપાય છે, સામાજિક સ્તરે મહાનુભાવોને જે પ્રતિષ્ઠા મળે છે કે જે ઉમળકો આ-પણા ક્રિકેટવીરો પ્રતિ દાખવીએ છીએ એ બધું જ આપણા ખેલાડીઓને પણ આપણે—દેશની પ્રજાએ તથા સરકારે આપવું જોઇએ. રમતગમતની શ્રેષ્ઠતાને કોઈ એક જાતિનું કે પ્રાંતનું જ નહિ, સમગ્ર દેશનું ગૌરવ ગણીને, આંતરિક વિખવાદો ને કાવાદાવા ત્યજીને રમતગમતના વિકાસનું આયોજન કરીએ તો આપણા આ આટલા વિશાળ દેશમાંથી શ્રેષ્ઠ રમતવીરો ન મળી શકે એવું બને જ નહિ. દોષ આપણા રમતવીરોનો નહિ, પણ રમતગમત પ્રતિનો આપણા અભિગમનો, આપણા આયો-જનનો—આપણો પોતાનો છે. □


લાયન્સ ક્લબ ઑવ અંધેરી (મુંબાઈ-૫૮)ની સ્પેશિયલ પ્રોજેક્ટ કમિટીએ જાહેર કરેલી આ લેખસ્પર્ધામાં ભાગ લેવા બદલ નીચેના લેખકોને દરેકને રૂપિયા ૨૦)નો પુરસ્કાર આપવામાં આવે છે: સર્વશ્રી મંજુલ કે. જોશીપુરા (અમદાવાદ), જ્યોતીન્દ્ર એન. વ્યાસ (સૂરત), ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી (ઊમરેઠ), કરુણાશંકર મ. જોષી (અમદાવાદ) અને રમેશ કે. સેવક (કઠોર).

'વિનોદ'ની નજરે-૨૮

અશોક હર્ષ

લેખક

વિનોદ ભટ્ટ



અને એ બાળકની છઠ્ઠીને દિવસે મોડી રાતે વિધાતાએ ઓરડામાં ડોકિયું કર્યું. બાળકના પારણા પાસેના બાજોઠ પર ચાંદીનો રૂપિયો, કિત્તો, તલવાર, કાગળ વગેરે પડયાં હતાં. વિધાતાએ અંદર આવીને જોયું તો બાળક પારણામાંથી સહેજ ઊંચું થયું. એક હાથમાં કિત્તો ઉપાડયો, બીજા હાથે તલવાર લીધી, ને એ તલવાર વડે કિત્તો છોલીને ધારદાર બનાવ્યો. કાગળ પર લસરકો કરી તેની ધારની તીક્ષ્ણતા માપી લીધી. પછી તલવાર ને કિત્તો યથાસ્થાને મૂકી પારણામાં હતું તેમ ગોઠવાઈ ગયું. વિધાતા આશ્ચર્યથી બાળક સામે જોઈ રહી. બાળક હસી રહ્યું 'તું. વિધાતાને તેના લેખ લખવાની જરૂર ના પડી; કેમ કે બાળકે જાતે જ પોતાનું ભવિષ્ય લખી નાખ્યું હતું.

એ બાળકને પછીથી લોકો અશોક હર્ષ તરીકે ઓળખતા થયા. નામ ને અટક બંનેનો અર્થ લગભગ સરખો જ થતો હોય એવા આ અશોક હર્ષ આજન્મ યોદ્ધા છે. તેમને હમેશાં મેદાન જ ગમે છે. મેદાન ના હોય ત્યાં મેદાન ઊભું કરવાનું સામર્થ્ય તે ધરાવે છે.

અશોકભાઈએ 'ચાંદની'માં મારી પહેલી વાર્તા છાપેલી. (જો કે આવું તો મેં લગભગ દરેક તંત્રી-સંપાદકને કહ્યું છે. એ લોકો બાપડા રાજી પણ થયા છે. પણ મારા લેખને વાર્તા તરીકે છાપનારાઓમાં અશોકભાઈ પહેલા છે એ વાત બિલકુલ સાચી છે.) ઈ. ૧૯૫૭-'૫૮ની સાલ. 'જનસત્તા' કાર્યાલય એ વખતે રેવડી બજારમાં બેસતું. લાકડાની એક કૅબિનની બહાર 'અશોક હર્ષ' નામનું પાટિયું ઝૂલે. તેમને પહેલી વાર મળ્યો ને તેમની આંખોમાં કચ્છના તોફાની દરિયાનો ઘૂઘવાટ સંભળાયો. આંખનો રંગ પણ દરિયાના પાણી જેવો. જીવનમાં જાણે કોઈ જ વાતની ઉતાવળ ના હોય એમ બિલકુલ ધીરા અવાજે શબ્દે શબ્દ છૂટો પાડીને બોલે. એક વાકય બોલતાં બાર સેકન્ડથી માંડીને બે મિનિટ સુધીનો સમય લગાડી દે. ગલોફામાં પાન ભર્યું હોય. તેમને આ રીતે બોલતા સાંભળીને મને પહેલાં તો એવું લાગ્યું કે તે બિનગુજરાતી હશે ને કદાચ એટલે જ મનમાં શબ્દો ગોઠવીને બોલતાં કષ્ટાતા હશે. પણ પરિચય વધતાં ખાતરી થઈ કે આ કચ્છી માડુને શબ્દો કષ્ટી શકે તેમ નથી. (હા, ધારે તો તે શબ્દોને કષ્ટી શકે ખરા.) પણ હવે હું તેમની એ વાનીથી હેવાઈ ગયો છું. અક્ષરો છૂટા પાડીને એકદમ ધીમા અવાજે બોલવાની તેમની ટેવ અંગેની એક દંતકથા મેં સાંભળી છે. અશોકભાઈ અમદાવાદ સ્ટેશનના પ્લૅટફૉર્મ ઉપર આવેલા વ્હીલરના બુક સ્ટૉલ પર ઊભા રહીને કોઈ પુસ્તક જોતા'તા. ત્યાં હાંફળાફાંફળા આવતા એક અજાણ્યા રાહગીરે તેમને પૂછયું: 'ભૈ, ગુજરાત કવીન ગઈ?' જવાબ આપવાને બદલે અશોકભાઈ પેલા મુસાફર સામે પાંચેક સેકંડ તાકી રહ્યા. પેલો રઘવાટમાં હતો. પોતાનો પ્રશ્ન સમજાયો નથી એમ માનીને તેણે ફરીથી પૂછ્યું: 'ગુજરાત કવીન ગઈ?' સામેથી પસાર થઈ જતી ટ્રેઈન સામે નજર ફેંકીને અશોકભાઇએ પોતાની સ્ટાઈલમાં કહ્યું:' તમે...ખોટા...માણસને...આ...સવાલ...પૂછયો.'

'એટલે?' પેલાએ આશ્ચર્યથી પૂછ્યું.

'તમે...મને...પૂછવાને...બદલે...કોઈ...બીજાને...પૂછયું'...હોત તો તમને...ગુજરાત...કવીન...મળી...જાત. જુઓ...આ...જાય...ગુજરાત...કવીન. તમે...તે ચૂકી...ગયા.

તેમની જબાન જેટલી ધીમી ગતિએ ચાલે છે એનાથી સેંકડો ગણી તેજ ગતિએ તેમની કલમ ચાલે છે. કલમ પાસેથી તેમણે બરછીનું કામ લીધું છે. ભલભલાનાં મર્મસ્થાનોને વેધી નાખ્યાં છે. મુનશી, રમણલાલ વ. દેસાઈ, ગુણવંતરાય આચાર્ય, યશવંત શુકલ, યશોધર મહેતા જેવા કેટલાય ધુરંધરો સાથે તેઓ બાખડી પડયા છે.

ગુણવંતરાય આચાર્યનો સન્માન સમારંભ ચાલતો'તો. ઇતિહાસ પરિષદવાળા તેમનું સન્માન કરતા'તા, ત્યાં જ અશોકભાઈ દારૂગોળા સાથે પહોંચી ગયા. કચ્છનું ગેઝેટીઅર લઇને સમારંભની વચ્ચે જ ઊભા થઇને તેમણે આચાર્યને કહ્યું: 'તમે ઇતિહાસમાં ગપ્પાં જ માર્યાં છે. 'દરિયાલાલ'માં તમે લખ્યું છે એવું કશું જ ઇતિહાસમાં નથી. લધા રામજીને તમે હીરો તરીકે ચીતર્યો છે, પણ તે તો એક મોટો ગુંડો હતો; હીરો ક્યારેય નહોતો...'

કનૈયાલાલ મુનશીને પણ અશોકે મોઢામોઢ કહ્યું હતું કે 'તમે ઇતિહાસમાં બહુ હાંકયે રાખ્યું છે. ક્યાંય મોં-માથું મળતું જ નથી....' જેના જવાબમાં મુનશીએ પોતાનો મુદ્દો સમજાવતાં કહેલું: 'મારે તો ગુજરાતનો મહિમા વધારવો છે. એ જ મુખ્ય ઉદ્દેશ રહ્યો છે. ઇતિહાસ-ફી ઐસી તૈસી.'

'તો મારે કંઈ કહેવાનું નથી...' મુનશીના આ જવાબથી મ્હાત થઈ જતાં અશોકે કહેલું. મને લાગે છે કે લાગણીથી અશોકભાઈ ક્યારેક જ મ્હાત થતા હશે. બુદ્ધિની આડે લાગણીને નહિ આવવા દેતા હોય.

રમણલાલ વ. દેસાઈ સાથે ય તેમણે લંબાણથી પેચ લડાવેલા. રમણલાલે પછી તેમને માટે લખેલું પણ ખરું કે આ માણસ જીવનમાં ક્યારેય હસ્યો નહિ હોય; ને એ બંને વડોદરામાં મળ્યા ત્યારે રમણલાલના આ સ્ટેટમેન્ટ પર બંને ખૂબ હસેલા, અને રમણલાલે વડોદરા યુનિવર્સિટી માટે ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ તૈયાર કરવામાં અશોકભાઈની સારી એવી મદદ મેળવેલી.

ચીન ફરી આવ્યા બાદ યશવંત શુકલે કયાંક કહ્યું કે 'ચીનમાં મેં એક પણ બાળકને રડતું જોયું નહિ.'

'મને કહ્યું હોત તો બતાવત...' અશોકે આના જવાબમાં કહેલું: 'બાળકની નહિ રડવાની ક્રિયા માનવ-પ્રકૃતિની વિરુદ્ધ છે...'

અશોકભાઈ અઠંગ અભ્યાસી છે. તેમની પાસે ગપ્પાંબાજી ન ચાલે. પન્નાલાલ પટેલે 'વાત્રકના કાંઠે' નામની વાર્તામાં સ્ત્રી-માનસની વાત આલેખેલી. એ વાંચીને અશોકે તરત જ પન્નાલાલનું ધ્યાન ખેંચ્યું: 'આ બરાબર નથી. તમે બતાવ્યું છે એ પ્રકારનું વર્તન કોઈ વિકૃત માનસવાળી સ્ત્રી જ દાખવી શકે; નૉર્મલ સ્ત્રી નહિ'. અશોકભાઈની વાત યોગ્ય જણાતાં પન્નાલાલે એ પુસ્તકની બીજી આવૃત્તિમાં એ પ્રમાણે સુધારેલું યે ખરું.

બીજા એક ખ્યાતનામ વાર્તાકારે પોતાની એક વાર્તામાં, વાર્તાના

નાયકને કોઈ મંદિરમાં લપાઈ જતો બતાવ્યો. તેની પાછળ એક ટાંકું પડચું'તું. દેવના મંદિરની પાછલી બારી તોડીને હીરો નાસી જાય છે. એ વાર્તા વાંચીને અશોકભાઈએ કહ્યું : 'લેખકે આ વાર્તા કોઈ ક્રિશ્ચિયન વાર્તામાંથી પ્રેરણા લઇને લખી હોય એમ જણાય છે, કેમ કે હિંદુ દેવના મંદિરમાં પાછળ આવી કોઈ બારી મૂકી શકાતી નથી; નિષેધ છે. હા, ખ્રિસ્તીઓના કૅથીડ્રલ્સમાં પાછળ આવી બારીઓ હોવાના ઉલ્લેખો જોવામાં આવ્યા છે ખરા...'

લખવામાં છે એટલા જ આકરા તે બોલવામાં યે ખરા. તે બોલવા બેસે ત્યારે સામે કઈ વ્યક્તિ છે એય ના વિચારે. 'કુમાર'ની બુધસભામાં એ રાતે બળવંતરાય ક. ઠાકોર આવેલા. કોઈકની કવિતા વંચાઈ. પછી તેનાં અર્થઘટનો (મારા મતે પોસ્ટમૉર્ટમ) શરૂ થયાં. અશોકભાઇએ એ કાવ્યનો અર્થ પોતાની રીતે ઘટાવવા માંડચો એટલે બચુભાઈ રાવતે તેમને કહ્યું : 'તમે આ અર્થ કાઢો છો પણ મુ. બલ્લુકાકા તો આવો અર્થ કરે છે.'

'બલ્લુકાકા તો મૂરખ છે...' અશોકભાઇએ બળવંતરાય વિષેનો પોતાનો મત જાહેર કરી દીધો. બધા સ્તબ્ધ થઈ ગયા. બળવંતરાયે અશોકભાઇને કહ્યું : 'છોકરા, પછી મને મળજે...' ને પછી બળવંતરાયે અશોકને 'સારું' નહિ પણ 'સાચું' લાગ્યું એવું કહેવાની હિંમત બતાવવા બદલ અભિનંદન પણ આપેલાં.

અશોકભાઈમાં સહિષ્ણુતા ઘણી ઓછી. તેમની શિકારકથાઓમાં આવતા હિંસ્ર ચિત્તાની જેમ આક્રમક પણ ઝડપથી બની જાય. ગુલાબદાસ બ્રોકર 'જનસત્તા'માં સાહિત્યનું પાનું સંભાળે. દિવાળી અંકોની ટૂંકી નોંધ બ્રોકરે લખી, જેમાં 'ચાંદની' માટે સહેજ ટકોર જેવું કર્યું. એ ટકોર અશોકભાઇને ચમચમી ગઈ. 'જનસત્તા' પરિવારનું જ સામયિક 'ચાંદની', અને એને જ વિષે ખુદ 'જનસત્તા'માં જ ઘસાતું લખાણ આવ્યું એથી તો અશોકને જાણે કોઈ ખુદ તેમના ઘરમાં જઇને પડકારી ગયા જેવું 'ફીલ' થયું...ને 'ચાંદની'ના 'ચંદરવા'માં ('ચંદરવા'ને અમે 'પ્લાસીનું મેદાન' કહેતા) બ્રોકરને બરાબરના સરખા કરી નાખ્યા. (આ માણસને છેડવામાં ભૂલ થઈ ગઈ એવું બ્રોકરને ચોક્કસ લાગ્યું હશે; કેમકે આ બનાવ બન્યા પછી બ્રોકરને મોંએ અશોકભાઈનું નામ મેં સાંભળ્યું નથી.)

એક વખત અશોકભાઈની કૅબિનમાં હું બેઠેલો. ત્યાં એક લેખક આવ્યો. લોકસાહિત્યની (પોટલું શબ્દ મોટો પડે એ બીકે) પોટલી અશોકભાઈના ટેબલ પર તેણે છોડી, લગભગ પિસ્તાળીસથી પચાસ વાર્તાઓ હતી એ પોટલીમાં. અશોકભાઈ એમાંની એક વાર્તા હઠાવે. પાનાં ફેરવે ને એ લેખક તરફ સરકાવે. આ રીતે ચાર-પાંચ વાર્તાઓ અશોકભાઇએ નાપાસ કરી એટલે તેમને ઈમ્પ્રેસ કરવા એ લેખકે અશોકભાઇને કહ્યું : 'આજ સુધી "આરામ" (માસિક)ને મેં મોકલેલી એક પણ વાર્તા પીતામ્બરભાઇએ પરત કરી નથી. પસંદ પડે એટલી રાખો, બાકીની "આરામ"ને આપી દઈશ.' આટલું સાંભળતાં આખી ય પોટલી લેખક તરફ ધકેલી દેતાં અશોક બોલ્યા : 'તો એમ જ કરોને ! આ બધી જ વાર્તાઓ તમે 'આરામ'માં આપી દો.' પછી તો પેલાએ પોતાના કહેવાનો ભાવાર્થ સમજાવવા અનેક પ્રયાસો કર્યા, પણ અશોકભાઈ માન્યા જ નહિ.

આ જોઇને મને થોડી નવાઈ લાગી, કેમ કે અશોકભાઈ વિષેની મારી છાપ એવી હતી કે નવોદિત લેખકોનો હાથ ઝાલનાર એક અશોક હર્ષ જ છે. ચન્દ્રકાન્ત બક્ષી, મધુ રાય, મોહમ્મદ માંકડ, દિલીપ રાણપુરા ને એવા અનેક લેખકોને અશોકભાઈએ લિફ્ટ આપી. 'ચાંદની'માં શરૂ કરેલા. કોઈ નવા લેખકમાં ટૅલન્ટ દેખાય, સ્પાર્ક વરતાય એટલે ઊંચકી લે. લખાણ ઠીક હોય એટલી જ શરત પૂરતી. લેખકનું નામ તે પછી જુએ.

પણ આ છૂટછાટ માત્ર નવોદિત લેખકો પૂરતી જ. જામી ગએલા લેખકની સહેજ પણ નબળી વાર્તા તે ચલાવી ના લે. ક્યારેક તો લેખકની નારાજગી પણ વહોરી લે, પણ શરમ તો ભરે જ નહિ. તેમના પરમ મિત્ર જયંતી દલાલે 'ચાંદની'ના દિવાળી અંક માટે 'હીરા ને ચીરા' નામની એક વાર્તા મોકલેલી. વાર્તા પસંદ ના પડી એટલે અશોકે તે પરત મોકલી દીધી. પછી સાંકડી શેરીમાં તેમને દલાલ મળ્યા. ત્યારે પૂછ્યું: 'વાર્તા પરત કરી ?' 'હા, કારણ કે નામ પ્રમાણે જ વાર્તા હીરા ને ચીરા જેવી હતી, એટલે પાછી મોકલી આપી.' અશોકે પ્રત્યુત્તર વાળ્યો. 'ઠી...ક' દલાલ દાઢમાં બોલ્યા. પછી લગભગ ત્રણ-ચાર વરસ સુધી દલાલે 'ચાંદની' માટે વાર્તા મોકલી નહિ ને અશોકે માગી પણ નહિ. છેવટે ન રહેવાતાં દલાલે દિવાળી ટાણે અશોકભાઈને પૂછ્યું: 'આ વખતે દિવાળી અંક નથી નીકળવાનો ?'

'દર વર્ષે નીકળે છે...આ પહેલાંના ત્રણેય વર્ષ નીકળેલો...કેમ ?'

'વાર્તા મોકલું ?' દલાલે પ્રશ્ન કર્યો.

'મોકલોને !...મેં ક્યાં ના પાડી છે ?... વાર્તા મોકલવાનું શરૂ ય તમે જ કરેલું ને બંધ પણ તમે જ કર્યું છે.'

'જનસત્તા'માં પ્રહ્લાદ બ્રહ્મભટ્ટની સાથે જ એ બેસે. સાથે જ ચા પીએ. 'જનસત્તા'ના તંત્રી તરીકેની જવાબદારી પ્રહ્લાદભાઈ સંભાળે. અશોકભાઈ કરતાં ઉંમરમાં ય એ મોટા. છતાં તેમની વાર્તા પણ જો ઊણી વરતાય તો અશોકભાઈ મોઢું બગાડીને કહે: 'જામતી નથી, બીજી આપો.'

જો કે આ સ્વભાવ તો તેમનો પહેલેથી જ છે. કસોટી હરીફાઈનું મુખપત્ર 'મક્કમ' તે ચલાવતા. રમણલાલ શેઠ તેના માલિક. એક વાર પોતાની કૅબિનમાં અશોકભાઈને બોલાવી રમણભાઈએ કહ્યું : 'ફલાણાભાઈના પુસ્તકનો રિવ્યૂ 'મક્કમ'માં છાપવાનો છે. તમે સરસ રિવ્યૂ લખીને છાપી નાખજો.'

'એ નહિ બને.' અશોકે પોતાની અશક્તિ દર્શાવતાં કહ્યું : 'તમને તે જાહેરખબર આપે એટલે મારે એના પુસ્તકનો સારો રિવ્યૂ લખવાનો ? એ હું નહિ કરી શકું.'

અશોકભાઈ પોતે ભોળા છે એવું પોતાને માટે તે માને છે. પણ હું તેમને ભોળા નહિ કહું. હા, ક્યારેક તે ભોળા હોય એવું વર્તન કરે છે ખરા. રમણલાલ શેઠની કસોટી હરીફાઈ પૂર બહારમાં ચાલે. અશોકભાઈ તેમાં કામ કરે, ને એ જમાનામાં માસિક હજાર રૂપિયાનો દરમાયો કસોટીમાંથી જ મેળવે આ કસોટી હરીફાઈ સામે કે. કા. શાસ્ત્રી, રા. વિ. પાઠક વગેરેએ કસોટી હરીફાઈ જુગાર છે એવી ઝૂંબેશ શરૂ કરી. સદ્વિચાર સમિતિવાળા ય તેમાં ભળ્યા. જાહેર સભા યોજાઈ. આ સભામાં હાજર રહેવા અશોકભાઈને આમંત્રણ મળ્યું. બધા જ સાહિત્યકારો આ સભામાં હાજર રહેશે એવા ખયાલથી અશોક પણ તેમાં ગયા ને ઑડિયન્સમાં બેઠા. કે. કા. શાસ્ત્રીએ તેમને જોયા એટલે તરત જ સ્ટેઈજ પર બોલાવી લીધા; અને એક-બે વક્તાના બોલી રહ્યા પછી તેમને બોલવા ઊભા કર્યા. પોતાના વક્તવ્યમાં અશોક બોલ્યા કે કસોટી હરીફાઈ એ જુગાર છે એટલું જ નહિ એના જેવો બીજો એકેય જુગાર વિશ્વમાં નથી.

પત્યું. બીજે દિવસે સવારે 'પ્રભાત'માં એ સભાનો અહેવાલ પ્રકટ થયો—'અશોક હર્ષ કહે છે...' એવા બૅનર સાથે. રમણલાલ શેઠે અશોકભાઇને તાત્કાલિક તેડી મંગાવ્યા. છાપું બતાવી પૂછ્યું : 'તમે ગઈ કાલની સભામાં ગએલા ?'

'હા.'

'આમાંનું કશું બોલેલા ?'

'હા, બોલેલો.'

'એનો શો અર્થ થાય એ તમે જાણો છો ?'

'હા, હજાર રૂપિયાનો જે પગાર મને કસોટીમાંથી મળે છે એમાંથી હાથ ધોઈ નાખવાના.'

'પણ તમારે ત્યાં જતાં પહેલાં પૂછવું'તું તો ખરું ?'

'મને શી ખબર કે આમાં આપણાથી ના જવાય ? મને એમ કે

આપણા લેખકો પણ સભામાં આવશે એટલે ગયો, ને એ લોકોએ મને બોલવા ઊભો કરી દીધો એટલે મેં મારો નિખાલસ અભિપ્રાય કહી દીધો.'

ખૂબીની વાત તો પાછી એ છે કે અશોકભાઈના અભિપ્રાયને કેટલાક લોકો એકદમ સાચો પણ માની લેતા હોય છે.

લગભગ ૧૯૬૧–'૬૨ના વર્ષમાં કોઈ એક બપોરે મારે ઘેર બે યુવાન લેખકો આવ્યા. (એ બન્ને 'ટચી' હોવાથી તેમનાં નામ નથી આપતો.) મને કહે : 'એક સરસ લેખ આપ, અશોકભાઈએ કહ્યું છે.'

'શાને માટે ?' 'અમે એક માસિક કાઢીએ છીએ.'

'એય અશોકભાઈએ કહ્યું છે ?' મેં મશ્કરીમાં પૂછ્યું.

'હા, અશોકભાઈની સલાહથી જ માસિક કાઢવાનો નિર્ણય લીધો છે.' બન્ને સાથે જ બોલ્યા. હું વિચારમાં પડી ગયો. કોઈને 'કૂવામાં પડ' કહેવું કે 'માસિક કાઢ' કહેવું એનો અર્થ મારી દૃષ્ટિએ સરખો જ થાય છે. અશોકભાઈ તે વળી કોઈને આવી સલાહ આપતા હશે ? મેં કુતૂહલથી પૂછ્યું: 'અશોકભાઈએ તમને શાના આધારે માસિક કાઢવાનું કહ્યું ?'

"વાત એવી બનેલી કે 'દર્શક'"ની "ઝેર તો પીધાં છે જાણી જાણી" નવલકથાનાં અમે બંનેએ 'જનસત્તા'ના અશોકભાઈના કૉલમમાં છોતરાં ઉખાડી નાખેલાં. તે પરથી કૅલ્ક્યુલેશન કરી તેમણે કહ્યું કે અમારો આ રિવ્યૂ ઓછામાં ઓછા દેઢેક લાખ જણે તો વાંચ્યો જ હશે. તેમાંથી લાખેક વાચકો કાઢી નાખીએ તો પણ પચાસ હજાર લોકો તો અમારું સામયિક ખરીદવાના જ. તને શું લાગે છે ?' બન્નેએ સાથે મને પૂછ્યું.

'અશોકભાઈ જેવા માણસે ઊઠીને તમને આવી સલાહ આપી હોય તો પછી આમાં હું ક્યાં તમને રોકવાનો હતો ?'

આ બાબત વાત નીકળતાં 'જનસત્તા'માં જ કામ કરતા એક મિત્રે ખાનગી માહિતી આપી : 'આ બન્ને લેખકોને કંઈ ધંધો નથી એટલે અશોક હર્ષ પાસે દરરોજ આવીને તેમને 'બોર' કરે છે. એટલે એમને કોઈ ધંધે વળગાડી દીધા હોય તો એટલી શાંતિ, એમ વિચારીને પોતાની જાન બચાવવા અશોકભાઈએ આવી સલાહ આપેલી !'

અશોકભાઈ માત્ર પોતાની જાન જ બચાવી શકે છે એમ કહેવું તેમને અન્યાયકર્તા લેખાશે. પોતાની જેમ ફસાએલા તેમના કોઈ સાથીની જાન પણ તે છોડાવી શકે છે. 'પ્રજાબંધુ'માં તેમની જ સાથે કાર્યભાર સંભાળતા એક પીઢ નવલકથાકારની નવલકથા 'પ્રજાબંધુ'માં હપ્તેથી છપાય. નવલકથાની અધવચ્ચે જ પ્લૉટ બાબત તે મૂંઝાયા. આગળ કશું સૂઝે નહિ અને કામનો બોજ પણ ઘણો વધી ગએલો, એટલે આ લેખકે તો એક મરાઠી મૅગેઝીનમાંથી એક વાર્તા તેમની વાર્તાના વાતાવરણ સાથે બંધબેસતી આવવાથી તેનો સીધો જ અનુવાદ કરીને પોતાના એક પ્રકરણ તરીકે ઠઠાડી દીધો. એક પ્રકટ થયાના બીજા જ અઠવાડિયે કચ્છના એક ગામમાંથી એ નવલકથાકાર પર નોટિસ આવી કે આ વાર્તાનો મૂળ લેખક પોતે છે. મૂળ તે ગુજરાતીમાં લખાએલી. જેનો અનુવાદ પોતાના નામ વગર મરાઠી સામયિકમાં છપાએલો. એ જ વાર્તાનું ફરી ગુજરાતીમાં ભાષાન્તર કરીને નવલકથાકારે પોતાના નામે ચડાવી માર્યું છે. સાથે ઓરિજિનલ વાર્તાની ઑફ પ્રિન્ટ પણ પેલા લેખકે મોકલેલી. નોટીસ લઇને આપણા પ્રજા લેખક અશોક હર્ષ પાસે જઈ પડી ગએલા અવાજે બોલ્યા : હું તો એમ માનતો'તો કે મરાઠીમાંથી લીધી છે એની જાણ કોને હશે ? એને બદલે આ તો કચ્છમાંથી ફૂટી નીકળ્યો. હવે ?'

'મારા પર છોડી દો.' કહી અશોકે આખો ય મામલો સંભાળી લીધો ને બધું ભીનું સંકેલી લેવડાવ્યું. (મરાઠી ભાષામાંથી તસ્કરી કરનારા આ પ્રસંગથી ચેતે.)

અશોકભાઈ મશ્કરા સંશોધક પણ છે. કેટલાંક વર્ષો અગાઉ તેમણે એવી

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૯૦

દુર્બળતા

આજના મોટા ભાગના યુવાનોમાં આ ફરિયાદ જોવા મળે છે.

માયકાંગલું શરીર, એકવડો બાંધો, લોહીની ઓછપ, પોષણનો અભાવ, પાચન-તંત્રની સતત ગરબડ, અગ્નિમાંદ્ય, કોઈ લાંબી બીમારી, બેઠાડુ અને આળસુ જીવન, ચિંતા, ઉપાધિ, આફત, ભય ને ત્રાસનું વાતાવરણ, વારસાગત ભેટ અને વ્યસનો તથા કુટેવો, આ બધાં એક યા બીજી રીતે શરીરને દુર્બલ કરે છે.

જરાજરામાં થાક લાગે, કામમાં ચિત્ત ચોંટે નહિ, સ્વભાવ ચીડિયો થઈ જાય, અરુચિ અને ભૂખનાશ, જીવન પ્રતિ ઉદાસીનતા, કૃશતા ને શરીરમાં ફિકાશ એ બધાં દુર્બળતાનાં લક્ષણો છે.

ઉપચાર

૧. વ્યસનો અને કુટેવો છોડી દઈ યુવાનોએ વ્યાયામની ટેવ પાડવી. ૨) સાદો પણ પોષક અને નિયમિત ખોરાક ખાવો. ૩) અશ્વગંધા ક્ષીરપાક કે અશ્વગંધારિષ્ટનું સેવન કરવું. ૪) શરીરે તલ કે સરસવના તેલનું માલિશ કરવું. ૫) મન આનંદી રાખવું ને નિયમિત ખુલ્લામાં ફરવા જવું. ૬) ઔષધમાં ચ્યવનપ્રાશ (જીવન), સુવર્ણ વસંતમાલતી, ચંદ્રપ્રભાવટી, ધાત્રી રસાયન વગેરેમાંથી કોઈ પણનું સેવન કરવું.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

વાત જાહેર કરેલી કે શેક્સ્પીઅર પાકિસ્તાનનો વતની હતો. તેનું મૂળ નામ શેખપીર હતું. અહીંથી તે લંડન ગયો. ત્યાંની પ્રજાને તેનું નામ બોલતાં બરાબર ફાવે નહિ એટલે શેખપીરને બદલે લોકો તેને શેક્સ્પીઅર કહીને બોલાવતા. આમ શેક્સ્પીઅર પર પાકિસ્તાન દાવો કરી શકે ખરું.

અશોકભાઈ પોતે ઓછું હસે છે, પણ બીજાને તે હસાવી શકે ખરા. શેખાદમ આબુવાલા 'ગુજરાત સમાચાર' છોડીને 'જનસત્તા'માં દાખલ થઈ ગયો (અત્યારે તે 'જનસત્તા'માં ય નથી) એના અઠવાડિયા બાદ હું આદમ ને અશોક મેસૂર કાફેમાં ભેગા થઈ ગયા. કૉફી પીધા પછી અશોકભાઈ કહે : 'વિનોદ, ચાલો પાન ખાઈએ.' અમે પાનના થડા પર ગયા. અશોકભાઈએ પોતાનાં અરધો ડઝન પાન બંધાવ્યાં. એક પાન મેં લીધું. પછી આદમને તેમણે પૂછ્યું : 'તારું કેવું પાન ?'

'મારે નથી ખાવું.' પોતાના ડાબા જડબા પર હાથ મૂકતાં આદમ બોલ્યો : 'ડહાપણની દાઢ આવી છે તે દુખે છે.'

'આ ઉંમરે ડહાપણની દાઢ આવી ?' મેં પૂછ્યું.


'એ તો લાગે જ છે,' અશોકભાઈએ કહ્યું : "ગુજરાત સમાચાર" છોડીને તે "જનસત્તા"માં દાખલ થયો એ પરથી જ નથી લાગતું?' (બાય ધ વે, અશોકભાઈ અત્યારે 'ગુજરાત સમાચાર'માં કામ કરે છે.)

આ અશોક પેલા સમ્રાટ અશોક જેવા છે. 'બૉસ' શબ્દ સામે તેમને ભારે સૂગ છે ને એટલે જ બૉસના હુકમોની, શિસ્તની તેમને ખીજ છે. જ્યાં જ્યાં નોકરી કરી ત્યાંના નિયમો તેમણે હમેશાં તોડયા છે. 'કુમાર'માં હતા ત્યારે ને 'જનસત્તા'માં પણ તેમણે હાજરીપત્રકમાં ક્યારે ય સહી નથી કરી કે એકે ય નિયમ નથી પાળ્યો. (સિવાય કે નક્કી તારીખે પગાર લેવાનો.) કામના કલાકો તે બીજા કર્મચારી કરતાં વધારે આપે; પણ પેલું સહી બંધન તેમને ના ખપે. કદાચ એટલે જ... આજે તે રીટાયર્ડ થઈ ગયા હોવા છતાં આપણા કરતાં વધારે ઉત્સાહી, વધુ જુવાન દેખાય છે. હાજરીપત્રકમાં દરરોજ સહી કરવાથી જ માણસ ઘરડો બની જતો હોય છે. □

લાવાર્તા

દરબાર હૉલ મ્યૂઝિયમ (જૂનાગઢ)

લેખક
ડી. જે. ઠુંગા
આસિ. ક્યુરેટર
દરબાર હૉલ મ્યૂઝિયમ



▷ દરબાર હૉલ મ્યૂઝિયમનું મકાન


સોરઠના છેલ્લા રાજા રા' માંડલિક ત્રીજાને ઈ. ૧૪૬૯માં ગુજરાતના સુલતાન મહમદ બેગડાએ પરાજિત કર્યો ત્યારથી માંડીને છેક ઈ. ૧૯૪૭ સુધી સોરઠ ઉપર મુસ્લિમ શાસન ચાલુ રહેલું. સોરઠના વહીવટ માટે ગુજરાતના સુલતાનો ફોજદારની નિમણૂક કરતા. ગુજરાત જીત્યા પછી અકબરે, અને તે પછી એના વંશજોએ પણ એ જ પ્રથા જારી રાખી હતી. છેલ્લે ઈ. ૧૭૦૭માં ઔરંગઝેબના મૃત્યુ પછી મુઘલાઈ ભાંગી પડતાં એના સૂબાઓ ને ફોજદારો તક સાધીને આઝાદ થવા લાગ્યા હતા. એ જ રીતે ઈ. ૧૭૩૫માં નાયબ ફોજદાર તરીકે જૂનાગઢ આવેલા ને આગળ જતાં ફોજદાર બનેલા બહાદુરખાને શેરખાન નામ ધારણ કરીને સોરઠને પોતાનું સ્વતંત્ર રાજ્ય જાહેર કર્યું. પોતે બાબી હોવાથી સોરઠનો એનો રાજવંશ બાબીવંશ કહેવાયો. જૂનાગઢમાં હાલ જ્યાં શાક માર્કેટ છે ત્યાં એક નાના ઓટલા ઉપર શેરખાનનો રાજ્યાભિષેક થયો હતો. શેરખાન પછી મહાબતખાન, હામિદખાન, બહાદુરખાન બીજા ને હામિદખાન બીજા જૂનાગઢની ગાદીએ આવ્યા. પરંતુ જૂનાગઢમાં આ બધાના આવાસો કે દરબારનું સ્થાન ક્યાં હતું તે વિષે નિશ્ચિત માહિતી મળતી નથી. પોતાની જૂનાગઢની મુલાકાત વિષે લખતાં કર્નલ ટૉડે પોતાના પુસ્તક 'ટ્રાવેલ્સ ઑવ વેસ્ટર્ન ઇંડિયા'માં નોંધ્યું છે કે 'જૂનાગઢના નવાબ એક ખંડેર જેવા મકાનમાં રહે છે.' સંભવ છે કે રાજકીય અંધાધૂંધી, અસ્થિરતા અને સતત યુદ્ધોના એ અશાંત કાળમાં રાજ્યની આર્થિકસધ્ધરતાના અભાવે જૂનાગઢના એ નવાબો આલીશાન રાજમહેલો નહિ બંધાવી શક્યા હોય.

પણ ઈ. ૧૮૫૧માં હામિદખાન બીજાના મૃત્યુ પછી ગાદીએ આવેલા મહાબતખાન બીજાનો રાજ્યકાળ સંપૂર્ણ શાંતિનો સમય હતો. કાઠિયાવાડમાં અંગ્રેજી શાસન પણ બરાબર વ્યવસ્થિત ગોઠવાઈ ગયું હતું અને બ્રિટિશ શાસકોએ કાઠિયાવાડનાં અન્ય રાજ્યોની સરખામણીમાં જૂનાગઢની નવાબીને ખાસ સ્થાન આપ્યું હતું. દીવાન અમરજીએ કાઠિયાવાડનાં કેટલાંક રજવાડાં પાસેથી લેવાતી જોરતલબીની રકમનો જૂનાગઢ રાજ્યનો હક્ક પણ બ્રિટિશરો પાસે માન્ય કરાવ્યો હતો. આમ, એ સમયમાં વહીવટી, રાજકીય, કાનૂની, આર્થિક ને અન્ય વિવિધ ક્ષેત્રોમાં સોરઠના રાજ્યનો સારો કહી શકાય તેટલો વિકાસ થયો હતો.


જયપુર જેવાં રમણીય શહેરો જોઇને મહાબતખાન બીજાને પોતાની રાજધાનીને પણ એક સુંદર શહેર બનાવવાની પ્રેરણા થઈ હતી, ને પરિણામે આજનાં રંગમહેલ, આયના મહેલ, કચેરી તથા દીવાન ચૉક ને સર્કલ ચૉકની અંદરનાં કેટલાંક ભવ્ય મકાનોની રચના થઈ. રાજમહેલમાંથી નવાબ સીધા જ કચેરીમાં આવી શકે એવી એની રચનામાં વજીર બહાઉદ્દીનભાઇનો પણ મોટો ફાળો હતો. આ કચેરીને સોનાચાંદીનાં સિંહાસનો, મોભાદાર દરબારીઓ માટેની કલાત્મક બેઠકો તથા દેશવિદેશમાંથી મંગાવેલાં રંગબેરંગી કિંમતી ઝુમ્મરો, વિશાળ આયનાઓ અને દીવાલગીરીઓ વગેરે વડે શાહી ઠાઠથી સજાવવામાં આવી હતી. અજાયબ લાગે એવી દરેક વસ્તુ નવાબ મંગાવતા ને પોતાની રાજકચેરીમાં ગોઠવતા.


મહાબતખાન બીજા પછી તેના પુત્ર બહાદુરખાન અને એ પછી એમના નાના ભાઈ રસૂલખાને પણ આ રાજકચેરીને વધુ ને વધુ સજાવવાનું જારી રાખ્યું હતું. રાજકુટુંબમાં પુત્રજન્મ, ઈદ જેવાં ધાર્મિક પર્વો, રાજ્યાભિષેક, કોઈ રાજવી કે બ્રિટિશ ગવર્નરનું આગમન યા અંગ્રેજ સરકારે નવાબને માન-અકરામ આપ્યું હોય એવા ખાસ પ્રસંગોએ અહીં દરબાર ભરાતો. એ પરથી એને દરબાર હૉલ પણ કહેતા. આ દરબાર ભરવાનો પણ એક નવાબી વિધિ હતો. જો કે છેલ્લા નવાબ મહાબતખાન ત્રીજાએ બહુ ઓછી વાર અહીં દરબાર ભરેલા.

સ્વાતંત્ર્ય પછી જૂનાગઢ રાજ્યનું ભારતમાં વિલિનીકરણ થયું. નવાબશાહીએ વિદાય લીધી ને તે પછી સૌરાષ્ટ્રની રાજ્ય સરકારે આ દરબાર હૉલને મ્યૂઝિયમ તરીકે જાહેર કરીને આમ પ્રજા માટે એને ખુલ્લો મૂક્યો. મહાબતખાન બીજાના સમયમાં ૬,૪૯,૧૦૭ કોરીના ખર્ચે બંધાએલા આ દરબાર હૉલની ઈમારત આજે પણ શહેરની મધ્યમાં જનતા ચૉક અને દીવાન ચૉકની વચ્ચે યથાતથ ઊભી છે.



▷ ખાસખાસ પ્રસંગોએ અસલમાં જ્યાં નવાબનો દરબાર ભરાતો એ હૉલનું એક દૃશ્ય: સોનેરી ગાલીચા ઉપર ૧૯મી સદીનું નવાબનું ચાંદીનું તખ્ત, છત્ર, અન્ય રાજપુરુષોની બેઠકો વગેરે. ૮૦×૪૦ ફૂટના આ વિશાળ ખંડને દેશવિદેશોમાંથી આણેલી અનેક બહુમૂલ્ય ચીજોથી સજાવેલો છે.





રાજ્યના કોઈ ઉત્સવ પ્રસંગે યા શિકાર માટે જતી વેળા નવાબની રાજસવારીમાં વપરાતો ૧૯મી સદીનો ચાંદીનો શોભનમંડિત હોદો. દરબાર હૉલ મ્યૂઝિયમના એક અલગ ખંડમાં આ ઉપરાંત બેગમોનાં મ્યાના-પાલખીઓ વગેરે પ્રદર્શિત કર્યાં છે. (જમણી બાજુ) જૂના સમયનાં વિધવિધ હથિયારોનો પણ એક અલગ વિભાગ આ મ્યૂઝિયમમાં છે. તેમાં વિવિધ કદ અને આકારની તલવારો, ભાલાં, પેશકબજ, ખંજર, કટારીઓ, મામરી, બરછીઓ, વાઘનખો, ધનુષબાણ, ઢાલ, બંદૂક, તમંચા ને રિવૉલ્વરો, ઊંટ કે હાથીની પીઠ ઉપર રાખીને વાપરવાની નાનીનાની તોપો વગેરે પાછલી સદીઓનાં અનેકવિધ હથિયારો તથા દારૂગોળાના ઉપયોગ સાથે વપરાતાં વિવિધ સાધનોનો બહોળો સંગ્રહ છે. તલવાર-ખંજરોની મૂઠ પરની કલા કારીગરી જેમ જે તે સમયનાં રુચિ અને કૌશલ દર્શાવે છે તેમ આ હથિયારો પર જુદીજુદી લિપિઓમાં કોરેલાં લખાણો તથા એનાં મ્યાન વગેરે ઉપર શોભા માટે જડેલા જુદાજુદા સમયના સોનારૂપાના સિક્કાઓનું પણ આગવું ઐતિહાસિક મૂલ્ય છે.

ભવ્ય રાજમહેલ જેવા ચારથી પાંચ માળવાળા આ મકાનમાં નીચેના ભાગમાં પ્રાથમિક શાળા તથા જુદીજુદી કચેરીઓ છે. બીજા તથા ત્રીજા માળે અસલનો દરબાર હૉલ અને હવેનું મ્યૂઝિયમ છે. આની ઉપરના માળે ડિસ્ટ્રિક્ટ રેકૉર્ડ રહેતું હતું તે હવે ખસેડી લેવાયું છે.

સ્થાનિક ઇતિહાસની દૃષ્ટિએ અહીંના સંગ્રહનું આગવું મહત્ત્વ છે. ચાંદીનાં તખ્ત, રાજછત્ર, રાજછડી, દરબારી બેઠકો, કાચનાં મોંઘાં ઝુમ્મરો, વિશાળ આયના, દીવાલગીરીઓ, મોતી-જરિયનના ગૂંથણવાળા ગાલીચા, અવનવી કરામતોવાળાં ઘડિયાળો, નવાબોને અપાએલાં માન-અકરામો, અંબાડી અને હોદા, બેગમોનાં મ્યાના-પાલખીઓ, નવાબી વસ્ત્રો, જાતજાતનાં હથિયારો, જૂના સમયનાં લઘુચિત્રો અને બાબી નવાબો તથા કાઠિયાવાડના અનેક રાજવીઓના હસ્તાક્ષરો તથા એમની આદમકદ તસવીરો વગેરે સાથે અન્ય સંખ્યાબંધ અવનવી કલાકારીગરીની ચીજોનો આ સંગ્રહ અસલના નવાબી ઠાઠનો અચ્છો ખયાલ આપે છે. આપણા દેશમાંથી વિદાઈ ગએલી રાજાશાહી ને નવાબીનો ચિતાર હવે તો આવાં સંગ્રહસ્થાનોમાંથી જ મળે તેમ હોઈ જૂનાગઢનું આ દરબાર હૉલ મ્યૂઝિયમ એમાં ગણનાતુલ્ય મહત્ત્વવાળું બની રહે છે.

આ સમગ્ર સંગ્રહને નવેસરથી વિભાગવાર ગોઠવીને આ મ્યૂઝિયમને વધુ વ્યવસ્થિત બનાવીને અને વધુ વિસ્તારીને ગયા વર્ષના જૂન માસની ૨૯મી તારીખે જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. ગુજરાતના (જૂના કે નવા) પાટનગરમાં કૅલિકો મિલ્સના 'કૅલિકો મ્યૂઝિયમ' તથા તાજેતરમાં જ તૈયાર થએલા શ્રેયસ્ પ્રતિષ્ઠાનના 'શ્રેયસ્ લોકસંગ્રહાલય'ને બાદ કરતાં બીજું કોઈ મોટું સંગ્રહાલય નથી એ એક આશ્ચર્ય છે. આ છે તે બંને સંગ્રહાલયો પણ ખાનગી પ્રયાસથી બનેલાં છે. અને પોતપોતાની રીતે પ્રશંસનીય છે. જગવિખ્યાત સ્થપતિ લા કાર્બૂઝીએ પાસે નકશા બનાવડાવી અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને એક અદ્યતન મ્યૂઝિયમ બનાવવાનો જે પ્રયાસ વર્ષો પહેલાં કરેલો તેમાં યે એ સમગ્ર યોજનાના અંશ રૂપ તૈયાર થએલા પ્રદર્શનખંડથી આગળ એ યોજના વિસ્તરી નથી. શેરા પણ સ્વાતંત્ર્ય પૂર્વનાં જુદાંજુદાં અનેક રાજા-રજવાડાંએ પોતપોતાની શક્તિ સમજ પ્રમાણે જે નાનાંમોટાં સંગ્રહસ્થાનો ઊભાં કરેલાં, ને હવે રાજ્ય સરકારે જે પોતાને હસ્તક લીધાં છે તેમાં જૂનાગઢના દરબાર હૉલનું આ પરિવર્તિત સ્વરૂપ એ નવું ઉમેરણ હોઈ જરૂર આવકાર્ય છે.

અશોકના શિલાલેખ, ઉપરકોટમાંના રા' નવઘણના સમયના કેટલાક અવશેષો ને બૌદ્ધ ગુફાઓ, નવાબના સમયનું સક્કર બાગ મ્યૂઝિયમ અને તેની સાથેનો પ્રાણીબાગ, ગિરનારની ટૂંકો, નરસિંહ મહેતાનો ચોરો અને વિલિંગ્ડન ડૅમ વગેરે સાથે જૂનાગઢનાં જોવા લાયક સ્થાનોમાં આ દરબાર હૉલ મ્યૂઝિયમ એક નવું ને પ્રેક્ષણીય ઉમેરણ છે. □

કલાર્થી હંસા પટેલ

સંસારરથનાં બે ચક્રો સ્ત્રી ને પુરુષ, આમ તો લગભગ બધી રીતે સરખાં ગણાય છે, પણ પુરુષ કરતાં સ્ત્રીનો સૌન્દર્ય તરફનો અભિગમ સવિશેષ હોય છે. એકેએક ચીજની પસંદગીમાં સ્ત્રી સુરૂપની પક્ષપાતી રહે છે. અને છતાં ય આશ્ચર્ય તો એ છે કે ભારતીય ચિત્રકલાના તખ્તા પર અમૃતા શેરગિલ તો એક જ પાકી. એનાં કારણો હશે, પણ દિવસે દિવસે કલાશાળાઓમાં કલાર્થી બહેનોની વધતી જતી સંખ્યા ખરેખર આવકાર્ય છે. છતાં લગ્નજીવન બાદ બહેનો ધ્યેયલક્ષી રહી શકે એ પરિસ્થિતિની તો હજી રાહ જોવી પડે તેમ છે. પણ આમાં યે અપવાદ હોઈ શકે. આવાં એક બહેન કલાકારે કલાક્ષેત્રે પ્રવેશ લીધો છે. સ્વભાવે ચપળ, મિલનસાર અને ધ્યેયલક્ષી હંસાબેન પટેલ હાલ કલાના ડિપ્લોમા વર્ગનાં વિદ્યાર્થિની છે. કૉલેજ પ્રવૃત્તિઓમાં તેઓ માથે લઇને કામ કરે ને પરિપૂર્ણ થાય ત્યાં સુધી ખસે નહિ. પીંછી પણ ચાલે ને જીભ પણ ચાલે. તરવરાટ ઘણો. નાનપણથી કલાના સંસ્કાર પામ્યાં, અને વાંચવા-લખવામાં બહુ રસ નહિ, એટલે ૧૯૭૨માં એસ એસ સી. પાસ કરીને અમદાવાદની 'શેઠ સી. એન. કૉલેજ ઑવ ફાઈન આર્ટ્સ'માં પ્રવેશ મેળવ્યો. તેમના પિતા ચીમનભાઈ પટેલ મૂળ કાળી ગામના વતની. મિલમાં સારણી માસ્તર તરીકે કામ કરે. એમને સંગીતમાં રસ હોઈ ઘરમાં હાર્મોનિયમ ને તબલાં રાખે. પોતે ગાય અને પુત્ર મુકુંદભાઈ તબલાં વગાડી

ટિકિટ-સંગ્રહ

સાગર સાથેના પોતાના સંબંધને ચિત્રિત કરતી ન્યૂ ઝીલૅન્ડની ટિકિટો



ગઈ ૭મી જૂનના રોજ ન્યૂ ઝીલૅન્ડે આ પાંચ ખાસ ટપાલટિકિટો બહાર પાડી છે. સમુદ્ર સાથેના પોતાના સંબંધને એના પર ચિત્રિત કર્યો છે. અનુક્રમે એમાંની પહેલી ટિકિટ ઉપર માઉઈ ગૅસ ડ્રિલિંગ પ્લૅટફૉર્મનું ચિત્ર છે. ઈ. ૧૯૬૯માં ન્યૂ ઝીલૅન્ડના સાગર વિસ્તારમાં ગૅસ મળી આવતાં આ પ્લૅટફૉર્મ ત્યાં ઊભું કરવામાં આવ્યું હતું. બીજી ટિકિટ ઉપર ન્યૂ ઝીલૅન્ડના એક વ્હેલર–વ્હેલના શિકાર માટેના ખાસ જહાજનું ચિત્ર છે. ત્રીજી ઉપર ન્યૂ ઝીલૅન્ડની આસપાસના સાગર પર જ્યાં સુધીના જલવિસ્તાર પર એનો દાવો છે તેનો નકશો આપ્યો છે. ચોથી ટિકિટ ઉપર દરિયાનાં સસ્તન પ્રાણીઓના સંરક્ષણના હેતુને બળ આપવાના વિચાર સાથે એ પ્રાણીઓનાં ચિત્ર આપ્યાં છે. પાંચમી ટિકિટ ઉપર ન્યૂ ઝીલૅન્ડની આસપાસના સાગરમાંથી મળતી કેટલીક વિશિષ્ટ માછલીનાં ચિત્ર છે. ક્રાઈસ્ટ ચર્ચના વિખ્યાત કલાકાર આર. એમ. કૉન્લીએ આ બધી ટિકિટોનાં ડિઝાઈન કર્યા છે અને ઇંગ્લૅન્ડની ખ્યાતનામ હેલિસન ઍન્ડ સન્સ પ્રા. લિમિ.એ લિથોગ્રાફ પદ્ધતિથી આ ટિકિટો છાપી છે. (પ્રેષક: કનુ એલ. યોગી–વડનગર)

સંગત આપે. મુકુન્દભાઇને ચીતરવાનો શૉખ પણ હતો. પરંતુ ઉમર થતાં પિતાએ પુત્રને પણ મિલમાં ગોઠવી દીધા. ઘરના કલારસિક વાતાવરણમાં ઊછરેલાં હંસાબિનને ચિત્રકળા શીખવાની સગવડ સાંપડી. પિતાએ અને માતાએ પૂરતું પ્રોત્સાહન આપ્યું.

હંસાબિનનો જન્મ ૧૯૫૪માં ૩૦ નવેમ્બરે થએલો. શાળાનું શિક્ષણ અમદાવાદની જ્યોત કન્યા વિદ્યાલયમાં થયું. કલાના શ્રીગણેશ ત્યાંનાં કલાશિક્ષક સુધાબિનને હાથે થયા ને પછી આર.સી. હાઈસ્કૂલના કલાશિક્ષક શ્રી સચાનિયા સાહેબના વર્ગમાં વધુ તાલીમ મળી. તેમની જ સલાહથી હંસાબિન ૧૯૭૩માં શેઠ સી.એન. કલા મહાવિદ્યાલયના ચિત્રશિક્ષક–તાલીમના વર્ગમાં એક વર્ષના ટૂંકા અભ્યાસક્રમ માટે જોડાયાં ને તેમાં પાસ થયાં. પિતા પુત્રી બંનેએ વિચાર્યું કે નોકરીનો વિચાર ન કરતાં ચિત્રકળાનો અભ્યાસ કરી વધુ આગળ જવું, ને ગુજરાત સરકારના ડિપ્લોમા ઈન પેઇન્ટિંગના અભ્યાસક્રમ માટે નિયત થએલ પાંચ વર્ષના અભ્યાસક્રમમાં તેઓ જોડાઈ ગયા. બીજી બાજુ બહારથી અપાતી ગુજરાત સરકાર દ્વારા લેવાતી ચિત્રકળાના ડિપ્લોમાની જૂની પરીક્ષાઓ પણ આપી ને આ વર્ષે નવા ડિપ્લોમા છેલ્લા વર્ષમાં પ્રવેશ્યાં છે. અભ્યાસ દરમિયાન કલાના બીજા વર્ષમાં તેમણે વિદ્યાર્થી વિભાગમાં 'પારેવા' લિનોકટ પર ઈનામ પણ મેળવેલું. (જુઓ પૂઠું) આ પછી વૂડકટ, કોલોગ્રાફી વગેરે માધ્યમોમાં પણ કામ કરવા માંડયું. ગ્રાફિક એક નવું માધ્યમ હોવાથી એમાં તેમને વધુ રસ જાગ્યો અને એ વિષયમાં એમણે આગળ કામ જારી રાખ્યું.


ઈ. ૧૯૭૬માં તેમના લગ્ન થયાં. પણ પછી યે એમણે પોતાનો અભ્યાસ જારી રાખ્યો છે. આ અંકના પૂઠા ઉપર તથા મુખચિત્ર તરીકે એમની બે કૃતિઓ આપી છે. ગ્રાફિક્સના વિષયમાં એમણે જે હથોટી સાધી છે તેની એ દ્યોતક છે અને એમના ઉજ્જવળ ભાવિ વિકાસની આશા પ્રકટાવે છે. —નટુભાઈ પરીખ

સ્વ. છોટાલાલ અંબાશંકર જોષી

'ધોલેરા જેવા ખૂણે રહીને પોતાની આગવી સાધના કરી રહેલા અને કુટુમ્બની ધુરાને ઉપાડતા આ કલાકારે પોતાનાં ચિત્રોમાં આગવું વ્યક્તિત્વ ઉપસાવ્યું છે.'

નવચેતન, મુંબાઈ સમાચાર, સ્ત્રીજીવન, શ્રીબોધ, ગુણસુંદરી, બાલજીવન, બાલમિત્ર વગેરે અનેક સામયિકો અને લોકજીવનને રજૂ કરતાં અનેક પુસ્તકો જેમના ચિત્રકામથી સજાવટ પામતા રહેલા એ ચિત્રકાર છો. અં. જોશી—છોટાલાલ અંબાશંકર જોષીનો પરિચય આપતાં સ્વ. શ્રી રવિશંકર રાવળે 'વસંત' માસિકમાં ઉપરના શબ્દો લખેલા.

ધોલેરાના પ્રખ્યાત વૈદ્ય અંબાશંકર હરિશંકર જોષીને ત્યાં ઈ. ૧૮૯૬ની ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ એમનો જન્મ થએલો. મોસાળ પક્ષેથી કલાનો વારસો પામી, ભાવનગરમાં પોતાના અભ્યાસકાળમાં જ એમણે એમાં કૌશલ દાખવવા માંડેલું. અહિચ્છત્ર સંસ્કારકેન્દ્રમાં પોતાના ઓરડાની ભીંત પર કરેલી રવિવર્માનાં ચિત્રોની નકલો જોઇને પ્રભાવિત થએલા સ્વ. શ્રી અનંતરાય પટ્ટણીએ એમને લંડનની સુવિખ્યાત 'પ્રેસ આર્ટ સ્કૂલ'ના પત્રવ્યવહારથી ચાલતો ચિત્રકળાનો અભ્યાસ કરવાની સગવડ કરી આપેલી. એ અભ્યાસક્રમમાં પહેલો જ પાઠ દશ્યચિત્રનો આવ્યો. ગામને ગોંદરે જઈને એમણે એનું સુંદર દશ્ય ચીતરીને લંડન મોકલ્યું. એમનું એ કામ જોઈને ત્યાંના દશ્યચિત્ર વિભાગના માર્ગ-



સ્વ. જોષીએ કરેલું એક રેખાંકન

કર્ઝન જે. જે. ઍંડરૉએ લખ્યું : 'ચિત્રમાં તમારો દષ્ટિકોણ ઘણો જ સુંદર છે. આ વિષયમાં તમને મારી સલાહની જરૂર નહિ પડે. તમે સરસ કામ કરો છો. હવે તમારી જાતે જ તેમાં આગળ વધો.' ને આમ, એ કલાપાઠોના બધા જ વિભાગોમાં એમણે કૌશલ બતાવવા માંડેલું, પણ પછી માંદગીને કારણે અભ્યાસક્રમ પડતો મૂકવો પડેલો. છતાં સ્વયંસ્ફુરણા ને હૈયાસૂઝથી એમણે પોતાની કલાસાધના આગળ ધપાવી. 'ગોવાલણી' નામે એમનું રંગીન ચિત્ર પહેલી વાર 'નવચેતન'માં છપાયું ને પછી ઉત્તરોત્તર એમનાં ચિત્રો જુદાંજુદાં સામયિકો ને પુસ્તકોમાં પ્રકટ થવા લાગ્યાં. સાદગી, વાસ્તવિકતા ને કલામય પશ્ચાદભૂ, એ એમની ચિત્રકૃતિઓની લાક્ષણિકતા હતી. દશ્યચિત્રો પર એમને વિશેષ ફાવટ હતી. ગ્રામજીવનનું એમનું આલેખન આબેહૂબ થતું. આ પરથી ઢેબરભાઈને લૂણી ગામના સર્વોદય કેન્દ્રના સંચાલકશ્રીએ એમની પાસે 'ધીંગી ધરા'નાં ભાતીગળ ચિત્રો દોરાવ્યાં ને ગાડાંઓમાં ગોઠવીને ફરતા પ્રદર્શન રૂપે એ પ્રદેશનાં ગામેગામમાં લોકો સમક્ષ રજૂ કર્યાં. મુનિશ્રી સંતબાલે પોતાના વતન આદરોડા (તા. ધોળકા)માં પણ એમનાં જાનપદી ચિત્રોનું પ્રદર્શન યોજેલું.

લોકજીવનની પરખ અને ચિત્રોમાં એની રજૂઆત કરવાની એમની આગવી આવડતના કારણે એ વિષયના ઘણા લેખકો પોતાનાં પુસ્તકો માટે એમનાં ચિત્રોનો આગ્રહ રાખતાં.

'મુંબાઈ સમાચાર'માં તેઓ ચિત્રકાર તરીકે કામ કરતા હતા. એવામાં ધોલેરામાં અંગ્રેજીનો વર્ગ બંધ કરવા જેવી સ્થિતિ ઊભી થતાં ત્યાંની પંચાયતે એમને એના સંચાલન માટે બોલાવ્યા, અને વતનનો સાદ સાંભળી તેઓ મુંબાઈની નોકરી છોડી દઈને ત્યાં પહોંચી ગયા.

શિક્ષણકાર્યમાં પણ એમને ઊંડી અભિરુચિ હતી, એટલું જ નહિ પણ પૈસા વાંકે કોઈ ગરીબ વિદ્યાર્થીની પ્રગતિ રૂંધાતી હોય તો એની ફી તેઓ પોતાના ટૂંકા પગારમાંથી ભરી દેતા. એમની આ વૃત્તિથી ઘરમાં ખેંચ પણ પડતી, પરંતુ એમના આવા સત્કાર્યમાં એમનાં પત્ની સ્વ. મુક્તાબેનનો પણ સદાય સાથ રહેતો જ.


પરિશ્રમ, નેકદિલી અને માનવતા એ એમના સ્વભાવજન્ય ઉમદા ગુણ હતા. ગઈ ૨૬મી ફેબ્રુઆરી ('૭૮)ના રોજ ધોળકામાં એમનું અવસાન થયું, પણ એમના વિશાળ શિષ્ય સમુદાય અને મિત્રમંડળમાં એમણે મૂકેલી સુવાસ સદાય મહેકતી રહેશે.

—કાલિદાસ સોલંકી

શતરંજના કોયડા • સુરેશ જોશી

આપણે છેલ્લા બે કોયડામાં Vertical Cylinder અને Anchor Ring બોર્ડનો ઉપયોગ જોયો. આ વખતના કોયડામાં એક જ આકૃતિમાં ચાર કોયડા છે. તેનો પહેલો ભાગ સાધારણ બોર્ડ પર, બીજો ભાગ Vertical Cylinder બોર્ડ પર, ત્રીજો ભાગ Horizontal Cylinder બોર્ડ પર અને ચોથો ભાગ Anchor Ring બોર્ડ પર છે. દરેકમાં બે ચાલમાં Helpmate (કાળો પહેલાં ચાલે અને બન્ને પક્ષ મળી બન્નેની બબ્બે ચાલમાં કાળા રાજાને મહાત કરે એમ) કરવાનું છે.

A. M. A. van der Ven



Helpmate in Two

a) Diagram
b) Vertical Cylinder
c) Hovrizontal Cylinder
d) Anchor Ring

હવે આપણે ચારે ય ભાગના ઉકેલ જોઈએ.

(a) 1 PE1(=B), Rh5; 2 Bg3, Bd1≠.

(b) 1 Bh4, KE4; 2 Kg5, Rg6≠. c2 પરના ઊંટનો a4 અને h5 થઈને g6 પર કાબૂ છે અને હાથી તેના જોરે મહાત કરે છે.

(c) અહીં કાળું પ્યાદું પહેલી હરોળ પર આવતાં તેને બદલે મ્હોરું મળતું નથી.

1 Kg5, Kf3; 2 Bf6, Rh5≠. હાથીને ઊંટનું d1 અને E8 થઈને રક્ષણ છે.

(d) 1 Bh3, KE4; 2 Bh4, Rg6≠. હાથીની બેવડી રોક છે—સીધી તેમજ g8 અને g1 થઈને—તેથી ઊંટ g2, g3 કે g5 પર આવે તોયે એક તરફથી રોક તો રહે જ.

આપણે ઉપર જોયું તેમ દરેક ભાગમાં વપરાતા બોર્ડને લીધે મળતી વિશિષ્ટ ચાલનો લાભ ઉકેલમાં લેવાયો છે. વળી, એક ઉકેલ બીજા કોઈ બોર્ડ પર ચાલી શકે તેમ પણ નથી દા. ત. સાદા બોર્ડ પરનો ઉકેલ Vertical Cylinderમાં ન ચાલે—કારણ તેમાં a1 પરનો હાથી d1 પરના ઊંટને મારી શકે.

એક જ આકૃતિમાં આવા ચાર કોયડા રચવાનું કામ ઘણું મુશ્કેલ છે. તે આ કોયડામાં બહુ સુંદર રીતે પાર પાડવામાં આવ્યું છે.

પચ્ચીસ વર્ષ પહેલાં



જુલાઈ ૧૯૫૩ · સળંગ અંક ૩૫૫

સામેના પાના ઉપર જે છાયાકૃતિઓ આપી છે તે રસમય વિષય આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના જુલાઈ ૧૯૫૩ના અંકમાં આવેલો. આજે પણ તે એટલો જ રસમય લાગશે એમ જાણીને ઉતાર્યો છે.

ત્યારે 'આ તમે જાણો છો?' નામની લેખમાળા ચાલતી. એમાંનો પચ્ચીસ વર્ષ પહેલાં આવેલો 'સાબુ' ઉપરનો લઘુલેખ :

સાબુ એ શરીર અને કપડાંની સફાઈ માટે આજે તો સુલભ ને સસ્તી વસ્તુ બની ગઈ છે, પણ એક કાળે એ આટલો સુલભ પણ નહોતો ને સસ્તો પણ નહોતો. જોકે આજથી ૧૭૦૦ વરસ પહેલાંના પૉમ્પીઆઇનાં ખંડેરોમાંથી સાબુની ગોટી મળી આવી છે, પણ પ્રાચીન કાળે એનો ઉપયોગ સાધનસંપન્ન વર્ગ પૂરતો જ મર્યાદિત હતો. પ્રાચીન રોમનો બકરાંની ચરબી તથા બીચ વૃક્ષના લાકડાની રાખમાંથી સાબુ બનાવતા.

રોમન ઇતિહાસકાર પ્લીનીના લખવા મુજબ આ જાતના સાબુની શોધ 'ગૉલ' લોકોએ કરેલી. બીચના લાકડાની રાખમાં પોટાશ સારા પ્રમાણમાં હોઈ બકરાની ચરબી સાથે તેનું મિશ્રણ સાબુ તરીકે સારું કામ આપતું. અત્યારે આપણે વાપરીએ છીએ એ જાતના સાબુ બનાવવાનું તો હજી દોઢ બે સદીથી શરૂ થયું. આજથી સોએક વર્ષ પહેલાં ય યુરોપનો મોટો ભાગ અંગ તેમ જ વસ્ત્રની સફાઈ માટે લાકડાની રાખનો જ ઉપયોગ કરતું. આજે આપણે વાપરીએ છીએ એવી બનાવટનો સાબુ પહેલવહેલો ફ્રાન્સમાં શોધાયો ને માર્સેલ્સમાં એનાં પહેલવહેલાં કારખાનાં ઊભાં થયાં. ઑલિવ વૃક્ષો ત્યાં પુષ્કળ હોઇને ઓલિવના તેલ તથા દરિયાઈ વનસ્પતિમાંથી મેળવેલા કાચા સોડા વડે એ સાબુ બનતો.

આપણે ત્યાં સાબુનો આટલો વ્યાપક ઉપયોગ પશ્ચિમના સંપર્ક પછી થવા લાગ્યો. એ અગાઉ તો માટી તથા સાબુ જેવું કામ આપતાં અરીઠાં વપરાતાં, જે હજુ ય દેશના અંતર્ભાગમાં ચાલુ છે. અરીઠાંના જેવું કામ આપતાં વૃક્ષો અમેરિકામાં પણ થાય છે. કૅલિફૉર્નિયામાં થતાં 'સોપબલ્બ' વૃક્ષો, ચીલીમાં થતાં 'સોપ બાર્ક' વૃક્ષો તથા ઉષ્ણકટિબંધ પરના અમેરિકામાં થતાં 'સોપ-બેરી' વૃક્ષો આ જાતનાં છે.

આજે સાબુ મોટે ભાગે તેલમાંથી બનાવવામાં આવે છે, ને આપણે ત્યાં તેલીબીયાંની નીપજ પુષ્કળ હોઈ અહીં તો કદી સાબુનો દુકાળ ઊભો થવાનો સંભવ નથી, પરંતુ પશ્ચિમમાં તો યુદ્ધ સમયે તેનો જબરો દુકાળ ઊભો થએલો. જર્મનીમાં તો સાબુ વિલાસની ચીજ ગણાય એટલો મોંઘો થઈ ગએલો અને ઇંગ્લૅંડમાં એનું કડક રૅશનિંગ કરવામાં આવેલું!

ઇંગ્લૅંડમાં પણ સાબુનો વ્યાપક વપરાશ તો હજી સોએક વરસ પર ઓગણીસમી સદીમાં જ શરૂ થયો; અને ત્યારે પણ એના પર એટલો બધો કર હતો કે શ્રીમંત માણસ જ તેનો ઉપયોગ કરી શકે. એક રતલે ૩ શિલિંગ ૯ પેન્સ કર તો ઠેઠ ૧૮૫૩ સુધી લેવામાં આવતો. સામાન્ય લોકો ખરીદી શકે એટલો સસ્તો તો એ હજી થોડા દાયકા થયાં જ થયો. જોકે હજુ યે દુનિયાના કેટલાક પ્રદેશોમાં તો એ દુર્લભ છે ને એ દુર્લભતાના કારણે જ મેક્સિકોના કેટલાક ભાગોમાં તો તે ચલણી નાણા તરીકે વપરાય છે!

રશિયામાં તો ક્રાંતિ પહેલાંના સમયમાં જાનવરોનાં હાડકાં ઉકાળીને તેમાંથી નીકળતા તેલી પદાર્થમાંથી સાબુ બનાવવામાં આવતો. ગયા મહાયુદ્ધ દરમિયાન યુરોપમાં ઊભી થએલી સાબુની તંગી વખતે ફ્રાન્સના કેટલાક વિજ્ઞાનીઓએ તીડમાંથી સાબુ બનાવવાનું શોધી કાઢેલું. તીડને સૂકવી નાખીને પછી રાસાયણિક દ્રાવણમાં નાખી, વરાળ વડે એ દ્રાવણને શુદ્ધ કરતાં તે સાબુ બનાવવાના ઉપયોગમાં લઈ શકાય તેવું બનતું હોવાનું તેમણે જણાવેલું!


સાંસ્કૃતિક પરંપરામાં શ્રેષ્ઠ ગણાતા આપણા દેશમાં સ્વચ્છતા માટેનાં અનેક સાધનોના ઉલ્લેખ પ્રાચીન ગ્રંથોમાંથી મળે છે. નદીના કાંપની માટી, અરીઠાં, દહીં, કોપરાના ખમણ વગેરે સસ્તાં ઘરગથ્થુ સાધનો ઉપરાંત શિષ્ટ વર્ગના પ્રસાધન માટે કામસૂત્ર, અનંગરંગ વગેરેમાં વિવિધ બનાવટોના ઉલ્લેખ છે. ચણાના અધોળ લોટને અરધી પળી તેલનું મોવણ દઇને બનાવેલી લૂગદી અને દૂધની તાજી મલાઇનો ઉપયોગ તો હજી ગઈ પેઢી સુધી ચાલુ હતો ને આજે ય કુમળાં બાળકો માટે તે વપરાય છે.

આપણા દેશમાં આધુનિક યંત્ર-સામગ્રી સાથેનું સાબુનું પહેલવહેલું કારખાનું ઈ. સ. ૧૮૭૫માં મીરત મુકામે શરૂ થયું, જ્યારે બીજું કલકત્તા મુકામે. બંને કારખાનાં અનેક હાથમાં ફરતાં રહ્યાં પછી કલકત્તાનું હાલ લીવર બ્રધર્સ (ઇન્ડિયા) લિ.ને હસ્તક છે. હાલ (૨૫ વર્ષ પર) બધાં મળીને હિંદમાં સાબુનાં ૮૬ કારખાનાં છે: ૨૬ મોટાં અને ૬૦ મધ્યમ કદનાં. આ ઉપરાંત નાના પાયા પરના ઉદ્યોગ તરીકે લગભગ ૫૦૦૦ જેટલાં સાબુ બનાવવાનાં કેન્દ્રો ચાલે છે. આ બધાંનું મળીને વરસે લગભગ ૧,૯૦,૦૦૦ ટન ઉત્પાદન થાય છે, જે દેશની સામાન્ય જરૂરિયાત કરતાં ઘણું ઓછું ગણાય.

જોકે શહેરો સિવાય આપણે ત્યાં ઘણે સ્થળે હજુ માટી, અરીઠાં વગેરેનો ઉપયોગ ચાલુ રહ્યો હોઈ, સાબુનો માથાદીઠ વપરાશ બહુ ન આવે; પરંતુ જ્યાં એકલો સાબુ જ સફાઈ માટે વાપરવામાં આવે છે એવા દેશોમાં એનો માથાદીઠ વપરાશ જોતાં અમેરિકાનો નંબર સૌથી પહેલો આવે. અમેરિકનો વરસે માથાદીઠ ૨૫ રતલ સાબુ વાપરે છે. હૉલૅન્ડ ને સ્કૅન્ડીનેવિયા ૨૧ રતલ, બ્રિટન ૨૦ રતલ, જર્મની ૧૫ રતલ ને ઑસ્ટ્રિયા તથા ઇટલી ૧૦ રતલ. દરેક દેશમાં સાબુના વપરાશનું પ્રમાણ જેમ જુદુંજુદું છે તેમ દરેક દેશની સાબુને લગતી પસંદગી પણ જુદીજુદી હોય છે. સાબુના કદ, આકાર, રંગ ને વાસની બાબતમાં દરેક દેશને તેની લાક્ષણિક પસંદગી રહેવાની.

આપણા દેશનું સરેરાશ આવક-પ્રમાણ જોતાં સાબુનો વધુ ઉપયોગ ન થતો હોય એ સ્વાભાવિક છે. એના વધુ ઉપયોગ માટે એની સસ્તી કીમત અનિવાર્ય છે. એ તો જ શક્ય બને, જો સાબુનાં કારખાનાં તેલ પીલવાનાં યંત્રો પણ વસાવે એટલું જ નહિ, પરંતુ સાબુ બનાવતાં શેષ રહેતા દ્રવ્યમાંથી બીજી ચીજો બનાવવાનું શરૂ કરે. અત્યારે એ કચરા તરીકે ફેંકી દેવાય છે.

સાબુ સામાન્ય રીતે પાણીમાં ડૂબી જાય છે. પરંતુ તે બનાવતી વખતે તેમાં જો હવા અથવા તો 'કાપોક ફાઈબર' દાખલ કરવામાં આવે તો તેનું ઘટત્વ પાણી કરતાં ઓછું રહેતું હોઈ તે ડૂબવાને બદલે પાણી પર તરતો રહે છે. વળી સાબુ બનાવતી વખતે તેના મિશ્રણમાં જો ખાંડ અથવા દીવેલ ઉમેરવામાં આવે તો તે પારદર્શક પણ બને છે. □



ઓળખો છો આ આકાશરેખા? ઉપરના ચિત્રમાં જગતનાં જાણીતાં મકાનો વગેરેનાં છાયાચિત્રો આપેલાં છે. તે દરેકને પોતપોતાની આગવી આકૃતિ છે અને આકાશની ભોંય પર પડતી તેમની એ આકૃતિ-રેખાઓ—આકાશરેખાઓ પરથી અવલોકનશીલ ને ચતુર આંખ એમને તરત ઓળખી શકશે. એમાંની તમે કેટલી ઓળખી શકો છો તેનો યત્ન કરી જુઓ. નહિતર સાચાં નામ નીચે અવળાં છાપ્યાં છે.

(૧) અમેરિકાની સ્વાતંત્ર્યદેવીની મૂર્તિ; (૨) બીજાપુરનો ઘુમ્મટ; (૩) અમેરિકાના પ્રમુખનું રહેઠાણ વ્હાઈટ હાઉસ; (૪) રશિયાનાં ક્રેમલિનનાં મકાનો; (૫) લંડનનો ટાવર બ્રિજ; (૬) અમૃતસરનું સુવર્ણમંદિર; (૭) દિલ્હીની જુમા મસ્જિદ; (૮) આગ્રાનો તાજમહાલ; (૯) નીચે જમણે છેડે રોમનું સેન્ટ પીટર્સનું દેવળ; (૧૦) અમેરિકન એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ; (૧૧) ઓરિસ્સામાં આવેલાં ભુવનેશ્વરનાં મંદિરો; (૧૨) લંડનના ટ્રફાલ્ગર સ્ક્વેરમાં નેલ્સનનો સ્તંભ; (૧૩) લંડનનાં પાર્લામેન્ટનાં મકાનો; (૧૪) દિલ્હીનો લાલ કિલ્લો; (૧૫) પારીસનો ઈફીલ ટાવર.

સાહિત્યસંપર્ક

'સાહિત્ય'

સર્જાતા સાહિત્યની તાસીર

'ગ્રંથ' નામના ગ્રંથાવલોકનના માસિક પછી પરિચય ટ્રસ્ટે સર્જાતા સાહિત્યની તસવીર ઝીલવા 'સાહિત્ય' નામનું ત્રૈમાસિક શ્રી નિરંજન ભગતના તંત્રીપદે પ્રકટ કરવાનો નિરધાર કર્યો હતો તેનો જાન્યુઆરી-માર્ચ ૧૯૭૮નો પ્રથમ અંક પ્રકટ થઈ ગયો છે. આ પ્રથમ અંકની મુદ્રા તેના સુઘડ કલાત્મક મુદ્રણથી માંડીને ૭૪ પૃષ્ઠોં વચ્ચેની વૈવિધ્યસભર સામગ્રી જોતાં પ્રશિષ્ટતાની અસર ઊભી કરે છે. આ અંકમાં પ્રથિતયશ કવિ ઉમાશંકર જોશીથી માંડી પ્રથમ વાર કાવ્યોન્મેષ દાખવતા અચ્યુત યાજ્ઞિક સુધીના બાર કવિઓની સત્તર કાવ્યકૃતિઓ આપવામાં આવી છે. આમાંથી કેટલાક કવિઓની એક (સર્વશ્રી ઉમાશંકર જોશી, ચંદ્રકાંત શેઠ, સ્નેહરશ્મિ, ઉશનસ્, જયન્ત પાઠક, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, સરૂપ ધ્રુવ) તો કેટલાકની અનેક (સર્વશ્રી રાજેન્દ્ર શાહ, હસમુખ પાઠક, શિવ પંડયા, વાડીલાલ ડગલી, અચ્યુત યાજ્ઞિક) રચનાઓ પ્રકટ થઈ છે. કાવ્યોમાંનાં મોટા ભાગનાં ગદ્યમાં રચાએલાં હોઈ અને અભિવ્યક્તિ તથા ભાષાપરકતાનો આધુનિક અભિગમ દાખવતાં હોઈ આજની સર્જાતી કવિતાની આબોહવામાં ભાવકને મૂકી આપે છે. શ્રી રઘુવીર ચૌધરીનું, ટેકનિકની દષ્ટિએ નવું ન કહી શકાય એવું, ત્રીઅંકી નાટક તેની સંવાદકલા અને સંઘર્ષાત્મક વિષયવસ્તુને લઇને આસ્વાદ્ય બની શક્યું છે. આ પ્રકારના ત્રૈમાસિકના પ્રાકટ્યથી આવી દીર્ઘ રચનાઓના પ્રાકટ્યની અનુકૂળતાનો યોગ ઊભો થઈ રહે છે એ પણ એક આવકાર્ય સુચિહ્ન છે. શ્રી નલિન રાવળની કાવ્યાભાસી ટૂંકી વારતા 'સોનેરી સળી જેવું પંખી' પણ અહીં ધ્યાન ખેંચશે. શ્રી રાધેશ્યામ શર્મા જેવા નૂતનરાગી સર્જકની અપ્રકટ નવલકથાનું પ્રકરણ પણ અહીં પ્રકટ કરવામાં આવ્યું છે તો છેલ્લે શ્રી ભોળાભાઈ પટેલનો સંસ્મરણાત્મક પ્રવાસલેખ 'વિદિશા' પણ જોવા મળશે, જે પ્રવાસલેખના સ્વરૂપે એક સરસ લલિત નિબંધ જ બની આવ્યો છે. સામયિકના આરંભે 'મિતાક્ષરી' નામની ગુણલક્ષી નોંધ અને એમાં ગદ્ય કવિતા વિષે તેમજ સાહિત્ય-સામયિક વિષે જે અછડતાં વિચારવા યોગ્ય વિધાનો થયાં છે તે પણ ધ્યાન માગી લે તેવાં છે. વળી, તંત્રીની સભાન નોંધ 'સાહિત્યનું કોઈ પણ સામયિક એના સમયના સાહિત્યમાં સીમિત હોય છે' એ પછી કૃતિઓની ઉચ્ચાવચતા વિષે અત્રે કોઈ અભિપ્રાય ઉચ્ચારવાનું મુનાસિબ માન્યું નથી.

કુમાર પ્રિન્ટરીની સુઘડ છપાઈ, પ્રશિષ્ટ લે-આઉટ, ઉત્કૃષ્ટ પૂઠું અને કાગળો પણ આ ત્રૈમાસિકના આકર્ષણનું એક કારણ બની શકે તેમ છે. 'મિતાક્ષરી નોંધનું પ્રથમ વાક્ય છે: 'પરિચય ટ્રસ્ટને વારંવાર સપનાં આવે છે.' આ ત્રૈમાસિક એવા એક સપનાનું સુભગ સાકાર સ્વરૂપ છે ત્યારે પછીના અંકોમાં એ સપનાની અનેકવિધ સિદ્ધિઓની આશા રાખીએ. —ધી. પ.

શબ્દકથા: બૂચું · બૂચટ · બોચિયો

બૂચું એટલે 'કાન વિનાનું' કે 'ચીબું'. આથી નાના બાળકને પણ લાડમાં બૂચો કે બૂચી કહે છે. બૂચટ અને બોચિયું એટલો 'મૂર્ખ'.

હિન્દી બૂચા, પંજાબી બૂચા, મરાઠી બૂચા, બંગાળી બોંચા. નેપાળી બૂચો એટલે 'કાનકટ્ટું'. સિંધી બૂચો એટલે આછીપાતળી દાઢીવાળો'. કુમાઉની બૂચો એટલે 'અડવો.' પશ્ચિમી પહાડીની ભલેસી બોલીમાં બોચી એટલે 'ટૂંકડા કાનવાળું ગાડર'. મરાઠી બોચૂ એટલે 'મૂર્ખ.'

મૂળ અર્થ 'કાનકટું' કે 'ચીબું' હોવાનું જણાય છે. પછી આવી ખોડવાળું હોય તે બુદ્ધિનું પણ બૂઠું કે અડવું મનાય તે સમજી શકાય.

ચૌદમી શતાબ્દીના 'પ્રબંધચિંતામણિ'માં સિદ્ધરાજ જયસિંહને લગતી જે દંતકથાઓ અને ટુચકા આપેલા છે તેમાં એક ટુચકો એવો છે કે સિદ્ધરાજે માળવા જતાં રસ્તામાં વારાહી ગામના ખેડૂતોની બુદ્ધિપરીક્ષા કરવા તેમને પોતાની કિંમતી પાલખી થાપણ તરીકે સાચવવા સોંપી. પાછા વળતાં જ્યારે તેણે તેમની પાસે તે માગી ત્યારે ખેડૂતોએ પાલખીના ટુકડા કરીને જે એક એક ટુકડો એક એક જણે પોતાની પાસે રાખેલો તેમને એકઠા કરીને રાજાને પાછા સોંપ્યા, અને ખુલાસો કર્યો કે આખી પાલખીનું કોઈ એક જણ માટે ચોર, આગ વગેરેથી રક્ષણ કરવાનું કામ ભારે જોખમી હોઈને સૌએ જવાબદારી વહેંચી લીધેલી! આથી સિદ્ધરાજે તેમને બૂચાનો ઈલકાબ આપ્યો. ત્યારથી 'વારાહીના બૂચા' કહેવતરૂપ બની ગયા. બૂચા એ લોકભાષાના બૂચા પરથી સંસ્કૃત કરેલું રૂપ છે.

આમ બૂચા તેરમી ચૌદમી શતાબ્દી જેટલો જૂનો છે પણ તેનું મૂળ અજ્ઞાત છે. આંબટ, ગોરટ, તીખટ, ચોરટું, જોગટો વગેરેની જેમ ટ પ્રત્યય લાગીને બૂચટ રૂપ થયું છે.

હરિવલ્લભ ભાયાણી

નવાં પ્રકાશનો

કુંકુમ પ્રકાશન

ગાંધીરોડ · અમદાવાદ–૧

ડૉ. જયંત ખત્રી: ડૉ. રમણલાલ જોશી સંપાદિત 'ગુજરાતી ગ્રંથકાર શ્રેણી'ની આ ત્રીજી પુસ્તિકાના લેખક છે શ્રી ધીરેન્દ્ર મહેતા. આ નાનકડી પુસ્તિકામાં ડૉ. જયંત ખત્રીના જીવન-સર્જનનો મિતાક્ષરી પરિચય આપવામાં આવ્યો છે. સર્જન પાછળનો એમનો દષ્ટિકોણ, એમની નૂતન અભિવ્યક્તિ, પ્રયોગશીલતા આદિની ચર્ચા સાથેસાથે એમની અધૂરી નવલકથા 'ચમારચાલ', એકાંકી 'મંગલ પાંડે' અને એકોક્તિ 'હત્યા' જેવી કૃતિઓના પણ સમીક્ષા કરવામાં આવી છે. લેખકની લખાવટ સુબદ્ધ હોત તો અને ગદ્યનું પોત પૂરતું વણાએલું હોત તો આ માતબર સર્જક વિષેની સમીક્ષા વધુ આસ્વાદ્ય થઈ શકત. આમ છતાંય કચ્છના એક મૂર્ધન્ય લેખક વિષે કચ્છના જ એક નવોદિત લેખકે તૈયાર કરેલું આ પુસ્તક સચ્ચાઈની ઉષ્માનો સ્પર્શ પામી શક્યું છે એ યોગ આનંદપ્રદ બની રહે છે. (કાચું પૂઠું, પૃ. ૫૮, રૂ. ૫.)

ન્હાનાલાલ: ન્હાનાલાલની જન્મશતાબ્દીના વર્ષમાં જ પ્રસ્તુત શ્રેણીની આ ચોથી પુસ્તિકા પ્રકટ થઈ છે તે સંપાદક–લેખક–પ્રકાશક ત્રણેય પક્ષે અભિનંદનની અધિકારી છે. ન્હાનાલાલ વિષે ગુજરાતી સાહિત્યમાં કંઈ ઓછું લખાયું નથી, પણ આ એક જ પુસ્તિકામાં એ મહાસર્જકને અને એમની સર્જકપ્રતિભાને સુપેર રજૂ કરવામાં આવ્યાં છે. કવિની અનેક પંક્તિઓ ઉદ્ધૃત કરી લેખકે એમની કવિત્વશક્તિનો ઉચિત પરિચય કરાવ્યો છે. લેખકે પોતાની રીતે કેટલેક સ્થળે કાવ્યનાં અર્થઘટનો પણ કર્યાં છે તે તાજગીભર્યાં છે. ન્હાનાલાલ વિષયક વિવેચન સાહિત્યમાં આ પુસ્તિકાથી એક રોચક ઉમેરો થાય છે. (લે. જયંત ગાડીત, કાચું પૂઠું, પૃ. ૮૪, રૂ. ૫.)

સ્વપ્નલોક: શ્રી નલિન રાવળનો ૧૬

વાર્તાઓ લઈને આવતો આ પ્રથમ સંગ્રહ આવકાર્ય છે. નલિન રાવળ સ્વભાવે કવિ છે એટલે એમની આ વાર્તાઓમાં કલ્પનાનો વૈભવ અને અભિવ્યક્તિની વિવિધ છટાઓ વાર્તા વાંચતાં વાંચતાં કવિતાના વાચનનો આસ્વાદ આપી રહે છે. માનવ મનના વિવિધ સ્તરોને ભાવનાલોક ને વાસ્તવલોક બન્નેની સીમામાં રહીને લેખકે પ્રકટ કરવાની મથામણ કરી છે. પ્રત્યેક વાર્તા એના નિજી વાતાવરણથી આસ્વાદ્ય બની શકી છે. (પાકું પૂઠું, પૃ. ૧૫૨, રૂ. ૭–૫૦)

સ્વર્ગની નીચે મનુષ્ય : બંગાળના નવ કવિઓમાં જાણીતા થએલા સુનીલ ગંગોપાધ્યાયની લઘુ નવલ 'સ્વર્ગેર નીચે માનુષ'નો શ્રી ભોળાભાઈ પટેલે કરેલો આ અનુવાદ છે. પૂરા ચોવીસ કલાકથીય ઓછા સમયની ઘટનાલીલાને આવરી લેતી આ સંવેદનપૂર્ણ નવલકથા એની પ્રતીકાત્મકતા અને રોચક રજૂઆતથી વાંચવી, બલકે માણવી ગમે તેવી બની શકી છે. (પાકું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૭–૫૦.)

વ્યાકુલ વૈષ્ણવ : આપણા સતત સર્જનપ્રવૃત્ત રહેતા કવિ ઉશનસ્‌ના આ અગિયારમા કાવ્યસંગ્રહમાં વિવિધ લયઢાળનાં ૭૧ ગીતો રજૂ થયાં છે. કવિની ભાવોર્મિ અનેક કૃતિઓમાં રસત્વ પામી છે, એ આ સંગ્રહનું આસ્વાદ્ય પાસું છે. (કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ ૭.)

ગુજરાત સાહિત્ય સભા કાર્યવહી ૧૯૬૩ : ગુજરાત સાહિત્ય સભાની એક પ્રવૃત્તિ તે કોઈ વિવેચક પાસે વાર્ષિક સમીક્ષા કરાવવી તે. પ્રવૃત્તિ સારી, પણ એનું પ્રકાશન અતિ વિલંબિત ! આથી ક્યારેક તો એવું બને કે જે કૃતિઓની સમીક્ષા થઈ હોય તો કૃતિઓ વાસી બની ગઈ હોય. ઈ. ૧૯૬૩ની સાલમાં પ્રકટ થએલાં પુસ્તકોની ડૉ. રમણલાલ જોષીએ કરેલી સમીક્ષા આમ ૧૯૭૭માં બહાર પડે છે ! ચાલો, બહાર તો પડી ! અહીં સમીક્ષકે સ્વરૂપ પ્રમાણે સમીક્ષા આપી છે. પ્રત્યેક સ્વરૂપનાં પુસ્તકોની સમીક્ષાના આરંભે તે તે સ્વરૂપમાં તે વર્ષની ગતિવિધિને સૂક્ષ્મતાથી પણ સંક્ષેપમાં તપાસવામાં આવી છે. વળી, વિવિધ કૃતિઓવિષેની આ સમીક્ષામાં લેખકે તટસ્થતાપૂર્વક જ્યાં જે કહેવું હોય તે કહેવાની સચ્ચાઈ દાખવી છે તે સમીક્ષક માટે આદર ઊભો કરે તેવી હકીકત છે. (કાચું પૂઠું, પૃ. ૧૪૮, રૂ. ૧૦)

એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.
૧૬૪ સામળદાસ ગાંધી માર્ગ · મુંબાઈ–૨

જ્યાં દરેકને પહોંચવું જ છે : પીઢ ચિંતક અને લેખક કાકાસાહેબ કાલેલકરે આ નિબંધસંગ્રહમાંના ૧૬ નિબંધોમાં મૃત્યુવિષયક અને મનુષ્ય જીવનની એ અનિવાર્ય ક્ષણોવિષયક સુભગ ચિંતન વ્યક્ત કર્યું છે. (કાચું

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી જશવંત ઠક્કર

જન્મ : મુંબાઈમાં, તા. ૨૪ એપ્રિલ, ૧૯૧૯. પિતા મુંબાઈમાં પ્રેસિડેન્સી મૅજિસ્ટ્રેટ. અભ્યાસમાં હમેશાં પ્રથમ કક્ષામાં રહી વકાલતની પરીક્ષામાં પ્રથમ આવી ૧૯૪૨માં 'સર ચીમનલાલ સેતલવડ ગોલ્ડન જ્યુબિલી પ્રાઈઝ' મેળવ્યું. સૉલિસિટરની પરીક્ષામાં પણ પ્રથમ આવી ઈનામ લીધું. મેસર્સ મુલ્લા ઍન્ડ મુલ્લા ઍન્ડ ક્રેગી ઍન્ડ કેરોની વિખ્યાત સૉલિસિટર પેઢીમાં ભાગીદાર. મુંબાઈ યુનિવર્સિટી ને મુંબાઈના હિંદુ જિમખાના વગેરે અગ્રગણ્ય ક્રિકેટ સંસ્થાઓ વતી અનેક વાર ક્રિકેટ રમેલા. અનેક પબ્લિક લિમિટેડ કંપનીઓમાં ડિરેક્ટર ને કાર્યશીલ રોટેરીઅન. ગૉલ્ફના એક અચ્છા ખેલાડી, કાયદાકાનૂનના નિષ્ણાત જાણકાર.

૧. સફળ સૉલિસિટર બનવા માટે કયા ગુણ કેળવવા જોઇએ?

ઉ. ખંત, મહેનત, કાયદાના વિષયમાં ઊંડો રસ અને નવા-નવા કાનૂનોની પૂરી જાણકારી, બીજા કુશળ કાયદા-નિષ્ણાતો અને પોતાના સીનિયરોની પદ્ધતિઓનું અવલોકન ને ગ્રહણ, પ્રામાણિકતા, અસીલના હિતનું રક્ષણ કરવાની ખેવના, કાનૂનમાં શ્રદ્ધા, છળકપટથી દૂર રહેવાની વૃત્તિ અને જરૂર પડ્યે છળ સામે લડી લેવાની તમન્ના કેળવવી જોઇએ.

૨. આજે કૉર્ટમાં થતા ન્યાયમાં તાટસ્થ્ય હોય છે? જો ક્ષતિ રહેતી હોય તો એ અંગે શું થઈ શકે?

ઉ. ન્યાયાધીશ પણ મનુષ્ય હોઈ ક્વચિત ભૂલ કરી બેસે, પણ એકંદરે આપણા દેશમાં ઈન્સાફ તો જરૂર મળે છે. ન્યાય થવો જ જોઈએ એટલું જ નહિ, ન્યાય થયો છે એવું લાગવું પણ એટલું જ જરૂરી છે. ઘણી વાર ન્યાય મેળવવામાં ઘણો વિલંબ થાય છે, અને આ વિલંબથી ન્યાય અન્યાય બની જાય છે. આનો ઉપાય કુશળ ને ઝડપી ન્યાયાધીશો નીમવામાં છે. સારા પગાર આપવાથી એવા માણસ મળી શકે.

૩. ભારતની આર્થિક સ્થિતિ કેવી રીતે સુધરે?

ઉ. આપણા દેશમાં ચાર મુદ્દા પર લક્ષ અપાય તો ઘણો ફેર પડે: (૧) વસતિવધારા પર કાબૂ; (૨) શ્રીમંત ખેડૂતો પર કરવેરા નાખી તે આવક ગ્રામવિકાસમાં વાપરવી. (૩) રોજિંદા વપરાશની વસ્તુઓનું ઉત્પાદન મધ્યમ સ્તરના હુન્નરોમાં રાખવું અને (૪) પ્રજાને ગ્રામોદ્યોગ તરફ વાળી ઉત્પાદનની કક્ષા ઉત્તમ બનાવવી.

૪. પરીક્ષાઓમાં આપ પ્રથમ કક્ષામાં જ કઈ રીતે રહી શકતા?

ઉ. રોજ અમુક કલાક વાંચવું જ જોઇએ એવું નથી. શારીરિક કે માનસિક થાક ન લાગે ત્યાં સુધી તો અભ્યાસ કરવો જ જોઇએ, અને એ માટે જીવનમાં નિયમિતતા અને તંદુરસ્તી પ્રત્યે પણ લક્ષ આપવું જ જોઈએ.

૫. ગૉલ્ફના આપ શૉખીન છો. તે રમતમાં સફળ કેમ થવાય?

ઉ. આમ તો રમત રમવી એ એની ગુલામી કરવા જેવું છે. કુદરતી બક્ષિશ હોય ને અઠવાડિયામાં ત્રણચાર વાર રમાય તો કંઈક અંશે રમત સુધરે. ખુલ્લી હવા અને લીલીછમ કુદરતમાં રમાતી આ રમતથી શારીરિક અને માનસિક શાંતિ સાથે આનંદ ને કુદરતનો લાભ મળે છે

૬. આપને નાટક-સિનેમાનો શૉખ પણ છે. ક્યાં નાટકો વધુ ગમ્યાં? અને આપના પ્રિય લેખક, કવિ, પુસ્તક, પાત્ર, અભિનેતા-અભિનેત્રી તથા કુદરતનું પ્રિય સ્થળ?

ઉ. નાટકોમાં 'સંતુ રંગીલી' અને 'નોખી માટીનો નોખો માનવી', અભિનેતામાં પ્રિય ચાર્લી ચૅપલિન, અભિનેત્રી ગ્રેટા ગાર્બો, લેખક ઑસ્કર વાઈલ્ડ, કવિ 'કલાપી', પુસ્તક અને પાત્ર 'જ્યુલીઅસ સીઝર' તથા પ્રિય સ્થળ ગુલમર્ગ.

૭. આપની અનેકવિધ જવાબદારીઓમાંથી થાકતાં આપ તાજગી કઈ રીતે મેળવો છો?

ઉ. ગુજરાતી-અંગ્રેજી સાહિત્યના વાચનમાંથી તથા રજામાં બે-ત્રણ કલાક ગૉલ્ફ રમવામાંથી.

જશવંત. પી ઠક્કર

પૂઠું, પૃ. ૧૩૨, રૂ. ૬–૭૫)

દેવના દીધેલ : આ સંસારમાં મનુષ્ય અને મનુષ્યમાં એનું મન કેવાં વિસ્મયકારી છે તેનો અનુભવ રજૂ કરતું, પશ્ચિમની કૃતિ પરથી રૂપાંતરિત થઈ ગુજરાતી દેહે અવતરતું, મૂગી-બહેરી છોકરીને નાયિકા તરીકે નિરૂપી માનવની અક્ષમતા અને ઉદાત્તતાને નિરૂપતું તથા એ સંઘર્ષજન્ય પરિણામોને કલાત્મક રીતે રજૂ કરતું શ્રી પરમસુખ પંડયાનું આ છે ત્રિઅંકી નાટક. (પાકું પૂઠું, પૃ. ૧૮૦, રૂ. ૬.)

વેણુનાદ : ગોપીભાવને કેન્દ્રમાં રાખી રચાએલાં એની બહેન સરૈયાનાં ૧૦૧ ગીતોના આ સંગ્રહમાંથી 'મને બોલાવે', 'દર્શનિયાં', 'કરીશનહિફરિયાદ''સુંદરતમ હે !'જેવી થોડી આસ્વાદ્ય રચનાઓ મળી રહે છે એ કંઈ ઓછું નથી. બાકી ગીતના સ્વરૂપની દૃષ્ટિએ કે કાવ્યકલાની દૃષ્ટિએ ઘણી રચનાઓ સફળ ના જણાય તો યે અહીંયાં વ્યક્ત થએલી ભાવસચ્ચાઈ સ્પર્શ્યા વગર રહેશે નહિ. (પાકું પૂઠું, પૃ. ૧૧૮, રૂ. ૭.)

દેવના દીધેલ : પશ્ચિમની કોઈ અજાણી કૃતિ પરથી ગુજરાતના ગ્રામ વાતાવરણના ફલક પર આ ત્રિઅંકી નાટકની રચના કરવામાં આવી છે તેમ તેના કર્તા અને જાણીતા નાટ્યકાર પરમસુખ પંડયા જણાવે છે. (પાકું પૂઠું, પૃ. ૧૮૦, રૂ. ૬.)

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રોડ, અમદાવાદ–૧

આત્મજ્ઞાન ને સાધનાપથ : મુનિશ્રી અમરેન્દ્રવિજયજી લિખિત આ પુસ્તકમાં આત્મજ્ઞાનનો સાધનાપથ કયો હોય તેની વિશદ ચર્ચા કરવામાં આવી છે. એ માર્ગના પ્રવાસીને વચ્ચે આવતા અવરોધો કયા હોય ને એને કઈ રીતે પાર કરી શકાય તેની પણ સમજ આપેલી છે. કોઈ પણ આત્મસાધકને આ ગ્રંથનું સરળ શૈલીનું લખાણ ઉપયોગી થઈ પડયા વગર રહેશે નહિ. (પાકું પૂઠું, પૃ. ૨૩૬, રૂ. ૧૨.)

હૃદયોદ્‌ગાર: માનવજીવનને કેન્દ્રમાં રાખી સ્ફુરેલા સાહજિક વિચારોને સરળ સચોટ શૈલીમાં રજૂ કરતો ફાધર વાલેસનો એક નવો લેખસંગ્રહ. (કાચું પૂઠું, પૃ. ૧૧૪, રૂ. ૪–૫૦.)

મન સ્વસ્થ કેમ રખાય : માણસને માટે સુખદુ:ખનું મોટું કારણ જ મન છે. આ મન જો સ્વસ્થ રહે તો ઘણાં દુ:ખો પાર કરી શકાય. પણ એ સ્વસ્થ રાખવું કઈ રીતે? મનને સ્વસ્થ રાખવા માટેની વૈજ્ઞાનિક વિચારણા વ્યક્ત કરતું પ્રા. રજનીકાંત પટેલનું સરળ ને ઉપયોગી પુસ્તક. (કાચું, પૃ. ૧૪૮, રૂ. ૫–૫૦.)

જાહ્નવી : નાથાલાલ દવેના કાવ્યસંગ્રહની ત્રીજી આવૃત્તિ. (કાચું પૂઠું, પૃ. ૧૧૬, રૂ. ૪.)

ભાવલોક : વર્ષોના અનુભવી પ્રાધ્યાપક ચિમનલાલ ત્રિવેદીના આ વિવેચનસંગ્રહના ૨૦ લેખોમાં સાહિત્યનાં સ્વરૂપ તત્ત્વ, પ્રવાહ તેમ જ કેટલાંક અવલોકનો મુખ્ય છે, જેમાં એક સન્નિષ્ઠ અભ્યાસી અધ્યાપકની સહૃદયતા અછતી રહેતી નથી. (પાકું, પૃ. ૨૩૮, રૂ. ૧૫.)

વિવેચનનું વિવેચન: સર્જનની સાથે વિવેચનની પ્રવૃત્તિ પણ સમાજમાં પોતાનું કામ કરી જ રહી હોય છે ત્યારે વિવેચનગ્રંથોને વિવેચનના પ્રવાહોને તપાસવાનો પ્રા. જયન્ત કોઠારીનો આ તટસ્થ પ્રયત્ન અભ્યાસી વિદ્યાર્થીઓને સારો ખપ લાગશે. (પાકું પૂઠું, પૃ. ૨૩૫, રૂ. ૧૫.)

અનુવાદ: વર્ષોથી ગુજરાતીનું અધ્યાપન કરાવી રહેલા. પ્રા રમેશ મ. શુક્લના આ વિવેચનસંગ્રહમાંના લેખો એક અધ્યાપકના અભ્યાસનો વૈવિધ્ય અને વિશદતાભર્યો સુપાક છે. (પાકું પૂઠું, પૃ. ૨૧૪, રૂ. ૧૪.)

વનફૂલ: સૂરતના 'ગુજરાતી સાહિત્ય મંડળે' પ્રતિષ્ઠિત અને નવા કવિઓની રચનાને એકસાથે પ્રકટ કરવાના ઉત્સાહથી તૈયાર કરેલા આ કવિતા-સંપાદનમાંની કેટલીક કૃતિઓ જરૂર આસ્વાદ્ય જણાશે. (સં. ભૂપેન્દ્રભાઈ વકીલ વગેરે; પ્ર. ગુજરાત સાહિત્ય મંડળ, સૂરત; કાચું પૂઠું, પૃ. ૮૬, રૂ. ૫.)

મેદવૃદ્ધિના ઉપચાર: મેદવૃદ્ધિનો પ્રશ્ન આજે મૂંઝવી રહ્યો છે ત્યારે તેનાં કારણો, તે ઘટાડવાના ઉપાયો, તે માટે ઉપયોગી વાનગીઓ વગેરેની સરળતાથી સમજણ આપતી ચંદુલાલ કા. દવેની પુસ્તિકા. (પ્ર. બાલગોવિંદ પ્રકાશન, ગાંધીરોડ, અમદાવાદ; કાચું, પૃ. ૪૮, રૂ. ૩.)

વિનોબાજીના સાન્નિધ્યમાં: સંતવિચારક વિનોબાજીના રચનાત્મક ગાંધીકાર્ય, આજની પરિસ્થિતિ, કર્મમુક્તિ, આત્મદીપ થવાની વાત વગેરે પરના વિચારોને નાગરી લિપિમાં રજૂ કરતી ગુજરાતી પુસ્તિકા. (પ્ર. યજ્ઞ પ્રકાશન, હુજરાતપાગા, વડોદરા-૧; કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૧.)

ન્હાનાલાલને: કવિવર નાનાલાલની જન્મ-શતાબ્દીના પ્રસંગે કવિશ્રી સુધાંશુએ નાનાલાલ વિષે રચેલી કાવ્યકૃતિઓના આ સંચયમાં પ્રાસંગિકતા સાથે જ્યાં જ્યાં કાવ્યત્વ ભળ્યું છે ત્યાં ત્યાં આસ્વાદ્ય પાક ઊતર્યો છે. આરંભમાં કવિશ્રી સુધાંશુ પર નાનાલાલે લખેલા દ્વાક પત્રો પણ પ્રકટ કરાયા છે. (પ્ર. ભારતોદય મંડળ, પોરબંદર; કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૫.)

ગાયત્રી સાધના પ્રયોગ: ગાયત્રી મંત્ર પર ભારતીય શ્રદ્ધાવાનની અપૂર્વ પ્રીતિ રહેલી છે. એ ગાયત્રીનો નવરાત્રીમાં કરવાનો પ્રયોગ આ નાની પુસ્તિકામાં શાન્તવજીએ રજૂ કર્યો છે, જે તે દિશાના જિજ્ઞાસુઓ અને સાધકોને ઉપયોગી થઈ પડશે. (પ્ર. મા ગાયત્રી પ્રકાશન, સંદીપ પેપર કંપની, ૧૧૧૨/૨ નવા દરવાજા રોડ, ખાડિયા, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૨–૨૫.)

લીલપ લાગણીની : નવોદિત કવિ જોઈતારામ પટેલની ગઝલ, ગીત, અછાંદસ વગેરે આશાસ્પદ રચનાઓનો આ પ્રથમ કાવ્યસંગ્રહ ગ્રામ વાતાવરણની સાથેસાથે નાગરિક સભ્યતામાંથી પ્રકટતા વિષાદની પણ અભિવ્યક્તિ કરી જાય છે. (મુખ્ય વિક્રેતા: આદર્શ પ્રકાશન, ૨૪૯૮/૧, રાયખડ રોડ, અમદાવાદ-૧; કાચું. પૃ. ૬૮, રૂ. ૫.)

સંજીવની : ઈન્દુમતીબહેન મહેતાના આ પ્રથમ કાવ્યસંગ્રહમાંની ગીતો અને છાંદસ રચનાઓ એમના નિજી વક્તવ્ય ને અભિવ્યક્તિની પરિચાયક બની રહે છે. (પ્ર. પોતે જ, 'સરસિજ', ૭ રસ્તા (પશ્ચિમ) નવરંગપુરા, અમદાવાદ-૯; કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૬.)

અબરખિયાં સપન: સ્વાતંત્ર્યોત્તરકવિઓમાંથી કેટલાક નામી-અનામી કવિઓની રચનાઓનું રમેશ શિમ્પી 'મધુકરે' કરેલું સંપાદન, જેમાં બહુધા કવિઓની છબિ ને અલ્પ-પરિચય અપાયો છે તે ઉપયોગી છે. (મધુર પ્રકાશન, ૮૯, છોટુભાઈ સોસાએટી, ગીતામંદિર રોડ, અમદાવાદ–૨૨; કાચું પૃ., પૃ. ૬૪, રૂ. ૫.)

પ્રેરક સુભાષિતો : કેટલાક સુવિચારોના વિવરણ સાથે પ્રકટ થએલો આ નાનકડો સંગ્રહ જીવનપ્રેરણાદાયક હોઈ શિક્ષણસંસ્થાઓ અને પુસ્તકાલયો માટે ખાસ ઉપયોગી થઈ પડશે. (સં. રતિલાલ અધ્વર્યુ, પ્રા. સ્થા. ૩, દત્ત સોસાએટી, અમદાવાદ-૭; કાચું પૂઠું, પૃ. ૬૨, રૂ. ૧–૫૦.)

ક્યારેક...તો : દિનેશ શાહની ગઝલો અને કેટલીક અછાંદસ રચનાઓનો પ્રથમ સંગ્રહ. (મુ. વિ. નોવેલી સ્ટોર્સ, આર્ય સમાજ બિલ્ડિંગ જામનગર; કાચું પૂઠું, પૃ. ૫૨, રૂ. ૧.)

દયાનંદ સરસ્વતી : મહર્ષિ દયાનંદ સરસ્વતીના જીવનચરિત્રાત્મક લેખ સાથે સ્વામી વિરચિત 'દયાનંદ બાવની' પદ્યકૃતિઓના સંપાદક છે કચ્છી સાહિત્યકાર દુલેરાય કારાણી. (પ્ર. પોતે જ; ૯, દીનદયાળ સોસાએટી, અમદાવાદ-૧૪; કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૧.)

મારી જીવનકહાની : આઝાદીની લડતમાં સુભાષચંદ્ર બોઝ સાથે જોડાનાર સ્વાતંત્ર્ય સૈનિક લક્ષ્મીદાસ ડાહ્યાભાઈદાણીએ રજૂ કરેલી પોતાની આ જીવનવાર્તા તે વખતના વાતાવરણનો રોમાંચક આહ્લાદ આપી રહેશે. (પ્ર. સ્થા. પોતે જ, લક્ષ્મીગેસ્ટ હાઉસ, આનંદા-

ક્રમની બાજુમાં, સ્ટેશન રોડ, પોરબંદર; કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૩.)

યોગાનંદ : સ્વાતંત્ર્યસંગ્રામના સૈનિક યોગાનંદના જીવનના કેટલાક પ્રેરક પ્રસંગોને આ પુસ્તિકામાં સુભગ રીતે રજૂ કર્યા છે ડૉ. ચંદ્રકાંત મહેતાએ (સત્યમ્ પ્રકાશન, ૧, સરદાર-કુંજ સોસાએટી, બહાઈ સેન્ટર, શાહપુર, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૩–૫૦.)

પરિત્રાણ : સસ્તી સુલભ સાહિત્ય યોજના અન્વયે જાણીતા સર્જક 'દર્શક'ની કૃતિઓ વધુ વાચકોને મળી રહે તે સદાશયથી એમના પ્રસિદ્ધ ત્રિઅંકી નાટક 'પરિત્રાણ'નું આ છે પુનર્મુદ્રણ. (સંસ્કાર સાહિત્ય મંદિર, દરબાર ગઢ, ભાવનગર; કાચું પૂઠું, પૃ. ૭૮, રૂ. ૨.)

ભીનાશ : નવોદિત કવિ વિજય આશરની ગઝલોનો આ સંગ્રહ એમની સચ્ચાઈથી આકર્ષશે પણ ગઝલના શિલ્પ શૈથિલ્યથી નિરાશ પણ કરે. (સુમન પ્રકાશન, ૮૬, ડામરગલી, મુંબઈ–૯; કાચું પૂઠું, પૃ. ૬૨, રૂ. ૩.)

સમાજઘડતર : જાણીતા વિચારક કાધર વાલેસનાં વિવિધ પુસ્તકોમાંથી ચૂંટેલાં વિચાર-પ્રેરક લખાણોનો સંગ્રહ. સંપાદકો અનંતરાય રાવળ, યશવન્ત શુક્લ ને ચિમનલાલ ત્રિવેદી. (લોકમિલાપ ટ્રસ્ટ, ૧૫૬૫, સરદારનગર, ભાવનગર; પાકું પૂઠું, પૃ. ૧૬૮, રૂ. ૧૨.)

આશિષનું અમૃત : સંદેશમાં આવતી શ્રી શાસ્ત્રીજીની ગાયત્રીના ચમત્કારિક અનુભવોની લેખમાળાનો આ સંચય શ્રદ્ધાળુ જનોને રસપ્રદ થઈ પડશે. (પ્ર. સાહિત્યમુદ્રણાલય, અમદાવાદ-૨૨; કાચું, પૃ. ૧૩૬, રૂ. ૫.) —ધી. પ.

આવકાર

આર. આર. શેઠની કંપની

અમદાવાદ-૧ અને મુંબાઈ-૨નાં પુનર્મુદ્રણો

સેનાપતિ : લે. ગુણવંતરાય આચાર્ય, પાકું પૂઠું, પૃ. ૩૨૪, રૂ. ૧૬–૫૦.

દાઝેલાં હૈયાં : લે. વિ. સ. ખાંડેકર, પાકું પૂઠું, પૃ. ૨૮૦, રૂ. ૧૨–૭૫.

સાહસિકોની સૃષ્ટિ : લે. મૂળશંકર મો. ભટ્ટ, કાચું પૂઠું, પૃ. ૨૭૨, રૂ. ૧૨.

આંખ અને અંજન : લે. ર. વ. દેસાઈ, પાકું પૂઠું, પૃ. ૧૭૫, રૂ. ૮–૫૦.

અમૃતા : લે. રઘુવીર ચૌધરી, પાકું પૂઠું, પૃ. ૪૯૫, રૂ. ૨૧–૫૦.

હું આવું છું : લે. દિલીપ રાણપુરા, પાકું પૂઠું, પૃ. ૩૮૦, રૂ. ૧૯.

મન નહિ માને : લે. ભગવતીકુમાર શર્મા, પાકું પૂઠું, પૃ. ૪૪૦, રૂ. ૧૯.

પૂર્ણિમા : લે. ર. વ. દેસાઈ, પાકું પૂઠું, પૃ. ૩૨૫, રૂ. ૨૧.

બારાફેરા : લે. વિ. સ. ખાંડેકર, પાકું પૂઠું, પૃ. ૧૯૨, રૂ. ૯–૫૦.

મુસાફર : લે. ગુણવંતરાય આચાર્ય, પાકું પૂઠું, પૃ. ૨૧૩, રૂ. ૧૦.

અનુબન્ધ : લે. પિનાકિન દવે, પાકું પૂઠું, પૃ. ૩૩૨, રૂ. ૧૪–૭૫.

કાલભોજ : લે. ર. વ. દેસાઈ, પાકું પૂઠું, પૃ. ૩૦૦, રૂ. ૧૯–૫૦.

લાંછન : લે. વિઠ્ઠલ પંડયા, પાકું પૂઠું, પૃ. ૪૩૨, રૂ. ૨૦.

જામ તમાચી–પૂર્વાર્ધ : લે. ગુણવંતરાય આચાર્ય, પાકું પૂઠું, પૃ. ૩૩૧, રૂ. ૧૪-૫૦.

જામ તમાચી-ઉત્તરાર્ધ : લે. ગુણવંતરાય આચાર્ય, પાકું પૂઠું, પૃ. ૩૧૦, રૂ. ૧૪.

અભિજાત : લે. ઈશ્વર પેટલીકર, પાકું પૂઠું, પૃ. ૩૩૬, રૂ. ૧૪–૭૫.

ભલે ઊગા ભાણ : લે. ગુણવંતરાય આચાર્ય, પાકું પૂઠું, પૃ. ૫૩૫, રૂ. ૨૫–૫૦.

વિશ્વજિત : લે. પિનાકિન દવે, પાકું પૂઠું, પૃ. ૪૯૨, રૂ. ૨૧–૨૫.

જોરતલબી : લે. ગુણવંતરાય આચાર્ય, પાકું પૂઠું, પૃ. ૨૮૬, રૂ. ૧૨–૭૫.

દિવ્ય ચક્ષુ : લે. ર. વ. દેસાઈ, પાકું પૂઠું, પૃ. ૩૬૦, રૂ. ૧૬.

દાઢરિયો ગઢ : લે. ગુણવંતરાય આચાર્ય, પાકું પૂઠું, પૃ. ૩૦૦, રૂ. ૧૪–૫૦.

વોરા ઍન્ડ કંપની

ગાંધી રોડ, અમદાવાદ-૧નાં પુનર્મુદ્રણો

એક પગ ઉંબર બહાર : લે. મોહમ્મદ માંકડ, પાકું પૂઠું, પૃ. ૪૩૭, રૂ. ૧૯-૨૫.

શ્રાવણી મેળો : લે. ઉમાશંકર જોષી, પાકું પૂઠું, પૃ. ૨૧૮, રૂ. ૧૩–૫૦.

અંતરપટ : લે. સ્નેહરશ્મિ, પાકું પૂઠું, પૃ. ૪૧૨, રૂ. ૧૮.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી માર્ગ, અમદાવાદ-૧નાં પુનર્મુદ્રણો

રસસુધા : લે. સૌ. સુધાબેન મુનશી, પાકું પૂઠું, પૃ. ૬૧૦, રૂ. ૩૧.

આપણો ઘડીક સંગ : લે. દિગીશ મહેતા, પાકું પૂઠું, પૃ. ૧૭૫, રૂ. ૮–૫૦.

પૅરેલિસિસ : લે. ચન્દ્રકાન્ત બક્ષી, પાકું પૂઠું, પૃ. ૧૬૮, રૂ. ૮.

નવભારત સાહિત્ય મંદિર

અમદાવાદ-૧

એલો રે એલ ખુરશીના : લે. દિનકર જોષી, પાકું પૂઠું, પૃ. ૧૭૪, રૂ. ૯–૫૦.

સત્યનો ચહેરો : લે. દિનકર જોષી, પાકું પૂઠું, પૃ. ૨૨૦, રૂ. ૧૧–૫૦.

નર્તકીનું પ્રેત : લે. રસિક મહેતા, પાકું પૂઠું, પૃ. ૨૫૪, રૂ. ૧૪–૫૦.

સર્વ ધર્મ કથામાળા ૧ થી ૧૫ : લે. શાંતિ શાહ 'સત્યમ્', કાચું પૂઠું, દરેક પૃ. ૮૦, સેટના રૂ. ૪૫

અન્ય પ્રકાશકોનાં

પરલોકમનાં પુષ્પો : લે. ગુલાબદાસ બ્રોકર, પ્રકાશક : ચીમનલાલ લિટરરી ટ્રસ્ટ, મુંબઈ-૧; પાકું પૂઠું, પૃ. ૧૮૨, રૂ. ૧૫.

આયુર્વેદ હવે ઘરઘરમાં : લે. શોભન, પ્રકાશક : આયુ પ્રકાશન, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૧૩૧, રૂ. ૪–૫૦.

નગાધિરાજ હિમાલય (પુ. ૪૬૩) : લે. નવનીત પારેખ, પ્ર. પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ, મુંબઈ ૨, કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦–૭૫.

રોગ અને રસી (પુ. ૪૬૪) : લે. ડૉ. ગો. પા. કોઠારી, પ્ર. : પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ, મુંબઈ-૨, કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦–૭૫.

કેટલાક લેખો : લે. હંસાબહેન મહેતા, પ્ર. ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ-૪; કાચું પૂઠું, પૃ. ૨૩૯, રૂ. ૨૦.

પુરુરવા-ઉર્વશી : લે. હંસાબહેન મહેતા, પ્ર. : ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૫,

વીણેલાં ફૂલ ભાગ ૩ (૩૬ ટૂંકી વાર્તાઓ) : પ્ર. : યજ્ઞ પ્રકાશન સમિતિ, હુઝરાત પાગા, વડોદરા-૧; કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૩,

એપ્રિયો : લે. રામભાઉ મ્હસ્કર, પ્ર. : ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૧૭૭, રૂ. ૩-૭૫.

સમરાંગણ : લે. ઝવેરચંદ મેઘાણી, પ્ર.: 'પ્રસાર' આતાભાઈ માર્ગ, ભાવનગર-૨; પાકું પૂઠું, પૃ. ૨૧૨, રૂ. ૮.

કાળચક્ર : લે. ઝવેરચંદ મેઘાણી, પ્ર. : ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૧૦૮, રૂ. ૪.

વિલોપન અને બીજી વાતો : લે. ઝવેરચંદ મેઘાણી, પ્ર.: ઉપરમુજબ, પૃ. ૨૬૦, રૂ. ૧૦.

દ્વાદશ જ્યોતિર્લિંગ(૭) શ્રી વિશ્વેશ્વર

સ્કંદપુરાણમાં બહુ જ વિસ્તારથી કાશી નગરીનો મહિમા વર્ણવ્યો છે. સર્વતીર્થમયી, સર્વસંતાપહારિણી, મોક્ષદાયિની આ નગરી પ્રાચીનતા, પવિત્રતા અને પ્રશસ્તતામાં અદ્વિતીય હોઈ ભારતવર્ષનું હૃદય છે. કાશીના મુખ્ય દેવતા છે ભગવાન વિશ્વેશ્વર. દ્વાદશ જ્યોતિર્લિંગમાં એ પ્રાચીનતમ મનાય છે. પુરાણકાલીન સંસ્કૃતિના આરંભકાળે પણ તેનું અસ્તિત્વ હોવાના ઉલ્લેખ મળે છે. અનેક વખત વિધર્મી આક્રમકોએ એના મંદિરનો ધ્વંસ કર્યા છતાં ફરીફરીને એ જ સ્થળે એની પુનઃપ્રતિષ્ઠા થતી રહેતી. ઈ. ૧૪૯૪માં સિકંદર લોદીએ તેનો નાશ કર્યા પછી એ જ સ્થળે કે અન્યત્ર એની સ્થાપના કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. એ પછી સાતેક દાયકા સુધી નવું મંદિર બંધાયું નહિ. અંતે વ્યાપક દુષ્કાળનું એ જ કારણ સમજી પાદશાહે પ્રતિબંધ ઉઠાવી લેતાં મંદિરનો પુનરુદ્ધાર થયો. આ પછી ઓરંગઝેબ ફરી એનો ધ્વંસ કર્યો અને એ સ્થાને મસ્જિદ બનાવી. આજે પણ એ મસ્જિદ મોજૂદ છે.

કાશીમાં હાલ જે વિશ્વેશ્વરનું મંદિર છે તે અહલ્યાબાઈએ બંધાવેલું છે. તેમાં ઘુમટને ગ્વાલિયરના મહારાજાએ સોનાના પતરાથી મઢાવ્યો છે ને તેની ઉપરનો સુવર્ણ કળશ રાજા રણજિતસિંહે ચડાવ્યો હોવાનું મનાય છે. આ નવા ને જૂના (જ્યાં હાલ મસ્જિદ છે તે) મંદિરની વચ્ચે જ્ઞાનવાપી નામે કુંડ છે. વિધર્મીઓએ મૂળ મંદિર દૂષિત કર્યું ત્યારે ભગવાન શંકર આ વાપીમાં પ્રવેશીને રહ્યા હતા એમ કહેવાય છે.

વિશ્વેશ્વર કાશીના સ્વામી છે. ભૈરવ કાશીના કોટવાલ અને ઢુંઢીરાજ (ગણપતિ) તેના શાસક છે. એ બંનેનાં મંદિરો પણ નજીકમાં જ છે. પાસેના એક અક્ષયવટની બાજુમાં અન્નપૂર્ણાદેવીનું મંદિર છે. નજીકની જ એક શેરીમાં 'કાશીકરવત' નામે ઓળખાતી જગ્યા છે જ્યાં કહે છે કે અગાઉ અંધશ્રદ્ધાથી પ્રેરાઈ ભાવિક લોકો મોક્ષ પામવા સ્વેચ્છાએ માથે કરવત મુકાવી આત્મહત્યા કરતા હતા. સ્થિતિસંપન્ન લોકો ઉત્તરાવસ્થા કાશીમાં જ વ્યતીત કરવાનું ઈચ્છે છે. કેટલાક વળી વિશ્વેશ્વરથી પાંચ યોજનથી વધુ દૂર કદી ન જવાનું વ્રત લઈ અહીં રહેતા હતા. વિશ્વેશ્વરની આજુબાજુનાં સ્થાનોમાં નાનાંમોટાં અનેક 'બાણ'નાં દર્શન પૂજન થાય છે. એથી આ વિસ્તાર શંકરની કૈલાસપુરી જેવો લાગે છે. સ્વયં ભગવાન શંકરે ત્રણે ભુવનરૂપી પોતાના નગરમાં કાશીને પોતાનું રાજભવન ગણાવ્યું હોઈ કાશી ને એના સ્વામી વિશ્વેશ્વર કે કાશીવિશ્વનાથનો મોટો મહિમા છે.

—ચંદ્રકાંત મો. શુકલ





ન ચંદ્ર, નહિ તારકો, પવનનો ય સંચાર ના;
મહાગહન રાત્રિના નિબિડ અંધકારે ઢળ્યાં
ધરા ગગન, રાત આખી નિજ વાત કહેતાં રહ્યાં
રહસ્યમય; શબ્દશાં વરસતાં ધીમે બિન્દુડાં!
અને નીરખ્યું પ્રાતમાં : પૃથિવી અંગઅંગે દીઠી
અસંખ્ય તૃણની પ્રસન્ન પુલકંત રોમાવલિ.


—જયંત પાઠક

દાદા ધર્માધિકારી

ગાંધી-વિચારના બે પ્રખર પ્રવક્તા : એક વિનોબા. એમની શૈલી સંતની, આમ-જનતાને સમજાય તેવી, લોકચિત્ત પર જબરદસ્ત અસર પાડે તેવી. બીજા દાદા—દાદા ધર્માધિકારી. બુદ્ધિવાદીઓને સ્વીકાર્ય એવી તર્કબદ્ધ અને વૈજ્ઞાનિક શૈલીમાં એમની રજૂઆત શ્રોતાને મંત્રમુગ્ધ કરી દે એટલું જ નહિ, ક્યારેક પોતાના પ્રબળ પ્રવાહમાં ઘસડી પણ જાય. એમની વાતો જીવનના રસાયણે રસાએલી. પણ અજ્ઞાતતાનાં એ ચાહક, એટલે એમનું નામ બહુ ગાજતું ન લાગે, પણ દેશના ગણ્યાગાંઠ્યા અગ્રગણ્ય ધ્યેયનિષ્ઠ બુદ્ધિધનોમાં એમનું આગવું સ્થાન છે. ગઈ ૧૮મી જૂને એમણે ૮૦મા વર્ષમાં પ્રવેશ કર્યો.

એમનું પૂરું નામ શંકર ત્ર્યંબક ધર્માધિકારી. જન્મ મધ્ય પ્રદેશના બેતુલ જિલ્લામાં મૂળતાપી ગામમાં. ધર્મશાસ્ત્ર પાંડિત્ય, વગેરેના સંસ્કાર એમના ધર્માધિકારી કુટુંબમાં સહજ હોઈ બચપણથી જ તેઓ એક અચ્છા વક્તા તરીકે જાણીતા બની ગએલા. મોટા સંયુક્ત કુટુંબમાં એમને શ્રોતાઓની ખોટ નહોતી. એમની વાક્‌પટુતાનું એક અંગ કોઈના પણ બોલવાની આબેહૂબ નકલ ઉતારવાનું પણ હતું, એટલે ચાહકોનો મધપૂડો પણ એમની આજુબાજુ જામેલો જ રહેતો. વિદ્યાર્થી આલમમાં તેઓ લાડકા નેતા હતા. ગામમાં અવારનવાર સભાઓ યોજાય. એમાં બહારથી પણ વક્તા બોલાવાય. પણ એવી સભાઓમાં યે દાદાનો ઉપસંહાર અન્ય વક્તાઓના વક્તવ્ય કરતાં ચઢિયાતો રહેતો. વ્યાપક વાચન, વિષય પરની સર્વગ્રાહી પકડ ને સુરેખ પ્રભાવશાળી રજૂઆત એમને સહજ હતાં.

ભણવામાં તેજસ્વી અને પિતા ન્યાયાધીશ, એટલે દાદા આઈ.સી.એસ. થશે એમ સૌ માનતા અને ઇચ્છતા. એમના જેવા આશાસ્પદ યુવાનો માટે એ સમયમાં એવી અભીપ્સા સ્વાભાવિક પણ હતી. પરંતુ દાદાએ તો ગાંધીજીના અસહકારના આંદોલનોથી આકર્ષાઈને ૧૯૨૦માં કૉલેજ છોડી દઈ ટિળક વિદ્યાલયમાં માસિક ત્રીસ રૂપિયાના પગારે નોકરી સ્વીકારી દેશસેવા આદરી.



એ નજીવી આવકમાં ઘર કેમ ચાલશે એની દાદાને ફિકર નહોતી. હાથમાં પૈસા હોય તો સારાં પુસ્તકો ખરીદતાં કે કોઈને સહાય આપતાં એ જરા પણ ખચકાતા નહિ. ટૂંકી આમદાનીમાં ઘરના વ્યવહારની તો ન એમણે કદી ચિંતા રાખી હતી કે ન તો એમનાં ધર્મપત્નીએ. પોતે શ્રીમંત કુટુંબનાં એકનાં એક પુત્રી તરીકે ઊછર્યાં છતાં કદી ફરિયાદ ન કરી. એમને ત્યાંની મહેમાનગતિમાં ક્યારે ય ઓછપ વરતાતી નહિ. વર્ધામાં રહેતા ત્યારે શ્રી જમનાલાલ બજાજ પછી બીજા નંબરે મહેમાનોની ભીડ દાદાને ઘેર જ જોવા મળતી. સારો કે નરસો કોઈ પણ માણસ એમને આંગણે સ્નેહ-સ્વાગત જ પામે.

વિશાળ વાચન, વ્યાપક જ્ઞાન, ઊંડી સમજ, મૌલિક ચિંતન અને વિદ્વત્તાના સુવર્ણ સાથે વક્તૃત્વની સુગંધ ભળેલી. સ્વાતંત્ર્ય-આંદોલનોમાં જેલવાસ પણ ભોગવેલો.

અને દેશભરના નેતાઓ સાથેનો પરિચય. પણ દાદાને અજ્ઞાતતા વધુ પ્રિય. એમના શાસ્ત્રાધ્યાન ને વિદ્વત્તાથી પ્રભાવિત થઈ શંકેશ્વર મઠના ડૉ. કુર્તકોટીએ એમને ભાવિ પીઠાધિકારી બનાવવાની ઈચ્છા કરેલી, તો રાજકારણની ઊંડી સૂઝ ને એમની લોકપ્રિયતાના કારણે સરદાર પટેલના મનમાં એમને મધ્ય પ્રદેશના મુખ્ય મંત્રી બનાવવાની ઇચ્છા પણ રમતી હતી. પરંતુ દાદા તો વિધાનસભામાં જવા યે તૈયાર નહિ. ગાંધીજી તથા વિનોબાના દબાણથી વિધાનસભામાં ગયા ત્યારે યે કોઈ પણ હોદ્દો નહિ સ્વીકારવાની શરતે ગએલા. અને બંધારણ સભામાં પણ તેઓ ગાંધીજીના આગ્રહથી જ.

પણ વિનોબાજીના ભૂદાનયજ્ઞે એમને રાજદરબારમાંથી મુક્તિ અપાવી. વિનોબા સાથે જૂનો પરિચય તો હતો જ. સર્વોદયની માસિક પત્રિકા કાઢવાનું વિચારાયું ત્યારે સહસંપાદક તરીકે દાદા એમાં જોડાય એ શરતે જ વિનોબાજીએ એનું સંપાદકત્વ સ્વીકારેલું. અને દાદાએ એ કામ સર્વોત્તમ રીતે બજાવ્યું. ત્યાર પછીથી માંડીને આજ સુધી તેઓ ભૂદાન, ગ્રામદાન ને સર્વોદય-વિચારના જ્યોતિર્ધર બની દેશભરમાં ઘૂમતા રહ્યા છે. જેને સામાન્ય રીતે ગાંધી-વિચાર કહી શકાય તેના દાદા કેવા પ્રખર પ્રવક્તા છે એ તો એમને સાંભળ્યે જ ખબર પડે. એમને પૂર્ણતઃ નહિ ઓળખનારને ક્યારેક તર્ક કઠોર પણ લાગે એવી એમની અકાટ્ય તર્કશક્તિ ને વિચારણા જોયા પછી, ખાવામાં સુધ્ધાં ગ્રામોદ્યોગની જ વસ્તુઓ વાપરવાનું એમનું વ્રત અને કાશીમાં હતા ત્યારે કાશીવિશ્વનાથનાં દર્શને જવાનો એમનો નિત્યક્રમ કે ત્યાંના ઘાટ પાસેના ગંગાના ગંદા લાગતા જળમાં પણ એમને નાહતા જોઈ કોઇને યે આશ્ચર્ય થાય. પણ દાદા કેવળ બુદ્ધિવાદી જ નથી, શ્રદ્ધા અને ભક્તિ પણ એમનામાં છે જ.


ભૂદાન યજ્ઞ નિમિત્તે દેશભરમાં ફરીને એમણે ગાંધી-વિચાર પર વ્યાખ્યાનો આપ્યાં છે. સળંગસૂત્ર વિષયબદ્ધ એમનાં એ વ્યાખ્યાનો સીધાં છાપવા આપી શકાય. છતાં દાદા એને પ્રકાશિત થતાં રોકતા. પણ એ આગ્રહ એમણે છોડયો ને ગુજરાતીમાં 'વિચાર-ક્રાંતિ' અને હિંદીમાં 'સર્વોદય દર્શન' પ્રકટ થયાં. એ પછી 'અહિંસક ક્રાંતિની પ્રક્રિયા' અને 'માનવીય નિષ્ઠા' પ્રકટ થયાં. આમ તો અલગ અલગ ભાષાઓમાં યે એમનાં બીજાં અનેક પુસ્તકો પ્રકટ થયાં છે, પણ ઉપર્યુક્ત ત્રણ (ગુજરાતી) પુસ્તકોમાં એક સળંગ દર્શન પ્રાપ્ત થાય છે.

જયપ્રકાશજીના આંદોલનના સંદર્ભમાં એમનું સ્મરણ અનિવાર્ય છે. વિનોબાજી સાથેના મતભેદ અને ગેરસમજને કારણે સર્વોદય સમાજ જ્યારે અંધારઘેરી અવસ્થામાં હતો ત્યારે જયપ્રકાશજીને પડખે રહીને દાદાએ જે વિશ્વાસ અને હૈયાધારણ આપ્યાં છે તેનું મૂલ્યાંકન તો થશે ત્યારે, પણ વિમૂઢ ચિત્તદશાવાળા અનેક સાથીઓ માટે દાદાનાં શબ્દ-પ્રામાણ્યે પ્રાણની ગરજ સારી છે. યુદ્ધમોરચે લડતા સૈનિકો માટે પાછળથી આવતા પૂરવઠાના જેટલું જ મહત્ત્વ એ દિવસોમાં દાદાનુંહતું. આજે એંશીમા વર્ષમાં એમના પ્રવેશ પ્રસંગે એમને સ્વસ્થ દીર્ઘાયુ ઇચ્છીએ

('ભૂમિપત્ર'માંના શ્રી ચીનુભાઈ વૈદ્યના લખાણમાંથી તારવીને)

અમરકંટક

ઉત્તરાપથ અને દક્ષિણાપથ એમ ભારતને બે વિભાગોમાં વહેંચી દેતી લગભગ ૧૨૯૦ કિ. મી. લાંબી નર્મદા પ્રાકૃતિક ભૂગોળ અને ભૂસ્તરશાસ્ત્રની દષ્ટિએ ભારતની પ્રાચીનતમ નદી છે. પુરાણો અને અન્ય પ્રાચીન સાહિત્યમાં નર્મદા વિષે જેટલું લખાયું છે એટલું અન્ય કોઈ પણ નદી વિષે લખાયું નથી. ગંગા કરતાં યે પુરાતન, પુનિતતામાં મૂળથી માંડીને મુખ સુધી સમગ્રતયા પાવનકારી આ નદીવરેણ્યા પ્રાકૃતિક રીતે, ધાર્મિક દષ્ટિએ, ઐતિહાસિક નજરે તેમજ આર્થિક મહત્ત્વની ગણત્રીએ ભારતની સર્વ નદીઓમાં શ્રેષ્ઠ છે. અલબત્ત, સપ્તપુનિત સરિતાઓમાં પાવનતાની દષ્ટિએ ગંગા પછી નર્મદાની ગણના થાય છે, પણ પુરાણોના કથનાનુસાર



અમરકંટક તીર્થે : નર્મદાના ઊગમસ્થાન આગળનું મંદિર અને કુંડ

આ કલિકાલમાં ગંગાની પાવનતા લોપ પામી તે હવે હિમાલયથી હરદ્વાર સુધી મર્યાદિત બની છે, જ્યારે નર્મદાનો મહિમા ઊલટો વધ્યો છે. સ્કંદ-પુરાણ (રેવાખંડ–અ. ૧૩૦)માં જણાવ્યું છે :

ગંગા કનખલે પુણ્યા, કુરુક્ષેત્રે સરસ્વતી।
ગ્રામે વા યદિ વાડરણ્યે, પુણ્યા સર્વત્ર નર્મદા ॥

(કનખલ [હરદ્વાર]માં ગંગા પવિત્ર છે, સરસ્વતી કુરુક્ષેત્રમાં, પણ નર્મદા તો ગામો અને અરણ્યોમાં ગમે તે સ્થળે પવિત્ર છે.)


અને આ જ કારણે નર્મદાતટે જેટલાં તીર્થસ્થાનો છે તેટલાં ગંગા કે બીજી કોઈ નદીના કાંઠે નથી. એમાંનાં ૧૩૦ જેટલાં તીર્થો તો ગુજરાતની સીમામાં જ છે. નર્મદા શિવજીનો એક અંશ લેખાય છે અને એટલે તેનાં તટવર્તી તીર્થો બહુધા શૈવ છે. 'નર્મદાના તો કંકર એટલા શંકર' કહેવત જાણીતી છે.

મધ્યપ્રદેશમાં બિલાસપુર જિલ્લામાં વિંધ્યાચળની છેક પૂર્વમાં મેકલ પર્વતમાળામાં આ નર્મદાનું ઊગમ-સ્થાન છે. આ પરથી નર્મદાને 'મેકલ-કન્યકા' પણ કહે છે. સમુદ્રની સપાટીથી ૩૪૯૩ ફૂટ ઊંચું આ સ્થાન બિલાસપુર–કટનીના રેલમાર્ગ પર પેંડ્રા રોડ સ્ટેશનથી સાત-આઠ માઈલ દૂર છે. કવિ કાલિદાસે 'મેઘદૂત'માં 'આમ્રકૂટ' પર્વત નામે જેનું સુંદર વર્ણન કર્યું છે એ આ પર્વતીય સ્થાન 'અમરકંટક' નામે સુખ્યાત છે. અહીં ગિરિશિખર પરના એક કુંડમાંથી નાનાશા જલસ્રોત રૂપે નર્મદા પ્રકટ થઈ વહે છે. સિદ્ધક્ષેત્ર ગણાતા આ પ્રદેશમાં અનેક ગંધર્વો, ઋષિઓ અને સંન્યાસીઓએ તપ કરીને મહાન સિદ્ધિઓ પ્રાપ્ત કર્યાની અનેક કથાઓ છે. સ્વયં શિવજીનો અહીં વાસ છે, અને નર્મદા એમના જ એક અંશ રૂપે 'રુદ્રતનયા' નામે પણ ઓળખાય છે. અહીંથી એ ઉદ્‌ગમ પામતી હોઈ અમરકંટક એક અતિ પવિત્ર તીર્થસ્થાન ગણાય છે. અહીં પિતૃશ્રાદ્ધ કરવું અધિક ફળદાયી લેખાય છે, ને એક કાળે અહીં પ્રાણત્યાગ કરવાનું પણ સવિશેષ માહાત્મ્ય ગણાતું હતું. જગન્નાથપુરી જતાં કે ત્યાંથી આવતાં યાત્રાળુઓ અમરકંટકની યાત્રાએ પણ અચૂક આવે જાય છે. કેટલાક ભાવિકો તો નર્મદાતટના કોઈ પણ એક તીર્થથી આરંભી સમગ્ર નર્મદાની પગપાળા પ્રદક્ષિણા કરે છે.

પ્રાચીન કાળમાં અમરકંટક ક્ષેત્રમાં ગોંડ રાજ્ય હતું. એ પછી હૈહય વંશનું શાસન સ્થપાયું. આ રાજવંશ પણ ઘણો સુદીર્ઘ ઇતિહાસ ધરાવતો. ઈ. ૧૦૪૦થી ૧૦૭૦ના અરસામાં થઈ ગએલા કર્ણદેવ ચેદીએ અમરકંટકમાં મંદિરની પ્રતિષ્ઠા કરી હતી. એક મંડપ સાથે ત્રણ મંદિરોનું એ જૂથ કરણના મંદિર તરીકે ઓળખાય છે. ખજુરાહોની શૈલીનાં એનાં વળાંકદાર શિખરો અને અન્ય રચનાને કારણે આ મંદિર એની નજીકનાં બીજાં મંદિરોથી અલગ તરી આવતું હોઈ સ્થાપત્યની દષ્ટિએ અભ્યસનીય છે. પાસે જ નર્મદાનું મંદિર છે જેના પર થતી રહેલી મરા-

મતો અને ધોળને કારણે એનો રચનાકાળ નિશ્ચિત થઈ શકતો નથી પણ એ વધુ પ્રાચીન હોવાનું કલ્પી શકાય છે. 'અમરનાથ' પણ અહીંનું એક મુખ્ય દેવસ્થાન છે.

આમ, બહુ પ્રાચીન કાળથી અનેક રીતે માહાત્મ્યમય આ અમરકંટકના તીર્થસ્થાનમાંથી પ્રકટ થઈને એક નાના જલસ્રોત રૂપે આગળ વધતી બાલ નર્મદા બેએક માઈલ દૂર પ્રબળ વેગે લગભગ સિત્તેર ફૂટ ઊંચેથી ધોધ રૂપે પડે છે. એ સ્થાનને કપિલધારા કહે છે. આમ તો પોતાના સમગ્ર માર્ગમાં નર્મદા અનેક સ્થળે ધોધ રૂપે નીચે ઊતરતી જાય છે. નર્મદા નદી જેટલા ધોધ પણ ભારતની કોઈ નદીમાં નથી. માર્ગમાં એના ઉત્તર કાંઠે ૧૧ અને દક્ષિણકાંઠે ૨૩ જેટલી નદીઓનાં જળ તેમાં ઉમેરાય છે. પરિણામે ભરૂચ પાસે ખંભાતના અખાતમાં એ સાગરને મળે છે ત્યાં સુધીમાં તો એ એક વિશાળ નદીનું રૂપ ધારણ કરી લે છે. અમરકંટક આ પવિત્રતમ નદીનું મૂળ સ્થાન હોઈ તીર્થક્ષેત્ર તરીકે એનું ઘણું માહાત્મ્ય છે. ભાવિકો માને છે કે સૂર્ય કે ચંદ્રગ્રહણ વખતે અહીંની યાત્રા કરવાથી અશ્વમેધ યજ્ઞ કરતાં યે દસ ગણું પુણ્ય મળે છે.



અમરકંટક બિલાસપુરથી કટની જતી રેલવે પર પેંડ્રારોડ સ્ટેશનથી સાત-આઠ માઈલ દૂર પહાડીઓમાં છે. ત્યાંથી બેએક માઈલ દૂર 'કપિલધારા'માં નર્મદા લગભગ સિત્તેર ફૂટ ઊંચેથી ધોધ રૂપે પડે છે. ત્યાં પહોંચવાનો અરણ્ય વચ્ચેનો માર્ગ બહુ કપરો છે. મંડલાથી ત્રણેક માઈલ દૂર પહેલી સહસ્રધારાનો ધોધ. (બીજી સહસ્રધારા મહેશ્વર નજીક છે.) જબલપુર પાસે 'ધુંવાધાર' ધોધ તો બહુ વિખ્યાત છે. ત્યાંથી આગળ નર્મદા ભેડાઘાટના ઊંચા આરસના ખડકો વચ્ચેથી ધસમસતી વહે છે. ત્યાં તેનાં પાણી સો સો ફૂટ ઊંડાં છે. નર્મદાના જેટલા ધોધ ભારતની બીજી કોઈ નદીમાં નથી.

જાંબુ

ઉનાળાની કેરી પછી ચોમાસું બેસતાં મળવા માંડતાં જાંબુ એ કુદરતે આપેલો એક ઉમદા લીલો મેવો છે. એનો વિવેકપૂર્વકનો ઉપયોગ આરોગ્યરક્ષક અને રોગનિવારક હોઈ એનો અવશ્ય લાભ લેવો જોઈએ.

જાંબુની સામાન્ય રીતે બે જાતો થાય છે: નાની અને મોટી જાત. મોટી જાતનાં જાંબુ સ્વાદમાં વધુ મધુર, અમ્લ તથા તૂરાં હોય છે. આ જાંબુ શ્રેષ્ઠ મનાય છે. આયુર્વેદની દૃષ્ટિએ તે પચવામાં હળવાં, રુક્ષ, મધુર વિપાકી, શીતવીર્ય, કફ-પિત્ત દોષશામક, આંતરડાંને સંકોચનાર, રક્તસ્તંભક, વાયુદોષ વધારનાર, ભૂખ ઉઘાડનાર, પાચનકર્તા, ઝાડાને અટકાવી કબજિયાત કરનાર, વીર્યવર્ધક, બળ તથા પુષ્ટિદાતા છે. વળી, તે કંઠને સુધારે છે, શ્રમ હરે છે, મુખશુદ્ધિ કરે છે, કૃમિને હણે છે અને કફ દોષજ ઉધરસ-શ્વાસ-ક્ષય મટાડે છે તથા પિત્તદોષજન્ય ઝાડા, રક્તાતિસાર, મરડો, સ્ત્રીઓના શ્વેત પ્રદર તેમ જ લોહીવા જેવા રોગો મટાડે છે. લીવર તથા બરોળનાં દર્દોમાં તો જાંબુ એક અકસીર ઔષધ છે. હૃદય માટે પણ તે હિતકારી છે. નાનાં જાંબુ ગુણમાં કંઈક ઊતરતાં છે. ક્વચિત્ તેમાં જરા ખટાશ પણ હોય છે. એક બે વરસાદ પડ્યા પછીનાં

૨૫૧ ('કુમાર' અંક ૬૫૫)

જાંબુની મીઠાશ ઓર જ હોય છે.

જાંબુ અનેક રોગોમાં ઉપયોગી ફળ છે. તેનાથી મૂત્રનળી કે બસ્તિમાં સોજો હોય તો મટે છે. પ્રમેહ તથા મધુપ્રમેહ (ડાયાબિટીસ)ની તો તે એક ઉત્તમ દવા છે. ડાયાબિટીસની વિલાયતી દવાઓનું સેવન કાયમ કરવા છતાં દર્દ વધતું જ જતું હોય તેવા દર્દીઓ માટે તેનો એક સુંદર પ્રયોગ છે. જાંબુના સૂકા ઠળિયા ૨૫૦ ગ્રામ, લીમડાની ગળો ૫૦ ગ્રામ, હળદર ૫૦ ગ્રામ તથા કાળાં મરી ૫૦ ગ્રામ–આ બધાંનું ખાંડીને વસ્ત્રગાળ ચૂર્ણ બનાવીને શીશીમાં ભરી રાખવું. ચૂર્ણ મધમાં વટાણા જેવડી ગોળીઓ બનાવી લઈને પણ લઈ શકાય. અધકચરી ખાંડેલ દવાનો રોજ ઉકાળો બનાવીને તેમાં મધ ઉમેરીને પણ લઈ શકાય. ચૂર્ણ ૦। થી ૦॥ તોલો (૨॥ થી ૪ ગ્રામ) પાણી સાથે સવાર-સાંજ નિયમિત લેવું. ગોળી સવાર–સાંજ–રાત એમ ૩ વાર ૨–૨ ગોળી પાણી સાથે લેવી. ૨ થી ૩ માસ નિયમિત લીધા પછી તેનું સુંદર પરિણામ અચૂક જોવા મળશે. ડાયાબિટીસમાં પળાતી પરેજી પણ પાળવી.

કોઈ વાર ભૂલથી જો પેટમાં વાળ કે લોખંડની ચીજવસ્તુ જતી રહી હોય તો જાંબુ પર મીઠું ચડાવી રોજ ખાવાં. તેથી તે ચીજ નાની હશે તો ઓગળી જશે. લોહી-પરુના ઝાડામાં જાંબુ તેમ જ તેના ઠળિયાનું ચૂર્ણ બનાવી સાકર સાથે ખાવું લાભદાયી છે. લોહીવાવાળી બહેનોએ જાંબુ અવશ્ય ખાવાં જોઇએ. તેથી લોહીની અછત દૂર થશે. એ જ રીતે શ્વેત પ્રદરમાં, મોઢાના જુવાનીના ખીલના રોગમાં, માટી ખાવાથી થયેલા પાંડુ-રક્તાલ્પતામાં, પથરી ને પિત્તપ્રકોપના રોગોમાં પણ જાંબુ ખૂબ લાભકારી છે. તેનાથી લોહી તથા રક્ત કણો વધીને આરોગ્ય સુધરે છે.

જાંબુ ગુણકારી છે, છતાં તે ખાવાથી વાયુ ખૂબ થાય છે. તેથી જેની પ્રકૃતિ વાતલ (વાયડી) હોય તેવી પ્રકૃતિવાળાઓએ તેમ જ જેમને વાયુના રોગો થયા હોય તેમણે જાંબુ ખાવાં હિતકારી નથી. વળી, ભૂખ્યા

પેટે કદી પણ જાંબુ ખાવાં નહિ. જાંબુ હમેશાં જમ્યા પછી (દિવસે) જ ખાવાં. રાતના બને ત્યાં સુધી જાંબુ ન ખાવાં. જાંબુ ખાતાં પૂર્વે તેને એકાદ કલાક ઠંડા પાણીમાં પલાળી રાખવાં કે ઠંડા પાણીથી ધોયા પછી જ ખાવાં. જાંબુ ખાટાં ને તૂરાં હોઈ દૂધ સાથે (દૂધની આગળ-પાછળ પણ) કદાપિ ન ખાવાં, કારણ તેથી લોહીવિકાર થાય. સગર્ભા, પ્રસૂતા તથા માસિકધર્મમાં આવેલી સ્ત્રીએ પણ જાંબુ ન ખાવાં.

જાંબુની ખટાશનો દોષ નિવારવા તે મીઠા (નમક) સાથે, મરી-મીઠા સાથે કે ધાણાજીરું ને નમક સાથે અથવા સાકર સાથે ખાવાં. વાયુ દોષવાળાએ હિંગાષ્ટકના ચૂર્ણમાં બોળીને જાંબુ ખાવાં. ગરમીના દર્દવાળાએ જાંબુ પર ખાંડેલી સાકર ભભરાવીને ખાવાં તથા કફના દર્દીએ તેના પર મીઠું ભભરાવીને ખાવાં. આમ છતાં જાંબુ ખાવાથી સોજા, શીળસ, ખટાશ, દાહ કે વાયુનો ઉપદ્રવ જણાય તો તે ખાવાં બંધ કરવાં. પોતાની પ્રકૃતિને જે કોઈ પણ વસ્તુ માફક ન આવે તે સૌ પ્રથમ ત્યજી દેવી એ આયુર્વેદની ઉત્તમ સલાહ છે.

('આયુ ડાઈજેસ્ટ'માંથી) —વૈદ્ય બળદેવપ્રસાદ પનારા

કબજિયાત

આપણા શરીરને જ્યારે ઉપયોગી ક્ષારો મળતા નથી ત્યારે તેની પહેલી અસર પેટના અવયવો અને આંતરડાં ઉપર થાય છે. ખોરાકનું બરાબર પાચન થતું નથી ને કચરો શરીરમાંથી સાફ થતો નથી. પરિણામે રોગ અને અનારોગ્યનું એક વિષચક્ર શરૂ થઈ જાય છે.

કબજિયાત એક સાવ સામાન્ય લાગતી અસામાન્ય બાબત છે. તેનો ભોગ બનનાર વ્યક્તિ રોગિષ્ઠ દેખાય છે. લાંબા ગાળે તેની ચામડી તેજહીન, ફિક્કી પડી જાય છે, સ્વભાવ ચીડિયો થઈ જાય છે, જીભ ગંદી અને મેલી રહે છે. દાંત બગડે છે, મોઢાંમાંથી ખરાબ વાસ આવે છે, ભૂખ મરી જાય છે, અને અવારનવાર માથાનો દુ:ખાવો આવે છે.

કબજિયાત દૂર કરવા માટે બહુ જૂના વખતથી અંજીરનો ઉપયોગ જાણીતો છે. બેથી ત્રણ મોટાં સારી જાતનાં અંજીર લો. ધોઇને સાફ કરીને થોડી વાર પાણીમાં અથવા તો દૂધમાં પલાળી પોચાં થવા દો. વહેલી સવારે બીજું કશું જ લીધા પહેલાં આ રીતે પલાળેલાં અંજીર ખાવાનું રાખો. ઉપર પાણી અથવા દૂધ પીઓ. થોડા દિવસમાં જ એની અસર દેખાશે. અને ધીમેધીમે આંતરડાંનું આરોગ્ય વધતાં કબજિયાતમાંથી કાયમી છુટકારો મળશે.

અંજીરને લેવાની એક બીજી રીત પણ છે. અંજીરને ધોઈ, સાફ કરી, દૂધમાં નાખીને ઉકાળો. અંજીર સહેજ પોચાં પડે એટલે દૂધ નીચે ઉતારી લો. અંજીર ખાઈ જાઓ અને ઉપર દૂધ પી જાઓ. દૂધ સહેજ ગરમ હોય ત્યારે પીવાથી કબજિયાત ઉપર સારો ફાયદો કરે છે. આ પ્રયોગ પણ ખૂબ જ સારું કામ આપે છે. અંજીર લેવામાં એક વાત યાદ રાખવાની છે. સવારે બીજું કશું પેટમાં નાખ્યા પહેલાં જ અંજીર ખાવાં જોઇએ.

કાળી દ્રાક્ષમાં એટલાં ઉત્તમ તત્ત્વો છે કે અનેક રોગોના ઈલાજ તરીકે એનો ઉપયોગ કરી શકાય છે. ખોરાક તરીકે પણ તે ઉત્તમ છે. વહેલી સવારે જાગી કાળી દ્રાક્ષનાં પચ્ચીસથી ત્રીસ દાણા ધોઇને પાણીમાં થોડી વાર પલાળી રાખો. દાતણ કે બ્રશ કરી દ્રાક્ષનાં બી કાઢી દ્રાક્ષ ખાઈ લો. પંદરેક દિવસનો પ્રયોગ તેની ચમત્કારિક અસર જોવા માટે પૂરતો છે. જેને માફક આવે એ વધારે દ્રાક્ષ પણ લઈ શકે છે. કબજિયાત દૂર કરવા ઉપરાંત પેટના અવયવોના આરોગ્ય માટે પણ દ્રાક્ષ ઉત્તમ છે.

દ્રાક્ષ જેવું જ કામ ઓલીવનું તેલ પણ કરે છે. બકરી કે ગાયનું દૂધ સહેજ ગરમ કરી તેમાં ઓલીવનું તેલ નાખી પીવાથી તે પેટને સાફ અને આંતરડાંને કાર્યક્ષમ રાખે છે. આવી જ રીતે ગરમ દૂધમાં એક મોટો ચમચો ઘી નાખી પીવાથી પણ સારું પરિણામ મેળવી શકાય છે. આપણે ત્યાંનો આ બહુ જાણીતો પ્રયોગ છે. જો કે, ઘણા માણસોને ઘી માફક આવતું નથી. ખાસ કરીને મોટી ઉંમરનાં માણસોએ ઘીનો ઉપયોગ વિવેકપૂર્વક કરવો જોઈએ.

ઘઉંને આખાપાખા પીસી નાખો, અથવા તો ખાંડી નાખો. એક ડુંગળી અને એક લસણનો ગાંઠિયો લો. વધારે પાણી લઇને ત્રણે યે વસ્તુ પાણીમાં ઉકાળો. સૂપ તૈયાર થાય તે ગાળી લો. એક મોટી ચમચી ઓલીવનું તેલ સૂપમાં નાખો. સવારે પીવાનું રાખો. કબજિયાત દૂર થશે.

કબજિયાતનો ઈલાજ કરતી વખતે ઉતાવળા થઇને આકરા ઈલાજો ક્યારે ય ન કરશો. જુલાબ ન લેશો. તમારાં આંતરડાંને તેથી ફાયદા કરતાં નુકસાન વધુ થશે. કબજિયાત દૂર કરવી હોય તો વહેલા ઊઠવાનું રાખો. પથારીમાં સૂતાં સૂતાં જ પગને ઊંચા કરીને અને એક પછી એક પગ વાળીને પેટ સાથે દબાવી થોડી કસરત કરી લો. પછી કોઈ પણ કુદરતી નિર્દોષ પીણું, સૂપ-ફળ કે જે કાંઈ માફક આવે તે લો. કુદરતી હાજતોને ક્યારેય દબાવી રાખો નહિ. નિયમિત બનો. આમ, ધીરજપૂર્વક કરશો તો ગમેતેવી જૂની કબજિયાત દૂર થશે, ને તમે ખુશખુશાલ રહી શકશો.

(સંદેશ) —ગંગાધર દવે

દિવંગત

ડૉ. પરશુરામ લક્ષ્મણ વૈદ્ય

વિશ્વખ્યાતિના પ્રાચ્યભાષાતત્ત્વજ્ઞ અને સંશોધક. તાજેતરમાં ૮૮



વર્ષની વયે એમનું અવસાન થયું. બહુ સામાન્ય સ્થિતિમાં ઊછરીને દેવું કરી એમણે અભ્યાસ કરેલો અને હિંદસરકારની શિષ્યવૃત્તિ પામી બે વર્ષ ફ્રાંસ અને બેલ્જિયમ પણ જઈ આવેલા. ફર્ગ્યુસન કૉલેજ, વાડિયા કૉલેજ, વિલિંગ્ડન કૉલેજ તથા બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં એમણે અધ્યાપન તથા દરભંગાની મિથિલા ઇન્સ્ટિટ્યૂટમાં ડિરેક્ટર તરીકે અખંડ કાર્ય કરેલું. છેલ્લે તેઓ ભારત સરકારના 'નૅશનલ પ્રોફેસર' હતા. પુણેના ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિરમાં ચૌદ વર્ષ સુધી એમણે કરેલું મહાભારતના પ્રામાણિત સંસ્કરણના પ્રમુખ સંપાદક તરીકેનું તથા વડોદરા પ્રાચ્ય વિદ્યામંદિરમાં વાલ્મીકિ રામાયણના પ્રામાણિત સંસ્કરણના સંપાદનનું કાર્ય વિદ્યાક્ષેત્રે એમની મહત્તમ દેણગી છે. જૈન કવિ પુષ્પદંત લિખિત અપભ્રંશ ભાષાના મહાપુરાણનું તથા બૌદ્ધાગમાર્થ સંગ્રહ અને બૌદ્ધ સંસ્કૃત વાઙ્મયનું એમનું સંપાદનકાર્ય પણ એટલું જ ઉત્કૃષ્ટ છે. પ્રાકૃત સાહિત્યનાં આવાં ૧૮ સંપાદનો એમણે કરેલાં. જે દ્રવ્યહીન સ્થિતિમાં પોતે જન્મેલા એ જ સ્થિતિમાં ચિરવિદાય લેવાની એમની મનેચ્છા હતી, એટલે ધન સંચયનો એમણે કદી મોહ રાખ્યો નહોતો. રામાયણ–મહાભારતના સંપાદન બદલ એમને મળતા પૂજાવેતન (ઑનરેરિયમ)ની લગભગ એક લાખ રૂપિયા જેટલી મોટી રકમ તેમણે ભાંડારકર પ્રાચ્યવિદ્યામંદિરને અર્પિત કરી દીધી હતી. —રાં. વિ.

વામન પાંડુરંગ કબાડી

માનવતા અને દેશહિત અંગે અણનમ જુસ્સો ધરાવવા સાથે અંગત પ્રકારના અનેક ભોગ આપીને પણ સતત ૬૪ વર્ષ સુધી સખત કાર્યશીલ રહેનાર આ વિરલ પત્રકારનું ગઈ ૫મી મેએ ૮૧ વર્ષની વયે અવસાન થયું. ઈ. ૧૯૧૮માં તેઓ 'બૉમ્બે ક્રૉનિકલ' અખબારમાં જોડાયા અને ત્યારથી બી. જી. હૉર્નિમાન, એસ. એ. બ્રેલવી, આર. કે. પ્રભુ, એસ. સદાનંદ, જી. એલ. (ગગનવિહારી) મહેતા વગેરે જેવા અખબારી આલમના અગ્રગણ્ય મહાનુભાવો સાથે કામ કરનાર એક બહુ ઘડાએલા પત્રકાર તરીકે એમની વ્યાપક ખ્યાતિ હતી. —રાં. વિ.

આ માસ આકાશમાં



પોતાના સમગ્ર ગ્રહ-પરિવાર સહિત સૂર્ય જેમાંનો એક સામાન્ય તારો માત્ર છે એ આકાશગંગા કે મંદાકિની તારાવિશ્વ ૧,૦૦,૦૦૦ પ્રકાશ-વર્ષ જેટલા પહોળા પટમાં ગોળ ચપટા આકારે ફેલાએલું છે. એક સેકંડે ૧,૮૬,૦૦૦ માઈલનો વેગ ધરાવતો પ્રકાશ એક વર્ષે જેટલા અંતરે પહોંચે એ અંતર એટલે એક પ્રકાશવર્ષ: મતલબ કે ૫૮,૬૫,૬૯,૬૦,૦૦,૦૦૦ માઈલ. આવાં ૧,૦૦,૦૦૦ પ્ર. વ. એટલે ૫,૮૬,૫૬,૯૬,૦૦,૦૦,૦૦,-૦૦,૦૦૦ માઈલ. એના આ વિસ્તારમાં ૧,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ જેટલા તારાઓ હોવાનો અંદાજ છે. (અને આવાં તો અનેક તારાવિશ્વો સમગ્ર બ્રહ્માંડમાં છે, એટલું જ નહિ, પોતાનાં કેન્દ્રની આસપાસ ઘૂમવા સાથે એ બધાં એક યા બીજી દિશામાં પણ વિચરી રહ્યાં છે.) મંદાકિની તારાવિશ્વમાં સૂર્ય તો તેની કિનારા તરફ એક બાજુએ છે અને તારા વિશ્વના કેન્દ્રથી ૩૦,૦૦૦ પ્ર. વ. દૂર રહીને તેની આજુબાજુ ફરી રહ્યો છે. પોતાની એ એક પ્રદક્ષિણા પૂરી કરતાં એને લગભગ ૨૦૦૦ લાખ વર્ષ લાગે છે. આકાશગંગા તારાવિશ્વનો આ કેન્દ્ર વિસ્તાર વધુ તેજસ્વી દેખાય છે. અનેક તારાવાદળો અને તારાગુચ્છોથી એ સમૃદ્ધ છે. શ્વેત અને શ્યામ નિહારિકાઓ પણ ત્યાં છે.

મંદાકિની તારાવિશ્વનો આ કેન્દ્રનો ભાગ દક્ષિણ આકાશમાં 'વૃશ્ચિક'ની પૂર્વે આવેલા 'ધનુ' ('ધન') રાશિના તારામંડળમાં દેખાય છે. ઘરની બારીમાંથી આપણે જેમ બહારનું દૃશ્ય જોઇએ તેમ આ ધનુ તારામંડળમાંથી આપણે આકાશગંગાનો એ ભાગ જોઇએ છીએ. દૂરબીનમાંથી તો એનું દર્શન અદ્ભુત લાગે છે. ત્યાં, આમ તો, તારાવાદળો ને નિહારિકાઓ પણ જોવા મળે છે, પણ તેમાં એક 'ત્રિદેહી નિહારિકા' Trifid Nebula એના ત્રણ ભાગમાં વહેંચાઈ જતા દર્શનને કારણે વિશિષ્ટ છે. હજી ત્યાં કેટલાક નવા તારાઓ જન્મવાની તૈયારીમાં છે.

ધનુમાં એક ધનુર્ધારીના આકારની કલ્પના છે. ગ્રીક પુરાણના પેલા ઓરાયન શિકારીને ડંખ દેનાર વૃશ્ચિકને બાણ વડે મારી નાખનાર આ ધનુર્ધારી (Sagittarius) હતો. ધનુ તારામંડળના સાધારણ પ્રકાશવાળા છૂટાછવાયા તારાઓ બે જૂથમાં અલગ તરી આવે છે. એમાં વૃશ્ચિકના ડંખ (મૂળ નક્ષત્રના તારા) તરફનું જૂથ 'પૂર્વાષાઢા' અને પૂર્વ તરફનું બીજું જૂથ 'ઉત્તરાષાઢા' નક્ષત્ર તરીકે ઓળખાય છે. ૧૯મી ડિસેમ્બરથી ૧૩મી જાન્યુઆરી દરમિયાન સૂર્ય આ ધનુ રાશિમાં હોય છે ત્યારે એનો આકાશીમાર્ગ–ક્રાન્તિવૃત્ત વિષુવવૃત્તથી વધુમાં વધુ દક્ષિણે હોય છે. એ પછી, એટલે કે ૧૪મી જાન્યુ.થી એ ફરી ઉત્તર તરફ વળે છે, એટલે કે ૧૪મી જાન્યુ.એ એના ઉત્તરાયનનો દિવસ છે.

૨૨મી ડિસેમ્બરે સૂર્ય જ્યારે વધુમાં વધુ દક્ષિણે પહોંચે છે ત્યારે પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં ટૂંકામાં ટૂંકો દિવસ અને લાંબામાં લાંબી રાત હોય છે.

—બિહારીલાલ ટાંક

ઝોડઝપટ દરમિયાન આધુનિક સારવાર

ભૂતપલીતનો વળગાડ કાઢવાની ક્રિયાઓ આપણે ત્યાં જ થાય છે એવું નથી. દુનિયાભરમાં–અને વિકસિત દેશોમાં પણ આવા વહેમો ને ઝોડઝપટ જેવી ક્રિયાઓ ઓછાવધતા પ્રમાણમાં આજે યે પ્રચલિત છે. તાજેતરમાં જર્મનીમાં ફ્રાઉલિન મિશેલ નામની ૨૩ વર્ષની એક યુવતીને વળગાડ કાઢવા જતાં નવેક મહિના સુધી એને આધુનિક સારવારોથી દૂર રાખવાના કારણે એનું અવસાન થયું, અને એ બદલ બે રોમન કૅથોલિક પાદરીઓ તથા એ યુવતીનાં માતાપિતા પર બેદરકારીથી માનવમોત નિપજાવવા બદલ અદાલતમાં કામ ચાલ્યું અને એમને કેદની સજા થઈ. આ કિસ્સામાં થએલી વૈદ્યકીય તપાસના અહેવાલ મુજબ ફ્રાઉલિન એપિલેપ્સીનો ભોગ બની હતી અને પૂરતો ખોરાક નહિ આપવાના કારણે તથા એના પર અજમાવાએલી ક્રિયાઓના ત્રાસથી એનું મૃત્યુ થયું હતું, જે કદાચ યોગ્ય માનસશાસ્ત્રીય સારવારથી નિવારી શકાયું હોત.

આ બનાવ પછી જર્મન એપિસ્કોપલ કૉન્ફરન્સના ચેરમૅન કાર્ડિનલ જૉસેફ હૉફનેરે એક આદેશ બહાર પાડયો છે કે હવે પછી આધુનિક વૈદ્યકીય કે માનસશાસ્ત્રીય ઉપચારો પણ કારગત ન નીવડે તો તે પછી જ ઝોડઝપટની ક્રિયા અજમાવવી અને એ ક્રિયા દરમિયાન પણ આધુનિક સારવાર તથા દેખરેખ તો ચાલુ રહેવા જ દેવી. વળી દર્દી કે એના સંબંધીઓ જો આ શરત ન પાળે તો કોઈ પાદરીએ વળગાડ કાઢવાની ક્રિયા કરવી નહિ.

જાદુઈ સંખ્યા ૭ ૬ ૯ ૨ ૩!

૭ ૬ ૯ ૨ ૩ ને જ્યારે ૧, ૧૦, ૯, ૧૨, ૩ અને ૪થી એ જ ક્રમમાં ગુણવામાં આવે તો એ દરેકના જવાબમાં આવતા પાંચથી છ આંકડાઓ ઊભી અને આડી હારમાં એક જ ક્રમમાં જોવા મળશે:

૭ ૬ ૯ ૨ ૩ × ૧ = ૦ ૭ ૬ ૯ ૨ ૩
૭ ૬ ૯ ૨ ૩ × ૧૦ = ૭ ૬ ૯ ૨ ૩ ૦
૭ ૬ ૯ ૨ ૩ × ૯ = ૬ ૯ ૨ ૩ ૦ ૭
૭ ૬ ૯ ૨ ૩ × ૧૨ = ૯ ૨ ૩ ૦ ૭ ૬
૭ ૬ ૯ ૨ ૩ × ૩ = ૨ ૩ ૦ ૭ ૬ ૯
૭ ૬ ૯ ૨ ૩ × ૪ = ૩ ૦ ૭ ૬ ૯ ૨

આમાં જોશો તો – હાર પહેલી, ઊભી અને આડી ૦૭૬૯૨૩, હાર બીજી, ઊભી અને આડી ૭૬૯૨૩૦ અને હાર ત્રીજી, ઊભી અને આડી ૬૯૨૩૦૭.

આ ઉપરાંત, દરેક હાર, ઊભી ને આડી આંકડાઓનો સરવાળો ૨૭ થશે. બીજી ખૂબી: ૭ ૬ ૯ ૨ ૩ ને ઉપર પ્રમાણે જ. પરંતુ ૨, ૭, ૫, ૧૧, ૬ એને ૮થી તે જ ક્રમમાં ગુણવાથી આવતાં પરિણામો પણ મનોરંજક છે.

૭ ૬ ૯ ૨ ૩ × ૨ = ૧ ૫ ૩ ૮ ૪ ૬
૭ ૬ ૯ ૨ ૩ × ૭ = ૫ ૩ ૮ ૪ ૬ ૧
૭ ૬ ૯ ૨ ૩ × ૫ = ૩ ૮ ૪ ૬ ૧ ૫
૭ ૬ ૯ ૨ ૩ × ૧૧ = ૮ ૪ ૬ ૧ ૫ ૩
૭ ૬ ૯ ૨ ૩ × ૬ = ૪ ૬ ૧ ૫ ૩ ૮
૭ ૬ ૯ ૨ ૩ × ૮ = ૬ ૧ ૫ ૩ ૮ ૪

અને આમાં યે દરેક હાર, ઊભી અને આડીનો આંકડાઓનો સરવાળો ૨૭ જ આવે છે.

—કિશોર ન. ગોરધનદાસ

આ માસ (જુલાઈ) ઇતિહાસમાં

તા. ૧/૧૯૦૦ 'ઇંડિયન સ્ટાંડર્ડ ટાઈમ'ના અમલનો આરંભ થયો. આ મુજબ ૮૨½ પૂર્વ રેખાંશ પરના સમયને આપણા દેશમાં પ્રમાણભૂત ગણવામાં આવે છે.

તા. ૩/૧૯૩૬ હિંદના પ્રાંતોમાં પ્રજાકીય શાસન દાખલ કરવા નવા બંધારણનો વાઈસરૉયનો ખરીતો બહાર પડયો. (જે અનુસાર ૧ એપ્રિલ ૧૯૩૭થી કૉંગ્રેસે પ્રધાનપદ લીધાં.)

તા. ૫/૧૯૪૩ નેતાજી સુભાષચંદ્ર બોઝે અંગ્રેજો સામે લડવા આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી.

તા. ૮/૧૯૫૪ ભારતની એક ગંજાવર નહેર યોજના ભાકરા નાંગલનું ઉદ્ઘાટન થયું.

તા. ૧૧/૧૮૭૮ ગુજરાતના એક સમર્થ કોટિના ચિંતક, તત્ત્વજ્ઞાની, સાહિત્યકાર ને પ્રથમ કક્ષાના સમાજસેવક વાડીલાલ મોતીલાલ શાહનો જન્મ.



મૂળ વતની અમદાવાદ જિલ્લાના વિસલપુરાના, પણ એમનો જન્મ વીરમગામમાં મોસાળમાં થએલો. (જૂના) પાંચ ધોરણ જેટલું અંગ્રેજી વીરમગામમાં ભણ્યા ને પછી એકલા અમદાવાદ આવી ખાનગી ટ્યૂશનો કરીને પોતાના અભ્યાસનો ખર્ચ પોતે જ ઉપાડી લીધો. એ વખતે એમની વય ચૌદ જ વર્ષની હતી. ભણવા-ભણાવવામાં તેજસ્વી એટલે ટ્યૂશન પણ સારાં મળતાં, પછી તો કુટુંબને પણ અમદાવાદ બોલાવી લીધું. કૉલેજકાળમાં આરંભમાં જ મુનિશ્રી છગનમલજી સ્વામીના સંપર્કથી સમાજમાં ચાલતા અંધેર અને જૈનોની સંકુચિત વૃત્તિ સામે એમના દિલમાં બંડનો પ્રાણ પુરાવા લાગ્યો. પરિણામે અભ્યાસ દરમિયાન જ પોતાના પિતાશ્રીના સંપાદકત્વ હેઠળ 'જૈન હિતેચ્છુ' માસિક શરૂ કર્યું. એ માત્ર જૈન સમાજનું જ પત્ર નહોતું, પણ એના દ્વારા એમણે સમગ્ર સમાજને ઢંઢોળવાની જહેમત ઉઠાવી હતી. ૧૯૧૧માં એમણે રતલામમાં એક જૈન ટ્રેનિંગ કૉલેજ સ્થાપી હતી. પૂનાના જૈનોએ એમનું બહુમાન કરી એમને નાણાંથેલી ભેટ આપી એ વખતે લોકમાન્ય ટિળકે એમની કલમની ભારોભાર પ્રશસ્તિ કરી હતી. ૧૯૧૭માં એમણે સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સ પણ બોલાવેલી ને 'જૈન સમાચારનો' આરંભ કરેલો. સામાજિક કુરિવાજો તથા લેભાગુ સાધુઓની જમાત સામેની એમની જેહાદ જૈન જ નહિ, જૈનેતર સમાજને પણ ઉપકારક હતી. એ અંગેના એમના તીખા લેખો માટે શ્રીમંત જૈનોએ એમના પર માનહાનિનો દાવો માંડયો. સાથીદારોએ એમને કાયદાબાજ વકીલ રોકવા માટે આર્થિક મદદ આપવાની પણ તૈયારી બતાવી પણ એનો અસ્વીકાર કરીને તેઓ પોતે જ પોતાનો કેસ લડયા ને તેમાં કાયદાઓની આંટીઘૂંટીને કારણે હારી જતાં હસતે મોંએ બે માસની સાદી કેદની સજા સ્વીકારી લીધી હતી. ◖ એમની શુદ્ધ અને અસંદિગ્ધ ફિલસૂફી ભરેલી સચોટ લેખનશક્તિ પર જરાય ઊહાપોહ થઈ શકે તેમ નથી. 'મહાવીર કહેતા હવા', 'અમૃતલાલનું અડવાડિયું', 'એક શૂન્ય', 'મસ્તવિલાસ' વગેરે એમની કૃતિઓ એમના વિચારો પર પૂરતો પ્રકાશ પાડે છે. ધર્મ અને વિજ્ઞાનનો સુંદર સમન્વય સાધતી એમની ફિલસૂફી ઊગતી પ્રજાને સર્વોત્તમ જીવન-ભાથું આપી શકે તેમ છે. છેક ઈ. ૧૯૦૨થી આરંભાએલા એમના લેખનમાંથી 'સતી દમયંતી', 'સમ્યકત્વ', 'હિતશિક્ષા', 'મધુમક્ષિકા', 'ઋષિદત્તા આખ્યાયિકા', 'બારવ્રત', 'ધર્મતત્ત્વ-સંગ્રહ', 'નેમીરાજ', સદ્‌ગુણ પ્રાપ્તિનો ઉપાય', 'સંસારમાં સુખ ક્યાં છે' 'ભક્તામર સ્રોત' (અનુવાદ), 'કબીરનાં આધ્યાત્મિક પદો' (સંપાદન), 'ધર્મસિંહ બાવની', 'દશ વૈકાલિક સૂત્ર' (અનુ.), 'સુદર્શન', 'બ્રહ્મદત્ત ચક્રવર્તી', 'પર્યુષણ પર્વ', 'મૃત્યુના મ્હોંમાં,' અને 'જૈન દીક્ષા' વગેરેમાં એમની લેખનશક્તિ અને એમના વિચારોનો પરિચય મળે છે. વિદેશની સફર પણ એમણે કરેલી. ઈ. ૧૯૩૧ની ૨૧મી નવેમ્બરે એમનું અવસાન થયું. આ એમની જન્મશતાબ્દીનું વર્ષ છે.

તા. ૧૪/ ૧૭૮૯ ભારે કરવેરા, દુષ્કાળ અને રાજ્યવહીવટથી બેતમા તંગ બની ગએલી ફ્રાંસની પ્રજાએ, અનેક ઉદ્દામવાદી લેખકોનાં લખાણ તથા અમેરિકાના સ્વાતંત્ર્યયુદ્ધની તાજી જ સફળતાથી પ્રેરાઈને જે હાથે ચડયાં તે હથિયાર લઇને વિરાટરૂપે પારી(સ)ના નિંદ્ય 'બાસ્તાઈલ કારાગ્રહ' પર આક્રમણ કરી રાજ્ય સામે બંડનો આરંભ કર્યો.

તા. ૧૯/૧૮૬૦ હિંદુસ્તાનમાં ઈન્કમટૅક્સના કાયદાનો અમલ આરંભાયો.



ગ્રાહક (વેઈટરને): આજે સમોસા નાના કેમ? કાલે તો મોટા હતા.

વેઈટર: દષ્ટિભ્રમ, સાહેબ! એ કાલના જ છે; પણ પ્લેટ આજે કાલ કરતાં મોટી છે ખરી.

∞

ઘર શોધવા નીકળેલો ભાડૂત: મેં જ્યારે મારું જૂનું ઘર છોડયું ત્યારે મારો ઘરધણી રોયો હતો.

નવો ઘરમાલિક: પણ હું નહિ રોવાનો; હું તો મારું ભાડું આગોતરું ઉઘરાવી લઉં છું.

∞

જજ (આરોપીને): બોલો, તમારે હવે કોર્ટ સમક્ષ કશું રજૂ કરવાનું છે?

આરોપી: છેલ્લા છસો રૂપિયા હતા તે તો મેં વકીલોને આપી દીધા છે.

∞

જજ (જ્યૂરીના સભ્યોને): ખૂનીને છોડી મૂકવાનો નિર્ણય લેવામાં તમને શું વાજબી કારણ લાગ્યું?

જ્યૂરીના ફોરમૅને કહ્યું: 'ગાંડપણ.'

જજ: ખરેખર? તમને બારેયને લાગ્યું?

∞

એક અમેરિકન પોતાનો દેશ કેટલો વિશાળ છે તે દર્શાવવા એક ચીનાને કહી રહ્યો હતો: 'અમારે ત્યાં સવારે તમે ટેક્સાસ રાજ્યમાં ટ્રેઈનમાં બેસો અને ચોવીસ કલાક બાદ પણ તમે ટેક્સાસમાં જ હો'.

'અમારે ત્યાં પણ એવી ધીમી ટ્રેનો છે.' ચીનાએ શાંતિથી કહ્યું.



(જનસત્તામાં 'શિવ')

શે'ર

કદમ અસ્થિર હોય તેને કદી રસ્તો નથી જડતો,
અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.

જાપાનની મુસાફરીમાં સ્વામી રામતીર્થ એક શાળાની મુલાકાતે ગએલા ત્યારે ત્યાંના બારેક વર્ષના એક વિદ્યાર્થીને તેમણે પૂછ્યું: 'બુદ્ધ કોણ હતા?' તેણે પ્રણામપૂર્વક કહ્યું 'એ તો ભગવાન હતા.' ફરી પૂછ્યું: અને 'કૉન્ફ્યુશિયસ?' કિશોરે ફરી પ્રણામ સાથે કહ્યું: 'એ મોટા મહાત્મા હતા.' સ્વામીજીએ પૂછ્યું: 'ધારો કે તારા દેશ પર કોઈ આક્રમણ કરે અને એના સેનાપતિ બુદ્ધ અને કૉન્ફ્યુશિયસ હોય તો તું શું કરે?' એ સાંભળતાં જ લાલચોળ ચહેરો કરી કિશોર બોલ્યો: 'એ ગમે તે હોય તોપણ હું એનાં માથાં કાપી ધૂળમાં રગદોળી દઉં.'

अमंत्रमक्षरो नास्ति नास्ति मूलमनौषधम्।
अयोग्यः पुरुषो नास्ति योजकस्तत्र दुर्लभः॥

કોઈ પણ અક્ષર મંત્રશક્તિ વિનાનો નથી, પણ એના યોજક કોઈ મહર્ષિ કે યોગી જ થઈ શકે છે. એ તંત્રશાસ્ત્રનો વિષય છે. એવી જ રીતે દરેક વનસ્પતિના મૂળમાં ઔષધિનો ગુણ હોય છે જ, પરંતુ તે શોધીને યોજનાર વૈદ્ય દુર્લભ છે. તે જ પ્રમાણે કોઈ પણ માણસ અયોગ્ય નથી, પણ એને પારખી અધિકાર પ્રમાણે એને કાર્યમાં યોજનાર મહાપુરુષ વિરલ જ હોય છે.




ટિકિટકથા: લૅટિન શબ્દ Liberના બે અર્થ છે: 'પુસ્તક' ને 'મુક્ત'. આમાંથી બીજો અર્થ લઇને અમેરિકામાંથી મુક્ત થઈ આવેલા હબસી ગુલામોએ પશ્ચિમ આફ્રિકામાં જે પ્રદેશ વસાવ્યો તેને 'લાઇબેરિયા' નામ અપાયું. આરંભની અનેક મુશ્કેલીઓ પછી ૧૮૪૭માં એ પ્રદેશ સ્વતંત્ર પ્રજાસત્તાક બન્યો. તેર વર્ષ પછી એણે પોતાની પ્રથમ ટપાલટિકિટો બહાર પાડી હતી. એ લાઇબેરિયાની ૧૯૦૯-માં બહાર પડેલી ચિત્રમય ટિકિટોમાંની આ એક છે. કોઈ પુસ્તકના પૂઠા પર છાપ્યું કે ચોડ્યું હોય તેમ તેના પર ત્યાંના ગામડાનું દૃશ્ય આપ્યું છે, ને પુસ્તકની પીઠ ઉપર એ દેશનું નામ છે. એના પરની પટાદાર રદ્દીકરણની છાપ સૂચવે છે કે છાપેલી કિંમત રદ કરી એ ઓછી કિંમતે વેચાએલી ટિકિટ છે. અસલ કિંમતે વેચાએલી એ ટિકિટો બહુ જૂજ મળે છે.

અંકસંદર્ભ-આઠ: આઠ દિશાઓના આઠ દિગ્પાલ-ઈન્દ્ર, અગ્નિ, યમ, નિર્ઋતિ, વરુણ, વાયુ, સોમ, ઇશ્વર.

ગણિત ગમ્મત: કોઈ પણ પાંચ અંકી સંખ્યા (જેમકે ૧૨૩૪૫) ત્રણ વાર પાસે પાસે મૂકો: ૧૨૩૪૫૧૨૩૪૫૧૨૩૪૫. આવી સંખ્યા ૩૧થી નિઃશેષ ભાગી શકાય. —મૂળજી જેઠુ જોષી

અનેકાર્થી શબ્દ: મીઠું=ગળ્યું; જ્ઞાનેન્દ્રિયને રુચિકર, મધુર, મંજુલ; લવણ કે નિમક; સત્ત્વ, દૈવત કે શક્તિ (ઉદા. એ મીઠા વિનાનો છે); કવિતાનો એક ભાગ, કડવું કે પદ.



જાણો છો? હવામાં સૌ પ્રથમ ઊડનાર યાત્રીઓ માણસ નહિ પણ એક ઘેટું, એક મરઘી અને એક બતક હતાં. ઈ. ૧૭૮૩માં ફ્રાંસમાં વર્સેલ્સ મુકામે કાગળના બનાવેલા બલૂનને ઉડાડવાના પ્રયોગમાં એમને બલૂન સાથે ઊંચે મોકલવામાં આવેલાં.

કૉફી ગાળ્યા પછી એના કૂચા ફેંકી ના દેતાં એને સૂકવી રાખશો તો વાસણ માંજવાના, બાગમાં ખાતર કરવાના કે રંગોળીની ડિઝાઈન કરવાના કામમાં આવશે.

સેફ્ટી રેઝરનાં નકામાં પાનાં કપડાં પરથી ઝીણા ટાંકા કાપવામાં વાપરી શકાય. ગમે એવા ઝીણા કપડાના સાંકડા ભાગમાં પણ એની ધારનો ખૂણો નુકસાન કર્યા વગર પહોંચી શકાશે.



બુટપૉલિશની ડબ્બી પર ઝીણા તારની જાળીનો ટુકડો બેસાડી દઇને પછી જો બ્રશ વડે અંદરથી પૉલિશ લેશો તો ખપ જોગું જ પૉલિશ જાળી સોંસરું નીકળી આવશે, ને મોટા લોચા નીકળીને પજવશે નહિ.

ઉનાળામાં દરિયાનું પાણી ગરમમાં ગરમ ઈરાનના આખાતમાં હોય છે: ૯૬ ડિગ્રી.

'કહેવાય છે કે હાથીની જાત કરેલો ઉપકાર કદી નથી ભૂલતી.'

'હા; એક વાર એક જંગલવાસીએ એક હાથીના બચ્ચાનો જીવ બચાવેલો. વર્ષો પછી તે કોઈ શહેરમાં એક સરકસમાં ત્રીજા વર્ગની બેઠક પર બેઠોબેઠો સરકસ જોતો હતો. એવામાં સરકસના હાથીએ તેને સૂંઢ વડે ઊચકી પહેલા વર્ગની ખુરશીએ બેસાડી દીધો!



કલાકણિકા: ઈ.સ. પૂર્વે નવમી સદીના કોઈ સ્તંભની કુંભી તરીકે કોરાએલા આ સિંહ મેસોપોટેમિયાની પ્રાચીન કલાની ઉચ્ચ કક્ષાના દ્યોતક છે.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૨૨૫થી

૯

એપ્રિલ અંકમાં શ્રી વિનોદ ભટ્ટનો 'વિનોદની નજરે શ્રી નીરુભાઈ દેસાઇ' નામનો લેખ પ્રકટ થયો છે, તેમાં પાના નં. ૧૩૭ પરના બીજા કૉલમના બીજા પૅરેગ્રાફમાં મારા સંદર્ભમાં એક પ્રસંગ પ્રકટ થયો છે તે આ પ્રમાણે છે: તેમની રાજકીય પ્રવૃત્તિઓના અનુસંધાનમાં એક પ્રસંગ યાદ આવ્યો: ચૂંટણીઓ નજીક આવી રહી હતી. નીરુભાઇએ હરિપ્રસાદ વ્યાસ, પ્રબોધ રાવળ, હરિહર ખંભોળજા વગેરે યુવાનોને ભેગા કરીને કહ્યું: "આપણે સોશ્યલિસ્ટ પાર્ટીની સ્થાપના હમણાં ને હમણાં કરી નાખીએ અને ચૂંટણીમાં ઝુકાવી દઇએ..." પછી તરત જ તેમણે સોશ્યલિસ્ટ પક્ષ ઊભો કરી દીધો. હરિપ્રસાદને પક્ષના મંત્રી બનાવી દીધા. પક્ષને ઑફિસ પણ અપાવી દીધી. બે-ત્રણ મીટિંગો ઉત્સાહભેર ભરી ય ખરી. ચારેક દિવસ પછી કોઈ અગત્યના કામ માટે હરિપ્રસાદે નીરુભાઇને 'ગુજરાત સમાચાર'માં ફોન કર્યો તો જવાબ મળ્યો કે નીરુભાઈ તો કૉંગ્રેસ હાઉસ ગયા છે. હરિપ્રસાદ સાઈકલનાં પેડલ મારતા કૉંગ્રેસ હાઉસ પર પહોંચ્યા તો નીરુભાઈ ખુરશીમાં બેઠાંબેઠાં કશુંક લખી રહ્યા હતા. હરિપ્રસાદ તેમની સાથે વાત કરવા ટેબલ પર જરા ઝૂક્યા: 'નીરુભાઈ!' 'વાત કરવાનો મારી પાસે બિલકુલ ટાઈમ નથી. અત્યારે હું બહુ બીઝી છું' કહી નીરુભાઈ લખવામાં મશગૂલ થઈ ગયા. તે કૉંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો લખતા'તા.'

આ પ્રકટ થએલા પ્રસંગથી શ્રી નીરુભાઈના વ્યક્તિત્વ વિષે ગેરસમજ ઊભી થવા સંભવ છે. શ્રી નીરુભાઈ સાથેના મારા આત્મીય સંબંધને કારણે, શ્રી નીરુભાઈ મારા મુરબ્બી વડીલ હોવાને કારણે તથા શ્રી નીરુભાઈનું ગુજરાતના જાહેર ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન હોવાને કારણે તેમના વ્યક્તિત્વ અંગે કોઈ ભ્રમ ઊભો ન થાય એટલા માટે કેટલીક સ્પષ્ટતા કરું છું.

કેટલાક મહિનાઓ પહેલાં સાહિત્યકાર શ્રીમતી ધીરુબહેન પટેલ અમદાવાદ આવ્યાં ત્યારે તેમની સાથે કેટલાક સાહિત્યકાર મિત્રોનું મિલન ગોઠવાયું હતું. શ્રી વિનોદ ભટ્ટ તેમાં હાજર હતા. એ મિલનમાં ગુજરાતની કેટલીક આગેવાન વ્યક્તિઓની ચર્ચા દરમ્યાન શ્રી નીરુભાઈ વિષે પણ ચર્ચા થઈ. આવાં મિલનોમાં સામાન્યરીતે ગંભીર ચર્ચા હોતી નથી. અને પરિચિત આત્મીય જનોની ક્યારેક હળવી મશ્કરી જ થતી હોય છે. શ્રી નીરુભાઈની જુદીજુદી ખાસિયતોની ચર્ચામાં તેઓ કેટકેટલી વિભિન્ન પ્રવૃત્તિઓ સાથે સંકળાએલા હોય છે અને કેટકેટલીકવાર વિરોધી વિચારસરણીવાળા પણ નીરુભાઈની સલાહ મેળવવા દોડી જતા હોય છે. એનો નિર્દેશ મેં હળવી મજાકમાં જરૂર કર્યો હતો. તેઓ ગુજરાતમાં સોશ્યલિસ્ટોના માર્ગદર્શક હતા ને કૉંગ્રેસી આગેવાનો સાથે પણ તેઓ કાર્ય કરતા હતા એમ મેં જણાવ્યું હતું. બાકી શ્રી વિનોદ ભટ્ટે જણાવ્યું છે તેમ શ્રી નીરુભાઇએ અમને ક્યારે ય ભેગા કરીને સોશ્યલિસ્ટ પાર્ટી રચવાનું જણાવ્યું નથી. મને મંત્રી બનાવવાનો કોઈ સવાલ એથી ઉપસ્થિત થતો નથી. શ્રી વિનોદ ભટ્ટે આ વાત રજૂ કરવા માટે એક હળવો કાલ્પનિક પ્રસંગ બનાવીને રજૂ કર્યો છે એમ મારે કહેવું જોઇએ. પરંતુ મેં જે નિર્દેશ મજાક કરી હતી તે આત્મીયતાને દાવે જ કરી હતી. વિનોદ ભટ્ટે રજૂ કરેલા પ્રસંગને સત્ય માનીને શ્રી નીરુભાઈના વ્યક્તિત્વ વિષે કોઈ ભ્રામક ખયાલ ન સેવે એટલા માટે આ સ્પષ્ટતા કરું છું.

(અમદાવાદ) —હરિપ્રસાદ વ્યાસ

*ઉત્તરમાં શ્રી વિનોદ ભટ્ટ લખી મોકલે છે કે–

૯

ખુલાસા કરવાની મને આદત નથી; પણ ભાઈ હરિપ્રસાદના પત્રથી 'વિનોદની નજરે' શ્રેણી વિષે કોઈ ભ્રામક ખયાલ ન સેવે એટલા માટેએ સ્પષ્ટતાની થોડીક સ્પષ્ટતાને હું જરૂરી સમજું છું.

નીરુભાઇને હું આદરણીય વડીલ ગણું છું. હરિપ્રસાદ મારા સ્વજન છે એટલે તેમના પત્રનો જવાબ આપવો પડે એને હું વિધિની વિચિત્રતા જ લેખું છું.

ધીરુબહેનને મળવા હું જતો હતો ત્યાં શેખાદમ ને યુનુસ મારે ઘેર આવી ગયા એટલે અમે ત્રણે ધીરુબહેનને ત્યાં ગયા. હરિપ્રસાદ પણ અમારી જેમ ધીરુબહેનની મુલાકાતે આવેલા. વાતમાંથી વાત નીકળતાં કદાચ આદમે જ કહેલું: 'એપ્રિલમાં નીરુભાઈ પરનો વિનોદનો લેખ 'કુમાર'માં પ્રકટ થવાનો છે, જોઇ જજે. બહુત અચ્છા લિખા હૈ...' પછી હરિપ્રસાદે હળવા મિજાજમાં નિરુભાઈ વિષેની કેટલીક હળવી–ગંભીર વાતો કરી. લેખ તો તૈયાર કરીને 'કુમાર'ને આપી દીધેલો એટલે એ સામગ્રી મારા માટે બહુ ખપની નહોતી વળી એમાંની કેટલીક વાતો નીરુભાઈની 'ઇમેજ'ને સાચે જ નુકસાન પહોંચાડે એવી હતી. જેમકે, હરિપ્રસાદે કહેલું કે કટોકટી વખતે નીરુભાઈ બહારથી કટોકટીનો વિરોધ કરતા'તા ને ખાનગીમાં ઉપનામે કટોકટીને બિરદાવતા લેખો 'કૉંગ્રેસ પત્રિકા'માં લખતા'તા.

'કુમાર'ની આ લેખમાળામાં કોઈની યે પ્રતિમા તોડવાનો કે ઉતારી પાડવાનો લેખક–તંત્રીનો ઈરાદો નથી, ન જ હોય. નીરુભાઈ વિષે જાણતા હોઈએ તે બધું જ ના લખાય. પણ સાથે એટલી ચોખવટ ય કરવાની કે આ ગપ્પાંબાજીની લેખમાળા નથી. અંગૂઠા પરથી રાવણ ચીતરવાની કળા આ લખનારને સિદ્ધ નથી. કોઇ પાયા વગરની—બેઈઝલેસ વાત લખવામાં આવતી નથી. હા, કલ્પનાના રંગો કે અતિશયોક્તિનો આશરો શબ્દચિત્રને ઘટ્ટ બનાવવામાં ક્યારેક લેવામાં આવે છે એ મંજૂર.

ભાઈ હરિપ્રસાદે કહેલ કૉંગ્રેસના ઢંઢેરાવાળો પ્રસંગ નીરુભાઈનું વ્યક્તિત્વ સમજવામાં મદદરૂપ થશે એવું માનીને મેં ચાલુ કંપોઝ લેખમાં ઉમેરેલો જેની સાક્ષી બચુભાઈ પૂરી શકશે.

શેખાદમ આબુવાલા હરિપ્રસાદના જૂના મિત્ર છે અને ધીરુબહેન સાથેના મિલનમાં ઉપસ્થિત હતા એટલે તેમણે લખી આપેલો પત્ર આ સાથે પ્રકટ કરવા મોકલ્યો છે. આ પત્ર દ્વારા હરિપ્રસાદને ખોટા પાડવાનો ઈરાદો નથી. તે જૂઠું બોલે એવું હું માનતો ન નથી; પણ તેમનો સ્મૃતિદોષ જરૂર થઈ ગયો છે એ હું નિઃસંકોચ જાહેર કરું છું. આવી ક્ષણોમાં ટેઇપ રેકૉર્ડર સાથે હોય તો આશીર્વાદરૂપ થઇ શકે ખરુ. ખેર!...

(અમદાવાદ) —વિનોદ ભટ્ટ

૧૦

'કુમાર'ના એપ્રિલ (૧૯૭૮) માસના અંકમાં 'વિનોદની નજરે' હેઠળ 'નીરુભાઈ દેસાઇ'નામે છપાએલા વ્યક્તિચિત્રમાં આવતા એક પ્રસંગને હરિપ્રસાદ વ્યાસે 'હળવો કાલ્પનિક પ્રસંગ' લેખ્યો છે તે જ હરિપ્રસાદની હળવી કલ્પના છે; કારણ કે હરિપ્રસાદે મારી હાજરીમાં આ વાત કરી હતી. ખોટી અને કાલ્પનિક કે હળવી અને જોક જેવી એ વાત હતી, તો પણ હરિપ્રસાદે એ અમને કરી હતી તે વાત તો સાચી. હવે હરિપ્રસાદ એ પ્રસંગ આલેખ્યો હોવાનો ઇન્કાર કરે છે તે ચાણક્યનીતિના દાયરામાં ઉચિત અને યોગ્ય ભલે ગણાતું હોય, પણ રાજકારણ અને સત્યકારણમાં એ જ તફાવત છે.

નીરુભાઇ હરિપ્રસાદના જેટલા વડીલ અને મુરબ્બી છે તેથી ચાર ઇંચ વધુ મારા છે. વિનોદની નજરને હું અનાસક્ત આસક્તિ અને આસક્ત અનાસક્તિ વચ્ચે ઝોલાં ખાતી ગણું છું. એ નજરમાં ક્યારેક વાસંતી મહેકનો તો ક્યારેક પાનખરના ખખડતા પાનનો આભાસ થતો લાગતો હોવા છતાં એ રંગબેરંગી ઋતુઓમાં રમતીભમતી હોય છે અને છતાં મોસમના મૂડથી અલિપ્ત હોય છે.

હરિપ્રસાદે જે કંઈ કહ્યું હતું તેનો એ સો ટકા તો ઇન્કાર કરતો નથી એ એની સત્યપરાયણતાની લાજ તો રાખે છે, પણ એણે જે નવ્વાણું ટકા વાતનો ઈન્કાર કર્યો છે તેમાં એણે સત્યના પાલવના લીરા જ કર્યા છે એમ મારે કહેવું જોઇએ.

નીરુભાઈ કૉંગ્રેસ વિરોધી પરિબળોને સંગઠિત કરવામાં સક્રિયરીતે પહેલ કરી રહ્યા હતા તે જ સમયે તેઓ કૉંગ્રેસ માટે ચૂંટણી ઢંઢેરો પણ લખી રહ્યા હતા એ વાત હરિપ્રસાદ વ્યાસે અમને નહોતી કરી એમ જો એ 'કૉંગ્રેસ પત્રિકા' હાથમાં લઈ સોગંદપૂર્વક કહે તો હું પણ ફરી વાર જો કટોકટી આવે તો કોઈ ગુપ્ત ઉપનામ ધારી 'કૉંગ્રેસ પત્રિકા'માં લખવા તૈયાર છું.

(અમદાવાદ) —શેખાદમ આબુવાલા

૧૧

એપ્રિલ અંકમાં શ્રી વિનોદ ભટ્ટે શ્રી નીરુભાઈ દેસાઈના જીવનનું જે રેખાચિત્ર આપ્યું છે તે વાંચ્યા પછી લાગે કે આપણા યુગમાં 'મધર ઇન્ડિયા' લખનાર મિસ મેયોનો સંપ્રદાય લુપ્ત થયો નથી. શ્રી વિનોદને શ્રી નીરુભાઈ જેવાના બહિર્મુખી જીવનમાં કશું હકારાત્મક ન દેખાયું તે ઉપરના વિધાનને સમર્થન આપે છે.

સામાન્ય રીતે ભાઈ વિનોદ સાહિત્યજગતની મહાન વ્યક્તિઓ કે જેઓની સાથે તેમણે નિકટતમ ભાવ કેળવ્યો છે તેના વિષે લખતા હોય તેવો આભાસ ઊભો કરે છે. કોઈ વ્યક્તિના જીવનનિરૂપણ વિષે લખતાં પહેલાં તેઓ તે વ્યક્તિ વિષેની માહિતી એકત્રિત કરે છે. તેની મુલાકાત પણ લે છે. આમ છતાં તેમની પાત્રપસંદગીમાં તેઓ અગર તેમના કુટુંબીજનોને વ્યવસાયી લાભના અગર તેમને 'કટારો' લખવાની મળવાને કારણે જે વ્યક્તિઓ મદદરૂપ થાય છે તેને પસંદગી ન આપવા જેટલી હિંમત કેળવી શક્યા નથી. ગુજરાતની—બલ્કે અમદાવાદની રાષ્ટ્રીય લડત, યુવક–વિદ્યાર્થી પ્રવૃત્તિઓ, વ્યાયામ પ્રવૃત્તિ, રંગભૂમિ, પત્રકારત્વ, અર્થકારણ તથા ડાંગ, નર્મદા જેવા પ્રશ્નો સાથેનું જેમનું મહત્ત્વનું અને મૂળભૂત આદાનપ્રદાન ઇતિહાસના પાને અંકિત થયું છે ને જેનો સ્વીકાર રાજકીય મતમતાંતરોથી પર રહીને સૌએ કર્યો છે તેવા શ્રી નીરુભાઈના પચાસ વર્ષના ઉઘાડી કિતાબ જેવા જીવનમાં શ્રી વિનોદને કેવળ 'કાળાં ધાબાં' જ દેખાયાં હોય તો તેમાં શ્રી નીરુભાઈની જીવનરીતિનો કોઈ વાંક નથી.

સમી સાંજે આબુના સનસેટ પૉઈન્ટ ઉપરથી સૂર્યાસ્તનાં દર્શન કાળાં ગૉગલ્સ પહેરીને કરીએ તો તેમાં અસ્તાચળમાં ડૂબતો રતુમડો સૂર્ય કાળો જ દેખાય. શ્રી વિનોદની દૃષ્ટિને આવા કોઈ ગૉગલ્સની મર્યાદા નડી છે.

શ્રી નીરુભાઇએ કદાચ શ્રી વિનોદે માનેલાં આત્મીય વર્તુલોની મર્યાદામાં ન રહેવાની ધૃષ્ટતા પણ કરી હોય અને સાહિત્યિક પ્રવૃત્તિને નામે ચાલતી કોઈ એટલા પરિષદનું સત્યપદ શોભાવ્યું પણ ન હોય અગર તેઓની કોઈ પ્રવૃત્તિથી દૂર પણ રહ્યા હોય. પરંતુ તેથી શ્રી નીરુભાઈની પ્રતિભા, બુદ્ધિપ્રભા જ્ઞાનસંપન્નતા, સરળતા, સહૃદયતા તથા કોઈ પણ નવા સમાજહિતલક્ષી કાર્યને ટેકો આપવાની, અરધી સદીથી કિંવદંતી બનેલી તેમની જન્મજાત ખાસિયતને કશોજ વાંધો આવતો નથી! અને તેમની કૂચ વણથંભી આગળ વધે છે!

આથી મિસ મેયો કે નેપાલે જે રીતે ભારતની અસ્મિતાનું અવમૂલ્યાંકન કરવા છતાં તે અસ્મિતા ઝાંખી પડી નથી, તે જ રીતે શ્રી વિનોદના શ્રી નીરુભાઈના 'ગૉગલ્સ-દર્શન'થી શ્રી નીરુભાઈની સાચી પિછાનમાં ગુજરાતમાં કોઇને લવલેશ શંકા જાગી નથી. શંકા એટલી જ જાગી છે કે 'કુમાર'માં ચકાસાઇને લેખો આવે છે તેવી જે સાર્વત્રિક છાપ છે તેમાં હવે સુજ્ઞ વાચકોને શંકા જાગી છે.

(અમદાવાદ) —અશોક ઠાકોર

૧૨

'વિનોદની નજરે' લેખવાળાએ આકર્ષણ જમાવ્યું છે. દર મહિનો કોના વિષે ને શું અવનવું પ્રકટ થશે તે જાણવાની ઇંતેજારી રહે છે.

સાહિત્ય, શિક્ષણ કે સમાજસેવાના ક્ષેત્રે નામ ગાજતું હોય તેવી વ્યક્તિઓની થોડી અંતરંગ હકીકતો, મોટા માણસની નાની વાતો જાણવાનું મનમાં કુતૂહલ રહેવું સ્વાભાવિક છે. દરેકના સ્વભાવમાં થોડી નિર્બળતાઓ અને વિચિત્રતાઓ રહી હોય છે, જે જાણવાથી આપણને હાસ્ય આવ્યા વિના નથી રહેતું. અરે, ખુદ તે વ્યક્તિને પણ હસાવ્યા વિના ન રહે. 'વિનોદની નજરે'થી વ્યક્તિને ઓળખવાનું, પારખવાનું, તેને હળવી નજરે મૂલવવાનું બને છે અને વિશેષ ગુણોનો ઉપહાસ કરતું, વાચન ગંભીરતાથી વાંચવાનું શરૂ કર્યાં છતાં હસી પડાય એવું તેનું સંયોજન અને વિશિષ્ટતા રહેલાં છે. આ બદલ તેમને અભિનંદન.

અત્યાર સુધીમાં પચીસેક લેખન કૅરિકેચર રજૂ થયાં છે. હજી કેટલાંય થશે! જાણવાનું મન થાય છે કે વિનોદભાઈ એવા કેવા સંસ્થા રૂપ છે કે આટઆટલી વ્યક્તિઓના ગાઢ પરિચયમાં આવ્યા છે? આ તો એઓશ્રી જ્યારે સ્વ-પરિચય આપશે ત્યારે જ જાણવા મળશે.

'ગુજરાત સમાચાર'ની 'વાસરિકા' કટાર વાંચતાં શ્રી નીરુભાઈ દેસાઈ માટે એક એવો ખયાલ બંધાયો છે કે તે કેટકેટલી સંસ્થાઓ મહાપુરુષોના અંતેવાસી છે—અરે, ઇતિહાસ રચતા પ્રસંગોના અને બનાવોના સક્રિય કાર્યકર કે સાક્ષી બનેલા છે! જોકે ગયા માસના 'કુમાર'માં તેમનું વ્યંગચરિત્ર વાંચી થોડું ભ્રમ નિરસન તો થયું છે.

(ઊમરેઠ) —શિવપ્રસાદ ત્રિવેદી

૧૩

ફેબ્રુઆરી અંકમાં ચેતન્ય દવેના પત્રો વાંચ્યા. તેના જવાબમાં છેલ્લે સાચું જ કહ્યું છે કે 'અહમ માણસને વિવેક ભુલાવી દે છે' તે વળતા પ્રહાર જેવું લાગે છે અને તેથી સ્થળ સંકોચનું વજૂદ ઓછું થતું લાગે છે. બને ત્યાં સુધી સંપાદકે અંગત અભિપ્રાયોથી દૂર રહીને પત્રોનું મૂલ્યાંકન વાચકો પર છોડી દેવું જોઇએ.

આપણે ત્યાં ટીકાઓ બહુ આવકાર્ય નથી. ટીકાથી માણસ લગભગ છેડાઈ પડે છે. જ્યારે બ્રિટનમાં ટીકા સ્વીકાર્ય છે, એટલું જ નહિ પણ ટીકાકારની યોગ્ય કદર પણ થાય છે. તેવા ઘણા દાખલાઓ તેના ઇતિહાસમાંથી મળી આવશે.

વિનોદની કલમ હસાવે છે, છતાં તેની તીખી ધાર ક્યારેક કોઇને ખૂંચતી પણ હોય. માણસની નબળી બાજુઓ ઉપરનો પ્રકાશ ઊગતા યુવાનો માટે પ્રેરક બાબત છે. પરંતુ ટીકાનો ભોગ બનનાર વ્યક્તિ જરૂર અસ્વસ્થ બનતી હશે. આ માટે 'કુમાર' જે વ્યક્તિનું વ્યંગચિત્ર રજૂ કરે તે પછીના અંકમાં તે વ્યક્તિનો લખાણ તરફનો અભિગમ રજૂ કરવાથી સમતુલા સ્થાપશે ને એકપક્ષીય બાબત બનતી અટકશે, તેમ જ તે વાચકો માટે જુદીજુદી વ્યક્તિઓનો પ્રતિભાવ એક અભ્યાસનો વિષય બની રહેશે.

જો 'કુમાર' વિનોદની નજરમાં શ્રી બચુભાઈ રાવતનું વ્યંગચિત્ર રજૂ કરશે તો 'કુમાર'ની પ્રગતિ તરફનું એક વધુ કદમ ગણીને વધાવીશું.

(નવસારી) —વિનોદ ડી. સૂત્રધાર

લઘુકથા–૧

માર્ચ '૭૮ના 'કુમાર'માં પ્રફુલ્લ રાવલની 'લઘુકથાનું સ્વરૂપ' નોંધ વાંચી. તેમને અભિનંદન. લઘુકથાના સંગ્રહ વિષે ધીરેન ગાલાએ કરેલા સૂચનને આવકારું છું. મને એમ લાગે છે કે અત્યાર સુધી 'કુમાર'માં પ્રસિદ્ધ થએલી લઘુકથાઓમાંથી ઉત્તમ લઘુકથાઓનો સંગ્રહ ગુજરાતને વહેલામાં વહેલો પ્રાપ્ત થાય એ ઇચ્છનીય છે. વળી 'કુમાર'ના 'ઊર્મિની ઓળખ' વિભાગમાં આવેલા ગઝલકારો જેવી રીતે ગ્રંથસ્થ થયા છે તેવી જ રીતે 'કલાવાર્તા' વિભાગના બધા જ કલાકારોનો પરિચય ગ્રંથસ્થ થાય, તો ગુજરાતના કલાક્ષેત્રમાં મહત્ત્વનું પ્રદાન બની રહેશે.

(કેશોદ) —મોહનભાઈ વિરોજા

૨

માર્ચ '૭૮નું 'કુમાર' જોયું. ગુજરાતી સાહિત્યમાં લઘુકથા આવ્યે ઘણાં વરસો થયાં છતાં સૌપ્રથમ આ પ્રકાર પ્રતિ લક્ષ દોરવા બદલ શ્રી પ્રફુલ્લ રાવલને હાર્દિક અભિનંદન. સાથે સાથે તંત્રીશ્રીને પણ આવો સરસ લેખ પ્રગટ કરવા બદલ અભિનંદન આપ્યા વિના નથી રહેવાતું.

ભાઈશ્રી રાવલનો લેખ ખૂબ જ ગમ્યો છે. તેમણે રજૂ કરેલ વાત 'નવલકથામાંથી નવલિકા અને નવલિકામાંથી લઘુકથા' પણ ગમી છે. આ શક્યતાની જેમ 'ધૂમકેતુ'એ તેમના વાર્તા-સંગ્રહ 'વનછાયા'માં 'લઘુ નવલિકા'નો કરેલ પ્રયોગ પણ તપાસવા જેવો ખરો. આપણા 'પંચતંત્ર'ની કથાઓ સુધી તેના મૂળ વાટે જઈ શકાય.

આ સાથે તેમણે લખેલ મુદ્દા 'ઘટનાના લોપવાળી લઘુકથા નથી મળતી' પ્રતિ નમ્રતાથી લક્ષ દોરવાનું મન થાય છે. આવી કૃતિઓ મને ગુજરાતી લઘુકથાનાં સંપાદન વખતે જોવા મળેલી. જે નીચે મુજબની છે: ૧) શ્રી વિભૂત શાહની 'ટેકરીઓ પર વસંત બેઠી છે'માંની પાંચ લઘુકથાઓ, ૨) શ્રી રાજેન્દ્રસિંહ રાયજાદાની 'કંકાવટી'માં પ્રગટ થએલી લઘુકથા 'લોકો એમ માને છે કે–', ૩) શ્રી કમલ સુથારની લઘુકથા 'પૂર્વની ક્ષિતિજ પ્રતિ જોતાં' તથા 'એ લોકો', ૪) શ્રી જિતેન્દ્ર જોષીની 'સ્પંદન'માં પ્રકટ થએલી લઘુકથા 'ભાર' વગેરે. છતાં પ્રયોગો ઓછા થયા છે એ વાત કબૂલવી જ રહી.

ભાઈશ્રી ધીરેન ગાલાનું સૂચન સારું છે. 'કુમાર'માં પ્રકટેલી લઘુકથાઓમાંથી 'કાયમી સંભારણું' રહે તેવી કૃતિઓનો સંચય 'કુમાર' પ્રગટ કરશે તો એક સારું કામ થશે જ.

(કેવદ્રા-કેશોદ) —જયંતી મકવાણા

૩

'લઘુકથા' વાંચતાં સંવેદન થાય છે. સમયની ખેંચમાં, જીવનની ભાગમભાગમાં આવી કથાનું ઘણું મહત્ત્વ છે 'લઘુકથા'ઓ પુસ્તિકાકારે પ્રસિદ્ધ થાય તો ગમે–'વિનોદ'ની નજરે વ્યક્તિવિશેષોનો વ્યંગમાં વિશેષ પરિચય આહ્લાદક બને છે. આ લેખો પણ પુસ્તકરૂપે જલદી પ્રકટ થાય એમ ઇચ્છું.

વિચારવિશેષ લેખો અંતરને વિશુદ્ધ બનાવી શકે એટલી સરસ ક્ષમતા ધરાવે છે. અભિનંદન.

(મુંબાઇ) —ચીમનલાલ જે. શાહ

૪

શ્રી વિનોદ ભટ્ટની કલમ ખૂબ જ ગમે છે. 'કુમાર'ને આવા સર્જકની લેખમાળા આપવા બદલ અભિનંદન આપ્યા વિના નથી રહેવાતું.

અંક ૬૫૧માં શ્રી ધીરેનભાઈ ગાલાનું લઘુકથા વિષેનું સૂચન વાંચ્યું. એ ભાઇને એક વાત જણાવવાનું મન થાય છે. પેટલાદના શ્રી ઉપેન્દ્ર પાઠક તથા કેવદ્રાના શ્રી જયંતી મકવાણા લઘુકથાઓનું એક સંપાદન પ્રગટ કરી રહ્યા છે. 'કુમાર' પણ જો નાની પુસ્તિકા પ્રકટ કરે તો સારુ.

શ્રી પ્રફુલ્લ રાવળનો લઘુકથાનું સ્વરૂપ લેખ ગમ્યો છે. અભિનંદન—તમને તથા રાવળને.

(કેવદ્રા) —હર્ષકાન્ત પુરોહિત

૫

એપ્રિલના 'કુમાર'માં 'બાર વર્ષે' લઘુકથા અંગેનું શ્રી જનકભાઈનું મંતવ્ય વાંચી આઘાત અને આશ્ચર્યની મિશ્ર લાગણી અનુભવી.

હકીકતે મેં અદ્યાપિ 'ડેડ લેટર' વાર્તા વાંચી જ નથી. ઈ. ૧૯૭૫ના જૂન માસની કોઈ તારીખના 'મુંબાઈ સમાચાર'માં 'પોસ્ટખાતાની બેદરકારીના કારણે પ્રેમલગ્ન અટકી પડયાં' ટાઈટલ નીચે એક સમાચાર ચમકેલા, જેમાં અપેક્ષિત વ્યક્તિને નિર્ણય બાબતનો મહત્ત્વનો પત્ર અગિયાર વર્ષે મળ્યો તે કારણે ઇચ્છિત પાત્ર સાથેના લગ્નથી વંચિત રહેવું પડેલું. આ કિસ્સા પરથી પ્રેરાઈ મેં તુરત લઘુકથા લખી કાઢેલી અને આ કથા સત્યઘટના પર આધારિત છે તેની તંત્રીશ્રીને જાણ કરવા ઉપર્યુક્ત સમાચારની વર્તમાનપત્રની કાપલી પણ સાથે જ મોકલી, જે તંત્રીશ્રીની સ્મૃતિમાં હોય તો તેનું સમર્થન કરવા વિનતિ. નામોના આંકડા 'જંગલ' માંથી 'વિમલ' નામની પસંદગી co-incident જ છે.

(પોરબંદર) —જયન્ત મોઢા

[* ઉલ્લેખિત કાપલી પત્રલેખકે અમને મોકલેલી એવું સ્મરણ છે.—તંત્રી]

ગુજરાતની પહેલી નવલિકા

સ્વ. કંચનલાલ વાસુદેવ મહેતાએ 'મલયાનિલ'ના ઉપનામથી ઈ. સ. ૧૯૧૯માં 'ગોવાલણી' નામની ગુજરાતી નવલિકા લખી, તેને ગુજરાતી સાહિત્યમાં સૌપ્રથમ નવલિકા માનવામાં આવે છે. પરંતુ આ પહેલાં પણ નવલિકા લખાઈ હતી. ઈ. સ. ૧૯૦૪માં સ્વ રણજિતરામ વાવાભાઈ મહેતાએ 'સુંદરી સુબોધ' સામયિકમાં 'હીરા' નામે એક વાર્તા લખેલી. આ નવલિકા મૂળ એક લોકકથાને આધારે લખાઈ હતી ઈ. સ. ૧૯૦૮માંન ધનસુખલાલ મહેતાએ અને ઈ. સ. ૧૯૧૦માં કનૈયાલ લ મુનશીએ નવલિકાઓ લખવા માંડી હતી. કનૈયાલાલ માણેકલાલ મુનશીનો 'હું, કમળા અને બીજી વાતો' નામનો નવલિકાસંગ્રહ ૧૯૧૭માં પ્રકટ થયો હતો. તો શું સૌપ્રથમ નવલિકા લખનાર કનૈયાલાલ મુનશી અને ધનસુખલ લ મહેતાને ન ગણાવી શકાય? આ વિષે વધુ ચર્ચા સ્વ. ચાંપશી વિ. ઉદેશીએ 'ગુજરાતીમાં પહેલી વહેલી "આધુનિક" નવલિકા કોણે લખી?' લેખમાં (નવચેતન એપ્રિલ ૧૯૬૦) કરેલી છે. તો વિદ્વાનો આ તરફ ધ્યાન આપશે.

(દ્વારકા) —કમલેશ બિસાણી

[* 'ગોવાલણી' તો 'મલયાનિલે' ઘણી મોડી લખી. એમની સૌ પ્રથમ નવલિકા 'રજનું ગજ' ઘણી વહેલી 'ગુજરાતી પંચ'ના દિવાળી અંકમાં આવેલી—તંત્રી]

શ્લોક 'ત્યજેદેકં કુલસ્યાર્થે'–૧

ડિસેમ્બર ૧૯૭૭ અંકમાં શ્રી બહાદુરશાહ પંડિતે ભર્તૃહરિ નીતિશતક નામે ગલત રીતે ઉલ્લેખેલ 'ત્યજેદેકં કુલસ્યાર્થે' શ્લોકનું મૂળ ઘણું જુદુ ને વિસ્તૃત છે એવી જે અલભ્ય સંશોધિત વિગતવાર માહિતી 'કુમાર'ના વાચકોના અતિપરિચિત, પ. પૂજ્ય વિદ્વદ્ મૂર્ધન્ય શ્રી શંકરદેવ વિદ્યાલંકારજીએ પૂરી પાડી મને ઉપકૃત કર્યો છે, તે માહિતી 'કુમાર'ના વાચકોને પણ જરૂર આવા સંશોધનમાં પ્રેરણા આપશે એમ ધારી અહીં એમના જ શબ્દોમાં રજૂ કરું છું:

"આ વિખ્યાત શ્લોક મૂલતઃ મહાભારતનો છે. પછી તે પંચતંત્ર ને હિતોપદેશમાં પણ આવે છે.

(ક) જુઓ નિર્ણયસાગર પ્રેસ, મુંબાઈમાં મુદ્રિત 'પંચતંત્ર' ૧૯૫૯નું દશમું સંસ્કરણ, પાનું ૧૧૧, 'મિત્રભેદ' પ્રકરણમાં શ્લોક સંખ્યા ૩૮૬, ને પછી 'કાકોલૂકીય' પ્રકરણમાં શ્લોકસંખ્યા ૮૨.

(ખ) જુઓ નિર્ણયસાગર પ્રેસમાં મુદ્રિત 'હિતોપદેશ', ૧૯૫૮નું સોળમું સંસ્કરણ, પાનું ૩૧, 'મિત્રલાભ' પ્રકરણમાં ૧૫૧મો શ્લોક.

(ગ) 'મહાભારત' પર્વ–૫, આધ્યાય ૩૭, શ્લોક ૧૭.

(ઘ) 'ચાણક્યનીતિ' અધ્યાય ૩, શ્લોક ૧૦, ઈ. સ. ૧૯૧૪માં મુદ્રિત મેરઠ શહેર(યુ. પી)

(ઙ) આ શ્લોક 'મનુસ્મૃતિ'માં પણ આવે છે એવું 'પંચતંત્ર'માં કહ્યું છે; પરંતુ ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસમાં મુદ્રિત 'મનુસ્મૃતિ' (૧૯૧૩ સ.)માં આ શ્લોક મળતો નથી.

(ચ) કલકત્તામાં ઈ. સ. ૧૯૨૪માં મુદ્રિત અને પણ્ડિત જીવાનંદ વિદ્યાસાગરની ટીકાવાળા હિતોપદેશમાં આ શ્લોક 'મિત્રલાભ' પ્રકરણમાં ૨૦૫ સંખ્યા પર આવેલો છે. તેની ટીકામાં લખ્યું છે કે મહાભારતના 'ઉદ્યોગપર્વ'માં આ શ્લોક થોડા પાઠાંતરથી છે.

(દ્વારકા) —લક્ષ્મીશંકર અ. જોષી

૨

ફેબ્રુઆરી '૭૮ના અંકમાં વાચકો લખે છે વિભાગમાં પૃ. ૪૮ પર 'અને એક ભૂલ' તળે શ્રી લક્ષ્મીશંકર અ જોષીએ ખરું બતાવ્યું છે કે 'ત્યજેદેકં કુલસ્યાર્થે' એ શ્લોક ભર્તૃહરિના એકે ય શતકમાં નથી. 'સુભાષિતરત્નભાંડાગારમ્'માં એ શ્લોક ચાણક્યનીતિ શતકનો નોંધાયો છે તેમ તેઓ કહે છે તે પણ ખરું. પણ ચાણક્યનીતિ શતક રચાયાના સમય પૂર્વે મહાભારત રચાયું છે એવો તજ્જ્ઞોનો મત છે. એ મહાભારતમાં ઉદ્યોગપર્વમાં વિદુરનીતિમાં એ શ્લોક આવે છે. મારી પાસે ગીતા પ્રેસ (ગોરખપુર)ની આવૃત્તિ છે તેમાં ઉદ્યોગ પર્વના ૩૭મા અધ્યાયમાં એ ૧૭મો શ્લોક છે.

(ભાવનગર) —મુકુંદરાય પારાશર્ય

સત્યજિત રાયની કથાઓ

'કુમાર'ના એપ્રિલ '૭૮ (અંક ૬૫૨)માં ફરી પાછી સુકન્યા ઝવેરી અનુવાદિત 'ડૉ. શેરિંગની સ્મરણશક્તિ' ખૂબ જ ગમી. ત્યાર પહેલાંની, છેલ્લાં બે વર્ષથી અવારનવાર રજૂ થએલી બધી જ રહસ્યકથાઓ રસિક હતી, પણ વિશેષ તો સત્યજિત રાય રચિત પાત્ર પ્રો. શંકુવાળી વાર્તાઓ ખરેખર 'કુમાર' વાંચવાનો આનંદ વધારે છે. વળી ભાગોનું અનુસંધાન નવા આવેલા 'કુમાર'ના અંકમાં પ્રથમ વાંચવાનું હરેક વેળાએ મન થતું હોય છે. અધૂરી રહેલી વાર્તા 'હવે શું?' તેવા પ્રશ્ન વિચારોની ધારામાં પ્રાધાન્ય ઉપજાવી મનને ઊંડે ઊંડે ગરકાવ કરી મૂકે છે ને તેથી હવે પછીનો અંક ક્યારે આવે તેની પ્રતીક્ષા રહેતી હોય છે.

આ સત્યજિત રાય વિષે વધુ જણાવી શકશો? જૂના કોઈ અંકમાં તેઓનો વ્યક્તિવિશેષ રજૂ થયો હોય તો જણાવશો. મને સ્મરણ છે ત્યાં સુધી '૬૯ પછીના કોઈ અંકમાં તો તે નથી જ.

આ સત્યજિતરાય વિશ્વવિખ્યાત ફિલ્મ દિગ્દર્શક છે તે જ કે? તેમના કોઈ બંગાળી કે અંગ્રેજીમાં પુસ્તકો (ફિલ્મના વિષય સિવાયનાં) પ્રકટ થયાં છે? વળી અન્યથા વાંચવા પ્રમાણે સત્યજિત રાય ફિલ્મ બનાવતાં પહેલાં પોતાનાં પાત્રોનાં રેખાંકન (સ્કેચ) જાતે દોરીને પોતાની કલ્પના મુજબનાં પાત્રોની શોધ ત્યાર બાદ ચલાવતા હોય છે. 'કુમાર' શું તેમનાં દોરેલાં રેખાચિત્રો રજૂ કરી શકશે? 'કુમાર'ના આ ચાહકને સત્યજિત રાય અને તેમની વિખ્યાત ફિલ્મો વિષે વધુ માહિતી મળી શકશે તો ખૂબ જ આનંદ થશે.

(અમદાવાદ) —(ડૉ.) રમેશ બી. પટેલ

[* અમારી વિનંતી સ્વીકારીને ડૉ. સુકન્યાબહેન ઝવેરી થોડા સમયમાં સત્યજિત રાયનો પરિચય લખી મોકલશે. અન્ય જાણકારોને પણ લખવા નિમંત્રણ છે.—તંત્રી]

તૂફાનશા જમાલશા રફાઈ

અંક ૬૫૦ની 'કલાવાર્તા'માં ચિત્રકાર તૂફાનશા જમાલશા રફાઇનો સુંદર રીતે પરિચય અપાયો છે. સામાન્ય કુટુંબમાં જન્મેલા કલાકારને ઉન્નત શિખરો સુધી પહોંચવામાં કેટલી તકલીફોનો સામનો કરવો પડે છે અને છતાં સાચો કલાકાર તેના ધ્યેયથી ચલિત થતો નથી તેનું જીવંત ઉદાહરણ રફાઈ છે. આપણા દેશમાં કલાકાર-પ્રતિભા શોધવાની અને તે માટેની સગવડ આપવાની વ્યવસ્થા સાર્વત્રિક ક્યારે થશે? રફાઈનું ચરિત્ર વાંચી સાહિત્યકાર પન્નાલાલ યાદ આવે છે. બંને કલાકારો સમાન રીતે આગળ વધતા હોય તેમ બંનેનાં જીવન પરથી લાગે છે. પન્નાલાલે પોતાની જે 'અચ્છતી ઓળખાણ' આપી છે તેમાં આ જોવા મળે છે. 'કુમાર' દ્વારા નામી;-અનામી કલાકારોનો પરિચય અને કૃતિઓનું દર્શન થતું રહે છે. કલાના રખેવાળ તરીકેની જવાબદારી 'કુમાર' સારી રીતે બજાવે છે.

(રાજકોટ) —રવજીભાઈ ડોબરિયા

ગુલમહોર

અશ્વિન દેસાઈની વાર્તા ગુલમહોર—બળબળતા તાપમાં ખીલેલા ગુલમહોર જેવી વાંચતાં આંખો અશ્રુભીની થઈ ગઈ. ('કુમાર' જુલાઈ ૧૯૭૭) દુનિયાભરમાં ધનિકો પોતાના બંગલામાં બાગબગીચા ખીલવે છે અને તેની સંભાળ રાખવા લાખો રૂપિયા ખર્ચે છે તેને બદલે એવા સેંકડો કમનસીબ 'ગુલમહોરો' માટે કશુંક કરતા હોય તો?

(મૉમ્બાસા) —વિનોદ પારેખ

કાકીડો—સરડો

શ્રી હરિનારાયણ આચાર્યે આપેલી માહિતી ('કુમાર' ૬૪૧, જ્ઞાનવર્ધક અને રસપ્રદ છે. વૈજ્ઞાનિક-શાસ્ત્રીય હકીકતની સાથે લોકપ્રચલિત ભાષાપ્રયોગોને સંબંધ હોય જ એવું નથી. નર કોકિલ જ ટહુકતો હોય તો યે લોકો માટે તો ગાનારી કોકિલા કે કોયલ. નર હોય કે માદા, કાબર હંમેશાં નારી જાતિ. એમ ઘણાના વ્યવહારમાં 'કાકીડો' અને 'સરડો' પર્યાય,-અને તેની પાછળ પણ ચણી પ્રાચીન પરંપરા.

અર્વાચીન અંગ્રેજીમાં chamelean મધ્યકાલીન અંગ્રેજીમાંથી; મધ્યકાલીન અંગ્રેજીમાં તે મધ્યકાલીન ફ્રેન્ચમાંથી, મધ્યકાલીન ફ્રેન્ચમાં તે લૅટિનમાંથી ને લૅટિનમાં તે ગ્રીકમાંથી-એવા ક્રમે શબ્દ અંગ્રેજીમાં આવેલો છે. અંગ્રેજીમાં તે સીધો લૅટિન કે ગ્રીકમાંથી નથી આવ્યો.

(અમદાવાદ) —હરિવલ્લભ ભાયાણી

'જન્મના જાયતે શૂદ્ર'

માર્ચ '૭૮ના અંકમાં પ્રેરણા દિવેટિયા લખે છે કે 'જન્મના જાયતે શૂદ્ર, સંસ્કારાત્ દ્વિજ ઉચ્યતે' આ પંક્તિ મનુસ્મૃતિમાં આવે છે; ઉપનિષદ્‌માં આવતી નથી. હકીકતમાં આ બંને વિધાનો ભ્રાન્ત છે.

સિહોરમાં લક્ષચંડી કરનાર શ્રી લક્ષ્મણ ચૈતન્ય બ્રહ્મચારીએ કહ્યુ હતું કે ઉપર્યુક્ત શ્લોક આર્ય સમાજિસ્ટોએ બનાવી કાઢ્યો છે અને 'મનુસ્મૃતિ' નામે પ્રચલિત કર્યો છે.

મેં શ્રી લક્ષ્મણ ચૈતન્યના વિધાનની ખાત્રી કરી છે. સસ્તું સાહિત્ય તરફથી પ્રગટ થએલ 'મનુસ્મૃતિ'માં આ શ્લોક ક્યાંય જણાતો નથી.

(સિહોર) —એમ. બી. રાજ્યગુરુ

પતંગિયાંનું સ્થાનાન્તર

માર્ચ અંક આજે મળતાં જ 'સહરામાં સાહસ' પૂરું કર્યું. ઘણું ગમ્યું. એ રેતીના વહાણનો ફોટો છાપ્યો હોત તો ઘણું સારું થાત. શક્ય હોય તો 'ડેરિંગ એન્ટરપ્રાઈઝ' પુસ્તકમાંથી એ ફોટો ઉપરથી બ્લૉક બનાવીને જરૂર છાપશો.

'પતંગિયાંનું સ્થાનાંતર' ગમ્યું. અહીં ભાગ્યે જ દેખાતું એવું એક આબલા જડેલ આંખો વાળું રાક્ષસી પતંગિયું અહીંના નોબત પહાડ પર પકડેલું. લેખ વાંચી ખયાલ આવ્યો કે કદાચ એ Great Egg Fly હશે.

(હૈદરાબાદ) —કૃષ્ણકાંત મહેતા

વિજયનગરશૈલીનાં ચિત્રો

એપ્રિલ અંકમાં 'વિરૂપાક્ષ મંદિરનાં ભીંતચિત્રો' ઘણાં ગમ્યાં. એ પ્રકારની વિજયનગરની ચિત્રશૈલીનાં ચિત્રો તે તરફનાં ગામડાંઓમાં, બકરાનાં ચામડાં પર પ્રક્રિયા કરી, પારદર્શક જેવાં બનાવીને પાકા રંગથી આલેખીને, એક તરફ પ્રકાશ રાખતાં બીજી બાજુએથી અથવા સામે રાખેલા કપડા ઉપર તેનું સુંદર પ્રતિબિંબ પડે તેવાં, હજી પણ મળી આવે છે. તેવાં ઘણાં ચિત્રો મેં ભેગાં કર્યાં છે. ચારસોથી યે વધુ વર્ષ પછી પણ તેનો રંગ ખરાબ નથી થયો.

(હૈદરાબાદ) —કૃષ્ણકાંત ભ. મહેતા

જૂના અંકો

મારી 'કુમાર'-લાયબ્રેરી સંપૂર્ણ કરવાની ધૂનમાં, જ્યાંજ્યાંથી 'કુમાર'ના અંકો મળ્યા ત્યાંથી મેળવ્યા છે. આથી કોઈ અંકો બબ્બે થઈ ગયા છે. એવા વધારાના અંકો : શ્રાવણ '૮૬, વૈશાખ, '૮૮, કારતક-માગશર-પોષ મહા-૧૯૯૨, પોષ-મહા ૧૯૩૩, પોષ ૧૯૯૪ તથા માર્ચ-મે-જૂન-જુલાઈ-ઑક્ટો. ૧૯૩૯ છે. જેઓને આમાંના કોઈની જરૂર હોય તે લખે.

હજુ મારે જોઈએ છે : અં. ૧૫૯ ફાગણ '૯૩-અં. ૧૮૦ માર્ચ. ૯૫, અંક ૧૮૨ ફેબ્રુ. '૩૯, અંક ૨૫૮ જૂન '૪૫, અંક ૨૮૦ એપ્રિલ '૪૭ ને અંક ૨૯૬ ઑગસ્ટ ૪૮, અને ૧૯૪૧ના બારેમાસના બધા અંકો. કોઈ પાસે હોય તો કિંમત સાથે મને જણાવે: હસમુખભાઈ દવે, ૪ વિજય પ્લૉટ. 'પુષ્પદલ', રાજકોટ ૩૬૦ ૦૦૨.

રાજ્યનાં ગામોની કાયાપલટ માટે સ્પષ્ટ દષ્ટિકોણ સાથે સરકાર આગળ વધી રહી છે. આ છે જનતા સરકારના ગ્રામાભિમુખ આયોજનના આધાર સ્થંભો :

- ખેતીની સમૃદ્ધિ દ્વારા ગ્રામ–અર્થતંત્રનો વિકાસ.
- નાના ખેડૂતો અને ખેતમજૂરોના તેમજ તેમની ખેતીના ઉત્કર્ષ માટે વિશેષ ઝોક.
- અનાવૃષ્ટિપાત્ર વિસ્તારો માટે ખાસ કાર્યક્રમનું આયોજન.
- સિંચાઈ અને વીજળી વિકાસને પ્રાધાન્ય. વર્ષે ૧૨૦૦ ગામો અને ૨૦,૦૦૦ કૂવાઓનું વીજળીકરણ.
- પીવાના પાણીની સગવડ વિનાનાં ગામોમાં પાણીનો પ્રબંધ.
- ગુરૂત્તમ ઉત્પાદન, સપ્રમાણ વહેંચણી અને વધુ ને વધુ રોજગારી.
- શિક્ષણ. આરોગ્ય જેવી સામાજિક સેવાઓનું વિસ્તરણ.
- આદિમજાતિ અને પછાત વર્ગોના ઉત્કર્ષ માટે વિશિષ્ટ અભિગમ.
- જનતાના સહયોગ સાથે પંચાયતી રાજ દ્વારા લોક–પ્રવૃત્તિઓનું સંચાલન.

ગાંધીવાદી માર્ગે ગુજરાત

ગ્રામાભિમુખ આયોજન

